

# અધ્યાત્મના આટાપાટા

રોહિત શાહ

APRIL–14, 2016

eBook : Adhyaatmanaa Aataapaataa :

(A collection of Essays) By Shri Rohit Shah

© લેખકના

Subject to AMDAVAD (KARNAVATI) Jurisdiction

ઈ.બુક મુલ્ય : મફ્ફત લહાણી

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.–396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ: govindmaru@gmail.com

●માર્ગદર્શન અને પ્રુફવાચન●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

'મણી મારુ' પ્રકાશન વતી : ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'

સેલફોન: 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ



પ્રીય મીત્ર રશ્મિન જાની

(એડ્વોકેટ ગુજરાત હાઈકોર્ટ)

ને...

એમના સાંનીધ્યમાં જેટલી ક્ષણો વીતે એટલી ક્ષણો
એનર્જીના એવરેસ્ટ પાસે વીતાવી હોય એવું લાગે...

# લીસન મી, પ્લીઝ...

આજનું અધ્યાત્મ મારે મન માત્ર ડીંડવાણું છે. ડરપોક માણસને એ ડરાવે છે. અન્ધશ્રદ્ધાળુને ગુમરાહ કરે છે. ભોળા આદમી માટે જાતજાતના ભ્રમ પેદા કરે છે. **નરક**નો ભય બતાવનારું અને **સ્વર્ગ**ની લાલચ જગાડનારું એ ષડ્યંત્ર છે તથાકથીત ધર્મ–અધ્યાત્મ પાછળ શ્રદ્ધાળુ માનવી સદીઓથી પોતાનાં સમય, સમ્પત્તી, સ્વમાન, સમજણ સર્વસ્વ વેડફતો રહ્યો છે. વર્તમાનમાં જીવવાનું છોડીને ભોળો માણસ ધર્મના નામે કાં તો ગયા ભવનાં કર્મોની ગલીઓમાં ભટકે છે કાં તો આવતાં ભવનાં મોક્ષના ખ્વાબોમાં લટકે છે.

પોતાની લાઈફ એન્જોયમેન્ટ માટે વાપરવી કે પછી પનીશમેંન્ટ રુપે વેડફી મારવી એનો નીર્ણય કરવાની સત્તા આપણા જ હાથમાં છે. લેકીન આ રહસ્ય સમજવામાં કેટલાકને આખો ભવ ઓછો પડે છે. અણગમતી બાબત અને અણગમતી વ્યક્તીથી દુર રહેવાની કલા એ લાઈફનું સાચું અધ્યાત્મ છે. ગમતી બાબતોને વળગી રહેવાની જીદ કેળવી શકાય તો પછી નરક જખ મારે છે.

છેલ્લાં પાંચ–સાત વર્ષ દરમીયાન પુસ્તકરુપે અથવા વીવીધ અખબારો–મેગેઝીનોમાં પ્રકાશીત મારા અનેક લેખમાંથી ગોવીન્દભાઈ મારુએ પસન્દ કરેલા પચ્ચીસ લેખોની આ ઈ.બુક છે. આ તમામ લેખો એમણે સમયે–સમયે એમના બ્લોગ ‘અભીવ્યક્તી’ પર મુકેલા હોવાથી એના અગણીત પ્રતીભાવો મારા સુધી પહોંચી ચુક્યા છે. **થેંક્સ**, ગોવીન્દભાઈ... **થેંક્સ**, ‘અભીવ્યક્તી’ બ્લોગના પ્રતીભાવકમીત્રો...

'ઉંઝાજોડણી' મને માન્ય નથી; છતાં ગોવીન્દભાઈ મારુના 'ઉંઝાજોડણી' માટેના પક્ષપાતનો અનાદર ન થાય એ કારણે, મારી આ ઈ.બુક ફર્સ્ટ ટાઈમ 'ઉંઝાજોડણી'માં ભલે પ્રગટ થતી...

બીજા લોકોના વીચારસ્વાતંત્ર્યનું રીસ્પેક્ટ જાળવીને પોતાના અંગત વીચારો પીરસવાની મજા જ કંઈ ઑર છે. સમાજને નવા અને પ્રગતીકારક વીચારો આપવા એ લેખક–પત્રકારનો ધર્મ પણ છે અને હક પણ છે. મારા વીચારો સાથે સમ્મત કે અસમ્મત થવાની જવાબદારી વાચકની પોતાની જ રહે છે. આ ઈ.બુકમાં પ્રકાશીત મારા લેખો બાબતે તમારી અસમ્મતીનીયે પ્રતીક્ષા કરીશ. નાસ્તીક માણસને નફ્ફટ કે બંધીયાર મનના થવાનું કેમ પરવડે?



**રોહીત શાહ,**

'એકાન્ત' ડી–11, રમણકળા એપાર્ટમેન્ટ્સ

સંઘવી સ્કુલ પાસે, નારણપુરા, અમદાવાદ–380 013

**ફોન :** (079) 2747 3207

**ઈ–મેઈલ :** rohitshah.writer@gmail.com

# પ્રકાશકીય

માનવજીવનને ખોટી પરમ્પરા, નીરર્થક કર્મકાંડોના બન્ધનમાંથી મુક્તી અપાવવા કે સમાજને ભરડો દઈને વ્યાપેલી અન્ધશ્રદ્ધામાંથી છુટકારો અપાવવા અમે છેલ્લાં સાડા સાત વરસથી **જીવનકાર્ય** તરીકે **મીશનભાવે** 'અભીવ્યક્તી' બ્લોગ થકી રૅશનલ વીચારોનો મુલ્યવાન પ્રચાર કરતા આવ્યા છીએ. આ રૅશનલ વીચારયાત્રામાં 40થીયે વધુ લેખકોના 400થી વધુ રૅશનલ લેખો 'અભીવ્યક્તી' બ્લોગ પર પ્રગટ કરવામાં આવ્યા છે.

વર્તમાન ઈલૅક્ટ્રૉનીક યુગની બોલબાલાને ધ્યાનમાં રાખીને નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સ (**વીજાણુ પુસ્તકો**)નું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારાં પ્રકાશનો માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક(મફ્ફતમાં) મળતાં રહે તેવો અમારો પ્રયાસ છે. અમે આ અગાઉ નીચે મુજબની સાત ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 ( પાનાં : 113; મુલ્ય : મફ્ત)

2. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 ( પાનાં : 108 ; મુલ્ય : મફ્ત)

3. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 ( પાનાં : 127; મુલ્ય : મફ્ત)

4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – ‘વીવેક–વલ્લભ’ ( પાનાં : 190; મુલ્ય : મફત)

5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલ ચીન્તનાત્મક લેખોમાંથી સારવેલા 206 રૅશનલ મુદ્દાઓ/અંશોનો ગ્રંથ (ઈ.બુક) – ‘વીવેકવીજય’ ( પાનાં : 131; મુલ્ય : મફત)

6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 52; મુલ્ય : મફત)

7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ ( પાનાં : 51; મુલ્ય : મફત)

નવી મુમ્બઈ ખાતે અમારે દોઢેક વરસ રહેવાનું થયું. ત્યારે મુમ્બઈનું પ્રતીષ્ઠીત ગુજરાતી દૈનીક ‘મીડ–ડે’માં શ્રી. રોહીત શાહની અત્યન્ત લોકપ્રીય કૉલમો ‘મન્ડે-મન્થન’, ‘બુધવારની બલીહારી’, ‘ફ્રાઈડે-ફલક’ અને ‘નો–પ્રૉબ્લેમ’ (શનીવારે) ધુમ મચાવતી.. તે સીવાય દેશ–વીદેશોનાં અનેક છાપાં–સામયીકોમાં પ્રગટ થઈ ચુકેલા રોહીતભાઈ શાહના લેખોનાં નમુનેદાર 10 પુસ્તકો પણ વાંચવાનો ત્યારે અવસર સાંપડ્યો. તેમની કલમમાં કૌવત છે, ચીન્તનમાં તાજગી અને નાવીન્ય છે, રજુઆતમાં નીખાલસતા છે અને તેમની કલમની મર્દાનગીથી પ્રભાવીત થઈ, તેમના લેખ ‘અભીવ્યક્તી’ પર 28 માર્ચ, 2013થી મુકવાનું શરુ કર્યું. આજપર્યન્ત તેમના લેખો અમારા બ્લૉગનું ઉત્તમ ઘરેણું બની રહ્યા છે... આ લેખોમાંથી ‘મણી મારુ પ્રકાશન’ની ઈ.બુક્સનો

**આઠમો મણકો** – **‘અધ્યાત્મના આટાપાટા’**ને નામે આજે પ્રકાશીત કરતાં અમે આનન્દ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

લેખકમીત્ર શ્રી. રોહીતભાઈ શાહને એક જ ‘ઈ’–‘ઉ’વાળી ‘ઉંઝાજોડણી’ માન્ય નથી; છતાં ‘ઉંઝાજોડણી’માં **‘અભીવ્યક્તી’** બ્લોગ પર લેખો મુકવા અને તે લેખોની ઈ.બુક **‘અધ્યાત્મના આટાપાટા’** પ્રગટ કરવાની અનુમતી આપવા માટે રોહીતભાઈનો અંતરમનથી **હાર્દીક આભાર...**

**‘અભીવ્યક્તી’** બ્લોગના સર્વ લેખકમીત્રો, વાચકમીત્રો, **‘અક્ષરનાદ’** વેબસાઈટ : http://aksharnaad.com/downloads અને **‘લેક્સિકોન’** વેબસાઈટ : http://www.gujaratilexicon.com/ebooks/ પર ‘ઈ.બુક્સ’ અને ‘ઈ.પબ’ ડાઉનલોડ કરવાની સગવડનો લાભ આપવા બદલ બન્ને વેબસાઈટ્સના સંચાલકશ્રીઓ, પોતાના બ્લોગ પર **‘અભીવ્યક્તી’** બ્લોગના લેખોનું ‘રીબ્લોગીંગ’ કરનારા બ્લોગરમીત્રો, સોશ્યલ મીડીયા પર **‘અભીવ્યક્તી’** બ્લોગના લેખની પોસ્ટ શૅર કરનાર મીત્રો તરફથી મળેલ સાથ–સહકાર બદલ સર્વને **‘હૃદયથી નમસ્કાર’**...

નીવૃત્ત ભાષા શીક્ષક, નીવડેલ કેળવણીકાર અને ‘ઉંઝાજોડણી’ના પ્રખર હીમાયતી મુરબ્બી શ્રી. ઉત્તમભાઈ ગજ્જર શરુઆતથી લઈ આજપર્યંત મારા ફ્રેન્ડ, ફીલોસોફર અને ગાઈડ બની **‘અભીવ્યક્તી’** સીદ્ધીનાં ઉચ્ચ શીખરો સર કરે તે માટે તેઓ સતત ફોન દ્વારા મને પ્રેરણાપીયુષ પાતા રહ્યા છે. પ્રુફવાચન જેવી કપરી જવાબદારી સ્વેચ્છાએ તેમણે સ્વીકારી તે બદલ વડીલ ઉત્તમ + મધુકાન્તા ગજ્જરનો અંતઃકરણપુર્વક ૠણ સ્વીકાર કરું છું.

જો નવા સુજ્ઞ વાચકમીત્રોને રૅશનાલીઝમ પ્રત્યે કંઈક અંશે પ્રેમ ઉત્પન્ન કરવામાં આ ઈ.બુક ઉપયોગી થશે તો અમારી મહેનત સફળ થશે...

ધન્યવાદ..



...ગોવીન્દ અને મણી મારુ...





405, સરગમ એપાર્ટમેન્ટ,
નવસારી કૃષી યુનીવર્સીટીની સામે,
એરુ ચાર રસ્તા, વીજલપોર, નવસારી.
પોષ્ટ : એરુ એગ્રી. કોલેજ – 396450
સેલફોન : 9537 88 00 66
eMail : govindmaru@yahoo.co.in


એપ્રીલ 14, 2016

# અનુક્રમણીકા

‘લેખનું શીર્ષક’ કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના અન્તે લખવામાં આવેલ ‘અનુક્રમણીકા’ શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | લેખ મુકાયા તારીખ | પાન ક્રમાંક |
|---|---|---|---|
| 01 | નાસ્તીક લોકો જ વધુ પુણ્યશાળી ગણાય | 28-03-2013 | 012 |
| 02 | મન્દીરમાં ચોરી થયાના ન્યુઝ મને ગમે છે | 17-05-2013 | 015 |
| 03 | ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી | 28-06-2013 | 018 |
| 04 | સૌથી વધુ છેતરામણા શબ્દો : આશીર્વાદ અને શુભેચ્છા | 27-09-2013 | 021 |
| 05 | મન્દીરની દીવાલ ઉપર થાય તે અમીઝરા, અને ઘરની દીવાલ ઉપર થાય તે ભેજ ! | 22-11-2013 | 026 |
| 06 | તમારા બાળકને સાવ ભગતડું ન બનાવશો | 03-01-2014 | 029 |
| 07 | સતી હોવું એટલે સુખી થવાના પોતાના અધીકારમાંથી રાજીનામું જ આપી દેવું | 28-02-2014 | 033 |
| 08 | ‘વાસ્તુ’શાસ્ત્ર કરતાં ‘વસ્તુ’શાસ્ત્ર વધુ મહત્ત્વનું છે ! | 11-04-2014 | 038 |
| 09 | વૃક્ષો કઈ રીતે ઈશ્વર કરતાં મહાન છે ? | 06-06-2014 | 041 |
| 10 | ગુરૂપુર્ણીમા એટલે ? ગુરૂની ભક્તી નહીં; પણ તેની કસોટી કરવાનું પર્વ | 18-07-2014 | 044 |
| 11 | તમે શું માનો છો : ઈશ્વર હશે કે નહીં હોય ? | 14-08-2014 | 049 |
| 12 | હીપ્નોટીઝમ દ્વારા આપણને બેવકુફ બનાવનારા લોકોની બહુ મોટી ફોજ છે | 07-11-2014 | 054 |
| 13 | સાવધાન! હમારે ગુરુજી ગહન સમાધી મેં હૈં... | 16-01-2015 | 059 |
| 14 | ધર્મ મનુષ્ય માટે હીમ્મત બનવો જોઈએ; ડર નહીં | 27-02-2015 | 062 |
| 15 | ચમત્કાર તો તમે પણ કરી જ શકો છો ! | 24-04-2015 | 066 |
| 16 | બાળદીક્ષા એટલે બળાત્કાર | 15-05-2015 | 069 |

| | | | |
|---|---|---|---|
| 17 | પ્રત્યેક ગુરુમન્દીર મોહનું સ્મારક છે | 19-06-2015 | 076 |
| 18 | શરીરને કષ્ટ આપવું એ ધર્મ નથી; શરીરનાં કષ્ટો ટાળવાં એ ધર્મ છે | 24-07-2015 | 079 |
| 19 | તમારાં સન્તાનોનું ફ્યુચર જાણવામાં રસ છે તમને ? | 21-08-2015 | 083 |
| 20 | પીતાની મીલકતમાંથી હક માગતી દીકરીને, બાપનું કરજ ચુકવવામાં હક માગવાનું શું કામ નથી સુઝતું ? | 18-09-2015 | 087 |
| 21 | જશોદા તો બાળકનૈયાની | 16-10-2015 | 092 |
| 22 | શુભ–અશુભ શુકનમાં માનનારા લોકો, જીવનમાં કશી ધાડ મારી શકતા નથી | 20-11-2015 | 097 |
| 23 | જે પગ આપણને મન્દીર સુધી પહોંચાડતા હોય, એને અપવીત્ર કેમ કહી શકાય ? | 11-12-2015 | 101 |
| 24 | ભુત–પ્રેત વીશેની ભ્રાન્તીઓ છોડીએ | 22-01-2016 | 106 |
| 25 | ...તો એ ધર્મના ખોળામાંથી તરત ઉભા થઈ જજો | 04-03-2016 | 109 |


♦

**01-2013-08-28**

## નાસ્તીક લોકો જ વધુ પુણ્યશાળી ગણાય

એક વાત તો તમારે માનવી જ પડશે બૉસ, કે આ જગતને નાસ્તીક લોકો કરતાં આસ્તીક લોકો વધારે ત્રાસ આપે છે – વધુ નુકસાન કરાવે છે.

પહેલી વાત તો એ કે નાસ્તીક લોકો ધર્મના નામે ઝનુની–આક્રમક નથી બનતા. ઈશ્વર–અલ્લાહના નામે પરસ્પરની હીંસા નથી કરતા. નાસ્તીક લોકો પરસ્પરનાં ધર્મસ્થાનકો તોડી પાડવા નથી જતા કે તેઓ કદીયે અન્ય ધર્મના લોકોનું ઈન્સલ્ટ/ અપમાન કે અનાદર નથી કરતા. એ બધું તો આસ્તીક લોકોને જ પરવડે. અહીંસા અને ભાઈચારાનો ઉપદેશ ચરક્યા કરતા અને કહેવાતા ધર્મગુરુઓ સ્વયં પંથભેદ–સંપ્રદાયભેદ પેદા કરીને વૈમનસ્યના અગ્નીમાં નફરતનું ઈંધણ પુરતા રહે છે. જો સૌ સંપીને રહેવા માંડે, સૌ પરસ્પરને સહયોગ આપીને સ્નેહસભર વ્યવહાર કરવા માંડે તો ધર્મગુરુઓની પછી કશી જરુર જ ન રહેને. ધર્મગુરુઓ પોતાનું અસ્તીત્વ ટકાવી રાખવા અને પોતાનો પ્રભાવ પુરવાર કરવા ભક્તોને ભરમાવે છે – ભટકાવે છે. મારું સ્પષ્ટ મન્તવ્ય છે કે જો ધર્મગુરુઓ ન હોય તો સંસારમાં ધર્મના નામે થતા અત્યાચારો, ભેદભાવો અને ટકરામણો સદન્તર બન્ધ થઈ જાય.

નાસ્તીક લોકો કદી બીજાને નડતા નથી એ વાતનો વધારે એક પુરાવો એ પણ છે કે વહેલી સવારે કે મોડી રાત સુધી લાઉડસ્પીકર દ્વારા ભજનો–ભક્તીગીતોની ઉલટીઓ કરીને તેઓ કોઈને પજવતા નથી. આસ્તીક લોકો કદીયે એટલું નથી સમજતા કે સાચી ભક્તી તો હૃદયમાં અને મનમાં જ

થાય. લાઉડસ્પીકરમાં તો માત્ર પ્રદર્શન થાય, માત્ર દમ્ભ અને દેખાડો થાય. આપણને ભક્તીનું ભુત વળગ્યું છે એની જાહેરમાં અભીવ્યક્તી કરવા માટે લાઉડસ્પીકર જરુરી ખરી, ખાસ પ્રકારની વેશભુષા, માળાઓ અને ટીલા–ટપકાં પણ જરુરી છે. બાકી શુદ્ધ હૈયે હરીસ્મરણ જ કરવું હોય તો આ બધાં તુત કરવાની શી આવશ્યકતા છે ? તમે જોજો, જ્યાં ભજન અને ભક્તીના ઉભરાનાં ભવ્યાતીભવ્ય ભપકા-પ્રદર્શનો થતાં હશે ત્યાં ઘોંઘાટ અને અશાન્તી અને ધક્કામુક્કી વ્યાપક જ હશે. આપણને જે રસ્તો અહીં પણ શાન્તી અને સલામતી નથી આપતો એ રસ્તો આપણો પરલોક સુધારી નાખશે એવી ભ્રાન્તીમાં જે ભોટને આળોટવું હોય તે ભલે આળોટે. આવા છીછરા લોકોને ભક્તીના નામનો એવો નશો ચઢેલો હોય છે કે, તમે જો તેમના જેવું બીહેવીયર ન કરો તો તમે અજ્ઞાની અને પાપીમાં ખપી જાવ. તમે પ્રસાદ લેવાની ના પાડો, તમે ખાસ પ્રકારના ક્રીયાકાંડ ન કરો તો તેમના ઈશ્વરનું એમાં ઈન્સલ્ટ/ અપમાન થઈ જાય. તે લોકો ગળાં ફાડી–ફાડીને આપણને ઉંઘવા ન દે તો તેમનો ઈશ્વર કેમ ક્રોધીત નહીં થતો હોય ?

ઘણા લોકો એવું માને છે કે લાઉડસ્પીકરમાં ભક્તી કરવાથી ઘણા લોકોના કાન સુધી ભગવાનનું નામ પહોંચાડવાનું પુણ્ય મળે છે. અલ્યા મુરખ, પહેલી વાત તો એ છે કે કોઈને પરાણે કોઈ કામ કરવા મજબુર કરીએ તો એ બળાત્કાર કહેવાય. એ પાપકૃત્ય કહેવાય. કોઈ વ્યભીચારી વ્યક્તી એમ કહે કે હું ફલાણી વ્યક્તીને માતા બનાવવાના હેતુથી તેની સાથે પરાણે સેક્સ કરીશ, તો શું એ વાજબી ગણાશે ? માતા બનવું એ સ્ત્રીનું પુર્ણત્વ છે, સદ્‌ભાગ્ય છે... પણ એ કંઈ બળાત્કારથી તો ન બનાવાયને ! વળી તમે જે સ્થળેથી લાઉડસ્પીકરમાં તમારી ભક્તી ઉલેચી રહ્યા છો એ સ્થળની આસપાસમાં અન્ય ધર્મ–સમ્પ્રદાયના લોકો વસે છે તો તેમને તમારા ભગવાનમાં શેનો રસ

પડે ? તેમની પાસે તેમના આગવા ભગવાન છે, તેમનાં આગવાં દેવ–દેવીઓ છે.

નાસ્તીક લોકો મને હમ્મેશાં વધારે ગમે છે એનું એક કારણ એ પણ છે કે નાસ્તીક માણસ કદી બીજા આસ્તીક માણસને નાસ્તીક બનાવવા નથી ઝંખતો. આસ્તીક માણસો ધર્મના સેલ્સમેન જેવા બની જાય છે અને ધર્મગુરુઓ મોક્ષ–વૈકુંઠના એજન્ટો બની જાય છે. નાસ્તીક લોકો રસ્તા વચ્ચે મન્દીર–મસ્જીદ ઉભાં કરીને ટ્રાફીકને કનડતા નથી. નાસ્તીક લોકો ગાયોને રસ્તા વચ્ચે રખડવા દઈને એમને ઘાસ ખવડાવવાનું પુણ્ય કમાવા દોડી જતા નથી. નાસ્તીક લોકો પોતે કદી કોઈ કષ્ટ વેઠવા રઘવાયા નથી થતા અને કદી કોઈને કષ્ટ વેઠવાના માર્ગે નથી દોરી જતા. ઉઘાડા પગે ચાલવાથી જ મોક્ષ મળી જતો હોય તો માણસ સીવાયનાં તમામ પશુઓ ઉઘાડા પગે જ ચાલે છે ને ! પશુઓ કદી વાહનનો ઉપયોગ નથી કરતાં. નથી કશો પરીગ્રહ કરતાં. ઠેર–ઠેર ફરીને જાતમહેનત કરીને જે ગોચરી મળે એ ખાય છે.

પશુઓ પૈસાની પળોજણ નથી કરતાં. અણીશુદ્ધ પ્રાકૃતીક જીવન જીવે છે. નાસ્તીકોની અનેક ખુબીઓ તમને સમજાય તો **નો-પ્રૉબ્લેમ... !**

♦

અનુક્રમણીકા

## 02-2013-05-17

# મન્દીરમાં ચોરી થયાના ન્યુઝ મને ગમે છે

મને ડાઉટ છે કે આ વાત સાંભળ્યા પછી તમને મારા માટે અણગમો થશે, મારા વીચારો પ્રત્યે તમને નારાજગી થશે. કદાચ તમને મારા પ્રત્યે નફરત પણ થઈ જાય ! છતાં મારે વીનમ્ર નીખાલસતાથી કહેવું છે કે જ્યારે હું કોઈ મન્દીરમાં ચોરી થયાના સમાચાર સાંભળું છું કે કોઈ સન્ત–સાધુના કૌભાંડોનો ટેટો ફુટતો સાંભળું છું ત્યારે ભીતરથી ખુબ રાજી રાજી થઈ ઉઠું છું. **'સારું થયું'** એવું ફીલ કરું છું.

મન્દીર પ્રત્યે અશ્રદ્ધા પેદા થવા માટે આપણું નાસ્તીકપણું જવાબદાર નથી હોતું; પણ આસ્તીકોની અન્ધશ્રદ્ધાનો અતીરેક જવાબદાર હોય છે. દુધ વગર ટળવળતું ગરીબ બાળક જોયા પછી આપણને છપ્પન ભોગ અને નૈવેદ્ય પ્રત્યે અશ્રદ્ધા પેદા ન થાય તો આપણી સમજણને સંકોરવાની જરુર છે એમ સમજવું પડે. ટાઢમાં ધ્રુજી રહેલા કોઈ દરીદ્ર વૃદ્ધની કાયા પર એક કામળો પણ ન હોય અને બીજી તરફ પથ્થરની પ્રતીમા સોના–ચાંદી, હીરા–માણેકના આભુષણોથી સજાવાતી હોય ત્યારે આપણું હૈયું કચવાટ ન અનુભવે તો આપણે સમ્વેદનશુન્ય થઈ ગયા છીએ એમ માનવું પડે.

આસ્તીકોને મારે એટલું જ પુછવું છે કે શું તમે જાણો છો કે ઈશ્વર જેવું કોઈ તત્ત્વ હોય તો એ કોને મળે અને ક્યારે મળે ?

ઈશ્વર હમ્મેશાં શબરી અને સુદામા પાસે સામે ચાલીને જાય છે. એ કદી શ્રીમંતોના ઘરે નથી જતો.

ઈશ્વર એઠાં બોર અને તાંદુલથી રાજી થાય છે એને છપ્પનભોગની કશી જ જરુર નથી.

મહાભારતના સંગ્રામ પહેલાં શ્રીકૃષ્ણ વીષ્ટી માટે હસ્તીનાપુર ગયેલા ત્યારે એ કૌરવો સાથે રાજમહેલમાં નહોતા રહ્યા, વીદુરજીના ઘરે રહેલા અને ખીચડી ખાઈને રાજી થયેલા. મહાવીર પણ ચંદનબાળાને ઉગારે છે અને બુદ્ધ પણ ગણીકા વાસવદત્તાને તારે છે.

ઈશ્વર કદી શ્રીમન્તોની ફેવર કરતો જોવા મળ્યો નથી. જો ઈશ્વરને મોંઘા ચઢાવા ગમતા હોત, સોના–ચાંદીનાં આભુષણો–આંગીઓ ગમતાં હોત તો એ શ્રીમન્ત માણસોની ફેવર તરફેણ કરતો હોત. ભગવાન મહાવીર જ્યારે તપશ્ચર્યા કરવા માટે વનમાં ગયા ત્યારે કેટલાક ભોળા–ઉત્સાહી લોકોએ એમના માટે ઘાસની કુટીયા બનાવી દીધી હતી. ટાઢ–તાપ અને વરસાદમાં એમને તકલીફ ન પડે એની ચીંતા ભોળા ભક્તો કરતા હતા; પરંતુ ત્યાં ચરતી–ફરતી ગાયો આવીને કુટીયાનું ઘાસ ખાવા લાગી એ જોઈને લોકોએ મહાવીરને કહેલું ધ્યાનમગ્ન ભલે બનો; પરંતુ આ કુટીયાનું ધ્યાન રાખવાનું ન ભુલો. ત્યારે મહાવીરે કહેલું કે, ‘જ્યારે મને મારી આ કાયાનું જ ધ્યાન નથી; ત્યાં કુટીયાનું ધ્યાન શી રીતે રાખું ?’

આપણાં દીમાગ ચસકી ગયાં છે કે આપણે આરસપહાણનાં મન્દીરો બનાવીએ છીએ. ઈશ્વરને તો ઘાસની કુટીયાનોય ખપ નથી ! મન્દીરનો પરીગ્રહ ભલે ચોરને કામ આવતો !

એક મજબુર ઓરત બસો–પાંચસો રુપીયા માટે પોતાના ચારીત્ર્યનો સોદો કરતી હોય એવી ક્ષણે કયા ભગવાનને બાવન ગજની ધજાના ઓરતા હોય ? નક્કી, આપણને કોઈકે અવળા રવાડે ચઢાવ્યા છે. ઈશ્વરને વળી એવી શી ગરજ હોય કે એ તમારી પાસે પુનમો ભરાવે અને પ્રસાદના થાળ ચઢાવરાવે ? કોઈક ખોટી એજન્સીએ આપણને ગુમરાહ કર્યા છે.

થોડાં વર્ષ પહેલાં એક સાધ્વીજીએ વૈરાગ્ય છોડીને સંસારમાં પાછા વળવાનો નીર્ધાર કરેલો. તેમણે એ નીર્ણય સાકાર કર્યો ત્યારે મેં ‘સંસારમાં તમારું સ્વાગત કરું છું’ એવા શીર્ષકથી એક લેખ લખેલો. ઘણા લોકોએ મારા એ લેખ પ્રત્યે નારાજગી બતાવેલી; પણ એના કરતાં વધારે લોકોએ મારી વાતમાં પોતાનો સુર પુરાવ્યો હતો. સાધુવેશમાં રહીને ખાનગીમાં દુરાચર કરવા કરતાં; સાધુવેશ છોડી દેવામાં એના પ્રત્યેનો વીશેષ આદર પ્રગટ થાય છે. સાધુઓના હાથે લખાયેલા પ્રેમપત્રો મેં સગી આંખે વાંચ્યા છે. એ સાધુ અત્યારે મુમ્બઈમાં રહીને ઠેર–ઠેર પોતાની લોભામણી વાણીથી પોતાના ભક્તોને ધર્મના નામે છેતરી રહ્યા છે. એની પાસે ચમત્કારની કથાઓ અને મંત્રતંત્રના ધતીંગો છે.

સાધુને બગાડવામાં સંસારીઓ જ જવાબદાર છે. શા માટે આપણે વેવલા થઈને તેમને બીનજરુરી ચીજો અર્પણ કરી આવીએ છીએ ? શા માટે આપણે તેમના આશીર્વાદ લેવા અને વાહીયાત ઉપદેશો સાંભળવા લાઈનમાં ખડા રહી જઈએ છીએ? વાસક્ષેપ અને ભભુતી કે કંકુની ચપટીઓ પાછળ આપણે આપણું પ્રજ્ઞાતંત્ર કેમ સ્થીર કરી દઈએ છીએ ? જે સાધુ જેટલો મોટો આડંબર કરે એને આપણે બહુ મોટા બાપજી કેમ સમજીએ છીએ ? આપણી ભોળી ભક્તી સાધુને એના ત્યાગનો રાહ ભુલાવડાવે છે અને આપણને એ પાપના અધીકારી બનાવે છે. ભક્તી અને સેવા–વૈયાવચના નામે આપણે અજાણતાં જ કેવાં ઘોર પાપ તરફ ધકેલાઈ રહ્યા છે એ સમજાય તો તો **નો પ્રોબ્લેમ...**

♦

[અનુક્રમણીકા]

## 03-2013-06-28

# ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી

આજે એક વ્યવહારુ સત્ય તમારા કાનમાં કહેવું છે. એ સત્ય આ છે : ઈશ્વર અને ધર્મને કશી લેવાદેવા નથી. ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી. ઈશ્વર વગર ચાલે, ધર્મ વગર ન ચાલે. આપણે ધર્મને વળગવાને બદલે ઈશ્વરની પાછળ ખોટેખોટા પડી ગયા છીએ. ઈશ્વરની પાછળ દોડવાથી ધર્મ ન પણ મળે; પરન્તુ ધર્મને વળગી રહેવાથી ઈશ્વર (જો હોય તો) મળ્યા વગર નહીં જ રહે, ગૅરન્ટી.

એક શ્રીમન્ત માણસ નાસ્તીક હતો. તેણે કદીયે મન્દીર–દેરાસરમાં પગ નહોતો મુક્યો. ઈશ્વર હોય તો તે તેની સ્તુતીઓ સાંભળીને રાજી થાય અને ભક્તને વરદાનો આપવા પહોંચી જાય એ વાત તેના દીમાગમાં નહોતી બેસતી. ઈશ્વરને પોતાની સ્તુતીઓ, નામસ્મરણ અને મન્ત્રજાપ કરાવવામાં વળી શાનો રસ હોય ? આ શ્રીમન્ત માણસ ઈશ્વરના નામે કદી એક પૈસો પણ નહોતો ખર્ચતો.

એક વખત તેને ઍક્સીડન્ટ થયો. તેના બન્ને પગે ફ્રૅક્ચર થયાં. (સોર્સ : http://jaipurfoot.org/who_we_are/our_history.html ) દોઢથી બે મહીના સુધી કમ્પ્લીટ બેડ–રેસ્ટ કરવાની ડૉક્ટરે તાકીદ કરી. આખો દીવસ ઘરમાં જ પુરાઈ રહેવાની પનીશમેન્ટ થઈ હોય એવું તેને લાગ્યું. ઘરમાં મનોરંજનની ભરપુર સગવડો હતી. સેવા માટે નોકર–ચાકરો ઘણા હતા. છતાં તે માણસ થોડા વખતમાં જ અકળાઈ ઉઠ્યો. એક રાત્રે તેના મનમાં સ્વાભાવીક પ્રશ્ન પેદા થયો કે મારે આટઆટલી સાહ્યબી છે, સુખ–સગવડો છે; છતાં પગના ફ્રૅક્ચરને કારણે મને મારી જીન્દગી બોજારુપ અને ત્રાસદાયક લાગવા માંડી છે; તો જે માણસને જન્મથી જ પગ નથી મળ્યા અથવા પોલીયો જેવી બીમારીમાં જેણે પોતાના પગ પર્મેનન્ટ ગુમાવી દીધા છે તેની પીડા કેવી હશે ? એમાંય જે માણસ ગરીબ હોય તેની ઉપાધીઓનો તો હીસાબ જ શી રીતે થાય ?

અને એ જ ક્ષણે એ માણસે મનમાં ડીસાઈડ કર્યું કે સમગ્ર ભારતમાં શારીરીક રીતે અક્ષમ જેટલાં સ્ત્રી–પુરુષ હશે તેમને હું વીનામુલ્ય કૃત્રીમ પગ આપીશ. એ માટે તેણે પ્રતીજ્ઞા લીધી.

કરુણામાંથી પ્રગટેલો ધર્મ કદી ખતમ નથી થતો.

પેલા શ્રીમન્ત માણસે કૃત્રીમ પગ અને વ્હીલચૅર બનાવવાની ફૅક્ટરી શરૂ કરી. ગામેગામ અને નગરેનગર ફરીને કૅમ્પ યોજ્યા. સ્થાનીક સંસ્થાઓની મદદ લઈને શારીરીક રીતે અક્ષમ હજારો લોકોને હરતાં ફરતાં થવાની શક્ય એટલી સગવડ કરી આપી. (**સોર્સ :** http://jaipurfoot.org/who_we_are/vision_and_mission.html ) તમે જ કહો કે એ શ્રીમન્ત માણસ હવે કોઈ ખાસ તીથી–વારના દીવસે, કોઈ નીશ્ચીત દેવ–દેવીના મન્દીરે, પગપાળા જાય નહીં; તોય તેને શો ફરક પડે ? તે જીવનમાં ક્યારેય પાવાગઢ કે પાલીતાણાના ડુંગર ન ચડે તોય તેનું શું બગડી જાય ?

ઈશ્વરને મળવા માટે આપણે ઉઘાડા પગે દોડાદોડ કરવાની કશી જરુર નથી. આપણે જીવનમાં એવાં કામ કરીએ જેથી જો ઈશ્વર હોય તો એ સ્વયમ્ આપણને ભેટવા ઉઘાડા પગે દોડી આવે.

ગોંડલના રાજા ભગવતસીંહ એક વખત ખરા બપોરે ચાલતા ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી ઉભી હતી. તેણે મહારાજને ઓળખ્યા નહીં; એટલે કહ્યું, ‘ભાઈ, મને આ ઘાસનો ભારો માથે ઉંચકવામાં મદદ કરને!’

ભગવતસીંહે તે વૃદ્ધાને ટેકો કરીને ઘાસનો ભારો ઉંચકાવ્યો. વૃદ્ધાએ ખુબ આભારવશ થઈને કહ્યું, ‘આપણા રાજા જો આ રસ્તે થોડા ‘થાકલા’ કરાવે તો બહુ સારું.’

વૃદ્ધાને ખબર નહોતી કે તે જેની સાથે વાત કરી રહી હતી તે રાજા જ હતા. રાજા માટે ‘થાકલા’ શબ્દ નવો હતો. તેમણે એનો અર્થ પુછ્યો. માજીએ ચાલતાં–ચાલતાં કહ્યું, ‘થાકલા એટલે આમ તો કેડ(કમર) સુધીનો ઉંચો ઓટલો. બે ઉંચી પાળી પર આડો પથ્થર મુકેલો હોય. એના પર ઘાસનો ભારો મુકીને થાક ખાઈ શકાય. નીચેના ભાગમાં છાંયડો પણ

મળે. થાક ખાધા પછી ઓટલા પરથી વજનદાર ભારો જાતે પોતાના માથે ચડાવવાની સગવડ રહે. કોઈ માણસના ટેકા વગર એ કામ થઈ શકે.'

ભગવતસીંહે ગોંડલમાં થોડા–થોડા અંતરે રસ્તા પર એવા 'થાકલા' બનાવડાવ્યા. બોલો, આ રાજા કોઈ મન્દીર કે આશ્રમ ન બનાવે તો તેનું શું ખરાબ થઈ શકે ? ઈશ્વર સ્વયમ્ આવા પુણ્યાત્માઓને ઢુંઢતો હશે.

આપણે ઈશ્વરના નામે અને ભક્તીના બહાને ધર્મને જ ચુકી જતા હોઈએ એવો મને પાકો વહેમ છે. માણસના જીવનને ઉજ્જ્વળ અને પારદર્શક બનાવવા માટે ધર્મનો કોઈ જ વીકલ્પ નથી. જો કે ધર્મને ઈશ્વર સાથે કે સમ્પ્રદાયો સાથે કશી જ લેવાદેવા નથી. ધર્મ કોઈ પણ હોય, એનો એકમાત્ર ઉદ્દેશ એટલો જ હોય છે કે માણસ સારો માણસ બને. ઈશ્વરપ્રાપ્તીની અપેક્ષા પણ ખરી પડે અને મોક્ષની કે સ્વર્ગની લાલચ પણ છુટી જાય; ત્યાર પછી આપણી પાસે જે ઉમદા તત્ત્વ રહે એને હું ધર્મ સમજું છું. એવો ધર્મ આપણને સૌને મળે અને ફળે તો **નો પ્રોબ્લેમ...**

♦

અનુક્રમણીકા

**04-2013-09-27**

# સૌથી વધુ છેતરામણા શબ્દો :
# આશીર્વાદ અને શુભેચ્છા

ગુજરાતી ડીક્શનરીમાં 'આશીર્વાદ' અને 'શુભેચ્છા' આ બે શબ્દો ખુબ–ખુબ છેતરામણા છે. આશીર્વાદ હોય કે શુભેચ્છા– આપનાર કશું પામતો નથી અને લેનારને કંઈ મળતું નથી, તોય બન્ને પક્ષે સન્તોષ અને આનન્દ છવાઈ જાય છે.

લગ્નની મોસમ હોય કે નુતન વર્ષની આબોહવા હોય, ત્યારે ચારે તરફ આશીર્વાદો અને શુભેચ્છાઓની ભરતી આવેલી દેખાય છે. કોઈનો બર્થ–ડે છે તો આપો શુભેચ્છા ! કોઈની એક્ઝામ છે તો ઠાલવી દો આશીર્વાદ! કોઈ લાંબો પ્રવાસ કરવા જાય છે તો પાઠવો તેને શુભેચ્છાઓ ! કોઈ પોતાનો નવો વ્યવસાય કે નવી જ જૉબનો પ્રારમ્ભ કરી રહ્યું છે તો વહાવી દો તેના તરફ આશીર્વાદની ગંગા !

આશીર્વાદ મારે મન લૉલીપોપ જેવા છે અને શુભેચ્છાઓને હું ક્રૉસ્ડ ચેક જેવી સમજું છું. લૉલીપોપ ચગળ્યા કરો ત્યાં સુધી બધું ગળચટ્ટું ને મીઠુંમીઠું લાગે. તમને એમ લાગે કે હવે કંઈક વધારે સારું રીઝલ્ટ મળશે, મારું પેટ ભરાઈ જશે, સ્વાદીષ્ટ વાનગીથી મારી ભુખ તૃપ્ત થઈ જશે. પણ ત્યાં જ લૉલીપૉપ પુરી થઈ જાય. તમારી ભ્રાંતીનો ભુક્કો થઈ જાય. તમે હતા ત્યાં જ ઉભેલા હો અને હતા તેવા જ હો !

શુભેચ્છાઓ રુપી ચેક આપણને મળે એટલામાત્રથી જ કાંઈ આપણી પાસે રકમ આવી જતી નથી. એ માટે સૌ પ્રથમ તો આપણી પાસે બેન્ક એકાઉન્ટ (પાત્રતા) હોવું જોઈએ. પછી આપણને મળેલો ચેક સ્લીપબુકમાં વીગતો ભરીને નીયત સમયમાં બૅન્કમાં જમા કરાવવો પડે (પુરુષાર્થ). પાત્રતા ન હોય અને પુરુષાર્થ કરવાની દાનત ન હોય તો હજારો આશીર્વાદો અને લાખો શુભેચ્છો મળે તોય આપણું કશું કલ્યાણ ન થાય.

અગાઉ કહ્યું તેમ આ બન્ને શબ્દો છેતરામણા છે. આપનારે કશુંય ખોવું પડતું નથી, મેળવનારે કશું ભેગું કરવું કે ઉંચકવું પડતું નથી. કશું જ આપ્યા–લીધા વગર સઘળું આપ્યા–લીધાનો આનન્દ અને સન્તોષ બન્ને પક્ષે જોવા મળે છે.

તમે વીચાર કરો, માત્ર આશીર્વાદથી જ સુખ મળી જતું હોત અને આશીર્વાદથી જ જીવનનો માર્ગ સરળ થઈ જતો હોત તો આજે એકેય દમ્પતી દુ:ખી હોત ખરું ? આજે એકેય સન્તાનને કશી સમસ્યા હોત ખરી ? દરેક લગ્નપ્રસંગે વરકન્યાને વડીલો કેટલા બધા આશીર્વાદથી તરબોળ કરે છે ! જે યુવતીને ‘અખંડ સૌભાગ્યવતી’ના આશીર્વાદ મળ્યા હોય તે જ યુવતીનો પતી હનીમુન વખતે એક્સીડન્ટમાં મૃત્યુ પામે છે, એવું કેમ ? ‘પુત્રવતી ભવ’ના આશીર્વાદ પામેલી યુવતી લાઈફટાઈમ સન્તાન વગરની કેમ રહે છે ? કદાચ તેને સન્તાન થાય તો તે જ સન્તાન તેના માટે સન્તાપ કેમ બની રહે છે ? શું આવા સન્તાપ આપનારાં સન્તાનો માટે તેને ‘પુત્રવતી ભવ’ના આશીર્વાદ આપવામાં આવે છે ? દરેક બર્થ–ડે વખતે, દરેક એક્ઝામ વખતે પેરન્ટ્સ અને વડીલોના આશીર્વાદ મળ્યા પછીય કેમ ધાર્યું સુખદ રીઝલ્ટ નથી મળતું ?

નુતન વર્ષ આવે એટલે જાતજાતની શુભેચ્છાઓ મળે છે. રંગીન અને સુગંધીત–સુશોભીત મોંઘેરા કાડ્ર્ઝ દ્વારા શુભેચ્છાઓને બદલે હવે તે ઈ–મેલ દ્વારા પાઠવવામાં આવે છે. રુબરુ શુભેચ્છાઓનો વાડકી–વ્યવહાર થાય છે. ‘નવું વર્ષ તમને સુખ–સમૃદ્ધી, યશ અને સફળતા આપનારું નીવડે’ એવી હજારો શુભેચ્છાઓ મળ્યા પછીય આપણી લાઈફમાં લેશમાત્ર ફરક પડે છે ખરો ? આપણા સન્તાનો માટે લાઈફ–પાર્ટનરની જરુર છે અને યોગ્ય પાત્ર નથી મળતું. આપણને ઘુંટણનો દુખાવો છે અને પગમાં વાઢીયા પડ્યા છે. હજારો ઉપચારો બેકાર પુરવાર થાય છે. શુભેચ્છાઓ આપવામાં અને મેળવવામાં આપણે ખુબ ઉદાર રહીએ છીએ; છતાં એનો કોઈ નક્કર પ્રભાવ આપણી લાઈફમાં કેમ દેખાતો નથી ?

પછી અન્તે તો મન મનાવવાની વાત કરીએ છીએ. નસીબની વાત કરીને, કર્મફળની વાત કરીને, ગ્રહદશાનું બહાનું કાઢીને આપણે કૉમ્પ્રોમાઈઝ કરી લઈએ છીએ. જો આ બધી બાબતો જ મહત્ત્વની હોય તો પછી શા માટે શુભેચ્છાઓ અને આશીર્વાદની ફૉર્માલીટીઝ પાછળ સમય અને સમ્પત્તીને આપણે વેડફતા રહીએ છીએ ?

એક સાવ સાચી ઘટનાની તમને વાત કરવી છે. એક બહુ સજ્જન જ્યોતીષી હતા. તેઓ ગોરપદુંય સંભાળે. વીધી–વીધાન અને ક્રીયાકાંડ–કર્મકાંડ બધું જાણે. જ્યોતીષશાસ્ત્રનોય ઉંડો અભ્યાસ. સૌને શુભ મુહુર્તો કાઢી આપે. હવે તેમની જ દીકરીના લગ્ન કરવાનાં હતાં. મુરતીયો પસંદ થઈ ગયો હતો. શુભ મુહુર્તો ગોઠવાઈ ગયાં હતાં. રંગેચંગે લગ્ન થયાં. આશીર્વાદો અને શુભેચ્છાઓ ભરપુર વરસ્યાં; પરન્તુ બન્યું એવું કે જ્યોતીષીની દીકરી માત્ર બે–અઢી વર્ષે જ વીધવા થઈ.

આજે તો તે જ્યોતીષી હવે રહ્યા નથી; પણ તેમની વીધવા દીકરી તેના સન્તાન સાથે આજેય જીવી રહી છે. શુભ મુહુર્ત અને આશીર્વાદ–શુભેચ્છાઓ જો ખરેખર ફળતાં હોય તો તે દીકરીને એવું ભરપુર સુખ મળ્યું હોત કે આપણને સૌને તેની ઈર્ષ્યા ઉપજી હોત. એને બદલે તેના પ્રત્યે કરુણા જાગે એવી તેની કરુણ દશા કેમ થઈ ? આવાં નક્કર પરીણામ જોયા પછી પણ આપણે ખોટી ફૉર્માલીટીઝ પાછળ કેમ લાંબા થયા કરીએ છીએ ?

સંસારનો કોઈ ડાહ્યો માણસ પોતાનો રસ્તો ખોટો જ છે એ જાણ્યા પછી આગળ ને આગળ ચાલ્યા કરે ખરો ?

તમે કદાચ માર્ક કર્યું જ હશે કે કોઈ વીદ્યાર્થીને મહત્ત્વની એક્ઝામ આવી રહી હોય ત્યારે સ્વજનો–મીત્રો એને શુભેચ્છાઓ પાઠવવા ઉમટી પડે છે. કાં તો ફોન કરશે, કાં તો ઈ–મેલ કરશે. અરે યાર, જરાક તો વીચાર કરો : તેને એક્ઝામ આપવા જવાનું છે, તેણે તૈયારીઓ કરવાની છે. આવા તબક્કે જો આપણે તેને ડીસ્ટર્બ કરીએ તો આશીર્વાદ પોતે જ અભીશાપ બની જાય ! શુભેચ્છાઓ બદદુવાઓ બની જાય. તેને નીરાંતે તૈયારી કરવા દો. એકાગ્રતા અને ચોકસાઈથી તેને ભણવા દો. સારું રીઝલ્ટ આવે પછી અભીનન્દન આપવા જરુર જજો, પણ શુભેચ્છાઓને બહાને તેને અભ્યાસમાં ડીસ્ટર્બ કરવા ન જશો.

શુકન–અપશુકન, શુભ–અશુભ મુહુર્તો, સારાં–ખરાબ ચોઘડીયાં, શુભ–અશુભ દીવસો, આશીર્વાદ, શુભેચ્છા, અભીશાપ, બદદુવા, મુઠ મારવી, મેલી વીદ્યા કરવી, મન્ત્રતન્ત્રથી સીદ્ધીઓ મેળવી લેવી, કોઈ એક ખાસ દીવસે ખાસ દેવ–દેવીની પત્તર ઠોકવી – આ બધું કરવાથી કાંઈ જ વળતું નથી. બધું સાવ હમ્બગ છે. વાસ્તુશાસ્ત્રની વાહીયાત વાતો પાછળ ઘણા લોકો ખુવાર થઈ

ચુક્યા છે. તે ભોટ–ડફોળ લોકોને એટલુંય ભાન નથી પડતું કે રસોડાનો દરવાજો જુદી દીશામાં કરવાથી રસોઈ સ્વાદીષ્ટ બનતી નથી. સંડાસ–બાથરુમની દીશા મહત્ત્વની નથી; કબજીયાત ન હોવી મહત્ત્વની છે. ફ્રીજ હોય એટલું ઈનફ છે; પછી એ ઘરના કયા ખુણામાં મુકેલું છે એની મહત્તા નથી. આપણી અનુકુળતા જ જોવાની હોય. વહેમ અને અન્ધશ્રદ્ધા તો અનલીમીટેડ કંપનીઓ છે. એના રવાડે ચડ્યા તો ફેંકાયા જ સમજો ! જે છે તેનો સન્તોષ માનો અને વધારે સુખ માટે પ્રામાણીક પુરુષાર્થ કરતા રહો. ફળ ન મળે તોય નીરાશ ન થાઓ. ગ્રહોનું તમે શું બગાડ્યું છે કે એ તમને નડવા આવે ? તમને નડવાથી ગ્રહોને વળી શો ફાયદો ? સ્વસ્થ–તટસ્થ રહો અને જે સંજોગો સહજ મળ્યા હોય એનો સ્વીકાર કરો. **સુખી થશો જ.**

♦

અનુક્રમણીકા

**05-2013-11-22**

## મન્દીરની દીવાલ ઉપર થાય તે અમીઝરા, અને ઘરની દીવાલ ઉપર થાય તે ભેજ !

ચમત્કારને નમસ્કાર કરવાની આપણી ઘેલછા સદીઓ જુની છે. આપણી અન્ધશ્રદ્ધા ઉપર કોઈ વ્યક્તી આંગળી મુકે તો તરત જ આપણે ખળભળી ઉઠીએ છીએ. અજ્ઞાન અને આડંબરની બાદબાકી કરવામાં આવે તો આપણા અધ્યાત્મ–જગતનું અસ્તીત્વ જોખમાઈ જાય. પોતાના અજ્ઞાન પ્રત્યે અહોભાવ ધરાવનારા લોકોને આપણે ભક્તો કહીએ છીએ !

એક મન્દીરનો પુજારી વહેલી પરોઢથી માઈકમાં ભક્તીગીતોની કેસેટ વગાડીને આસપાસના રહીશોની નીદ્રાને ખલેલ પહોંચાડતો રહે છે. એ પોતે અભણ છે, તેથી એને ખબર જ નથી પડતી કે મન્દીરની આજુબાજુ રહેતા વીદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવા માટે કેવી શાન્તી જોઈએ ! ક્યારેક મોડી રાત સુધી ભક્તીના રાગડા તાણનારા લોકોને એટલુંય ભાન નથી રહેતું કે, આસપાસમાં કેટલાક એવા લોકો વસે છે, જેમને વહેલી સવારે નોકરી–વ્યવસાય માટે જવું પડે છે અને તેમને વહેલા સુઈ જવાની જરુર છે. આપણને ભક્તીનો ઉભરો આવે એટલે ગમે ત્યારે, ગમે તેટલા લોકોને ત્રાસ આપવાનો હક્ક મળી જાય ?

ભક્તી કરવાની કોણ ના પાડે છે ? પણ ભક્તો જયારે ભગવાનને બહેરો સમજીને માઈક અને લાઉડસ્પીકર ઉપર વરસી પડે છે ત્યારે એમાં ભક્તી કરતાં પ્રદર્શન વધુ દેખાય છે. કબીરજી તો કહે છે કે કીડીના પગમાં ઝાંઝર પહેરાવીએ અને તેનો જે રણકાર થાય એ રણકાર પણ ઈશ્વર સાંભળી શકે છે. કબીરજીની વાત છોડો, આપણે સ્વયમ્ ઈશ્વરને અંતર્યામી ક્યાં નથી કહેતા ? અંતર્યામી એટલે આપણા ચીત્તમાં–મનમાં જાગેલા વીચારને પણ જાણી લેનાર ! જો ભગવાન આપણા ભીતરની સંવેદનાનેય સ્પર્શવાનું સામર્થ્ય ધરાવતા હોય તો મોટા અવાજે રાગડા તાણવાની શી જરુર છે ?

એક ચોક્કસ સમ્પ્રદાયના એક કહેવાતા ભક્ત પોતાના જ ઘરમાં રોજ સવારે તેમની ખાસ ભક્તી–ગીતોની કેસેટ વગાડવા માંડે છે. એમના આ પરમેનન્ટ ત્રાસથી કંટાળેલા, આસપાસમાં વસતા લોકો હવે એ મહાશયના સમગ્ર સમ્પ્રદાયને જ ધીક્કારવા લાગ્યા છે.

ભક્તી કે આરાધના એવી રીતે થવાં જોઈએ કે જેને કારણે કોઈને ખલેલ ન પહોંચે. આપણે ભલે કોઈ પણ ધર્મ–સંપ્રદાય કે દેવ–દેવીમાં શ્રદ્ધા ધરાવતા હોઈએ; પરન્તુ એનું વરવું પ્રદર્શન તો ના જ કરવું જોઈએ ને !

સામાન્ય રીતે આપણે ત્યાં એવી પરમ્પરા હતી કે મન્દીરો ગામના પાદરે હોય. મોટા ભાગનાં તીર્થો કાં તો જંગલમાં હશે અથવા તો કોઈ પર્વત ઉપર હશે. એનાં બે કારણો હતાં. એક કારણ તો એ કે માણસ જ્યારે ભક્તી કરવા જાય ત્યારે સાંસારીક બાબતો એને ખલેલ ન પહોંચાડે. રહેઠાણની આબોહવા કરતાં કંઈક જુદી આબોહવા મળે તો એની ભક્તી ખીલી ઉઠે. બીજું કારણ એ કે મન્દીરમાં થતાં ઘંટારવ અને આરતી વગેરેને કારણે માણસનું રોજીન્દુ જીવન ડીસ્ટર્બ ન થાય.

હવે ગલીએ–ગલીએ અને મહોલ્લે–મહોલ્લે જાતજાતનાં ધર્મસ્થાનો ઉભાં કરી દેવાય છે. પહેલાં સાવ નાનકડી દેરી હોય, થોડા સમય પછી એનો ઘેરાવો વધતો જાય. દરરોજ હજારો લોકોને અવરજવરમાં તકલીફ પડે તોય સૌ મુંગે મોંએ વેઠતા રહે. એ જ રીતે તીર્થો પણ હવે જંગલ અને પર્વતની ટોચ છોડી દઈને હાઈવે ઉપર ઉતરી આવ્યાં છે. ઘરાકી વધુ રહે ને !

એમાંય જો ક્યાંક ચમત્કારની અફવા ઉડી તો ટોળેટોળાં ઉમટી પડે. કોઈ દહેરાસરમાં અમીઝરા થાય છે; તો કોઈ મન્દીરની દીવાલ ઉપર જાતજાતનાં આધ્યાત્મીક આકારો ઉપસી આવે છે. કોઇ મુર્તી દુધ પી જાય છે; તો કોઈ દેવીનાં ઝાંઝર રણકી ઉઠે છે. અરે ભાઈ, તમે ધારીને જોશો તો તમારા ઘરમાંય ઠેરઠેર અમીઝરા દેખાશે ! ઘરની દીવાલો ઉપર દેખાય તે ભેજ કહેવાય અને મન્દીરની દીવાલો ઉપર દેખાય તે અમીઝરા કહેવાય ? પહાડ ઉપર તો મોટીમોટી શીલાઓમાંથી બારેમાસ ઝરણાં વહેતાં હોય છે, એ જ

પથ્થરમાંથી બનેલી મુર્તી ઉપર પાણીનું એકાદ બુન્દ દેખાય તો લોકો હોબાળો મચાવી મુકે છે !

દેવ–દેવી અને પરમાત્મા શા માટે ચમત્કાર કરે ? એને આપણી પાસેથી શું લઈ લેવું છે ? તમે એને સુખડી કે અન્ય પ્રસાદ રુપી લાંચ આપો તો જ એ તમારું કામ કરે ? શું ઈશ્વરને તમે કોઈ સરકારી ભ્રષ્ટ અધીકારી સમજો છો ?

સદ્ભાવથી ચઢીયાતી કોઈ સ્તુતી નથી, પ્રેમથી ચઢીયાતી કોઈ પ્રાર્થના નથી. પુરુષાર્થથી ચઢીયાતી કોઈ પુજા નથી. નીતી અને નીષ્ઠા જેવું કોઈ નૈવેદ્ય નથી. અંધશ્રદ્ધા અને અજ્ઞાનને થોડીક વાર બાજુએ મુકીએ તો આ વાત સમજવાનું સાવ સરળ છે.

♦

અનુક્રમણીકા

## 06-2014-01-03

# તમારા બાળકને સાવ ભગતડું ન બનાવશો

‘અમારો દીકરો આગમ બહુ ધાર્મીક છે. હજી તો તે માંડ દસ વર્ષનો છે; છતાં કાંદા–લસણ ખાતો નથી, ટી.વી.–ફીલ્મ જોતો નથી, રાત્રે કદી ખાતો–પીતો નથી.’

મમ્મી–પપ્પાની આવી ગૌરવવાણી સાંભળીને આપણો અહોભાવ તેમના દીકરા પર ઠલવાઈ જવા લાગે છે. ધર્મને આપણે સમજવાનો નહીં; અનુકરણનો વીષય બનાવી દીધો છે. કશું જ સમજ્યા વગર એક પરમ્પરાને પકડી લેવી એ ધાર્મીકતા છે શું ?

## પરમ્પરાનાં જાળાં :

ધર્મ શ્રેષ્ઠ બાબત છે એની ના નથી;, કીન્તુ ધર્મ વીશેનું અજ્ઞાન સૌથી ભુંડી બાબત છે. રેડીમેડ ટ્રેડીશનને અનુસરવાથી ધાર્મીક હોવાનું લેબલ લાગી જાય છે. કેટલાંક પેરન્ટ્સને પોતાનાં બાળકને ધાર્મીક બનાવી દેવાનો એટલો બધો રઘવાટ હોય છે કે તેઓ બાળકનું બાળકપણું ઝુંટવી લેતાં હોય છે, બાળકને દરેક પ્રકારના આનન્દથી દુર રાખવાના ઉધામા કરે છે. આ ન ખવાય, આ ન જોવાય, આમ ન કરાય – ન કરવાની યાદીમાં બાળકને ગુંગળાવી દેવામાં આવે છે. નાનું બાળક પોતાની બુદ્ધીપ્રતીભા ડેવલપ કરે અને સામે કોઈ તાર્કીક પ્રશ્નો પુછતું થાય એ પહેલાં જ તેના દીમાગમાં પરમ્પરાનાં જાળાં ગુંથી દેવાય છે. રેડીમેડ ધર્મના ખ્યાલો તેના ફ્રેશ માઈન્ડમાં ઠાંસી–ઠાંસીને ભરી દઈને લૉક કરી દેવામાં આવે છે. બાળક એટલી હદે બંધીયાર અને નૅરો–માઈન્ડેડ બની જાય છે કે તેને ગોખાવી દીધેલી ધાર્મીકતાની બહાર ડોકીયું કરવામાં પણ તે પાપ સમજે છે.

## ધર્મ કે સામ્પ્રદાયીકતા ?

બાળકને ધર્મ સમજાવવો એ જુદી વાત છે અને તેને માત્ર પરમ્પરાઓ પઢાવી દેવી એ જુદી વાત છે. કેટલાંક પેરન્ટ્સ તો પોતાનાં બાળકોને ફાલતું ધાર્મીક શીબીરોમાં મોકલતા હોય છે. આવી શીબીરોમાં ધર્મનું નહીં; સામ્પ્રદાયીકતાનું પ્રભુત્વ હોય છે. સુખ અને આનન્દ ભોગવવાં એ પાપ છે એનું જ રટણ ત્યાં થતું હોય છે. શીબીર ચલાવનાર ગુરુ

બાળકોને ધર્મનું નહીં; એના ખુદના સમ્પ્રદાયનું ગોખણીયું જ્ઞાન પીરસે છે. વાહીયાત વીધીવીધાનો અને ક્રુર ક્રીયાકાંડો કરવા માટે જ જાણે કે મનુષ્ય–અવતાર મળ્યો હોય એવું શીક્ષણ આપવામાં આવે છે. બાળક પરાક્રમી અને પ્રામાણીક, ચારીત્ર્યવાન અને સ્પષ્ટવક્તા બને એ જરુરી છે કે ટીલાં–ટપકાં તાણનારું ભગતડું બને એ જરુરી છે ? ધર્મના નામે સામ્પ્રદાયીકતામાં બાળક ગુંગળાઈ ન જાય એ જોવાની જવાબદારી કોની ?

## સામ્પ્રદાયીક શીબીરો શંકાસ્પદ :

બાળક ગમે તેનાં ચરણોમાં સાષ્ટાંગ કરીને આળોટતું થઈ જાય એટલે તે ધાર્મીક બની ગયું ? ‘જય જીનેન્દ્ર’, ‘જય સ્વામીનારાયણ’, ‘જેશી ક્રષ્ન’, ‘ખુદા હાફીઝ’ બોલવાનું આવડી જાય એટલે બાળક શું ધાર્મીક બની ગયું ? આ બધાં સામ્પ્રદાયીક પ્રતીકો છે. ગળથુથીમાંથી જ જેને સામ્પ્રદાયીકતા પીવડાવવામાં આવતી હોય તે બાળક ભવીષ્યમાં ધર્મને સમજવા જેટલું ઉદાર અને નીખાલસ બની શકે ખરું ? ધર્મ કદી સંકુચીત નથી હોતો અને સામ્પ્રદાયીકતા કદી ઉદાર નથી હોતી. ધર્મ સમભાવ શીખવાડે છે, સહીષ્ણુતા આપે છે; જ્યારે સામ્પ્રદાયીકતા માત્ર સંકુચીતતા આપે છે. એ સંકુચીતતા આગળ જતાં વીસ્તરીને અન્ય ધર્મ–સમ્પ્રદાય પ્રત્યે ધીક્કાર અને ઘૃણા પ્રગટાવે છે. પોતાની જ પરમ્પરાઓ શ્રેષ્ઠ છે અને બીજાઓની પરમ્પરાઓ ખોટી કે નકામી છે એવાં ખોટાં ગણીત બાળકના મનમાં દઢ કરનારી શીબીરો યોજનારા ગુરુઓની દાનત ડાઉટફુલ છે. શીબીરમાં આવેલાં બાળકોમાંથી ભવીષ્યના પોતાના શીષ્યો શોધવાનો પ્રપંચ પણ તેની પાછળ હોય છે !

## બાળકને જીજ્ઞાસુ બનાવો :

વીશ્વ આજે જે રીતે આગળ વધી રહ્યું છે એ જોતાં બાળકને સામ્પ્રદાયીક સીમાડાઓમાં બાંધી રાખવું એ મહાપાપ ગણાશે. બાળકને ગાયત્રીમંત્ર, નવકારમંત્ર કે કુરાનની આયાત નહીં આવડે તો તેનું કશું અટકી પડવાનું નથી; પણ તેને ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં નહીં આવડે તો તે દુ:ખી–દુ:ખી થઈ જશે. બાળકને ગોખણીયું ન બનાવો, જીજ્ઞાસુ બનાવો. તેના દીમાગમાં જાતજાતના પ્રશ્નો ફુટતા રહેવા જોઈએ. બુદ્ધી જે વાત ન સ્વીકારી શકે એનો વીનમ્ર વીરોધ કરવાનું તેને આવડવું જ જોઈએ. મોટે ભાગે એમ કહેવાય છે કે ભક્તીના માર્ગમાં બુદ્ધીનું કોઈ જ કામ નથી. એનો અર્થ એ થાય કે ભક્તીના માર્ગમાં માત્ર મુર્ખાઓનાં ટોળાં જ જઈ શકે છે ! બુદ્ધી વગરની ભક્તી હંમેશાં જડતાનો જ પર્યાય બની રહેતી હોય છે.

## બાળકને એ સમજાવો કે...

ભગતડું બાળક સાંસારીક બાબતોમાં ડગલે ને પગલે પાપ જોતું થઈ જશે. પેરન્ટ્સની એ જવાબદારી છે કે પાપ અને પુણ્યની સાચી અને તટસ્થ સમજ બાળકને આપવી. ટી.વી. જોવું હંમેશાં ખરાબ નથી. શું જોવું અને શું ન જોવું એનો વીવેક બાળકને સમજાવવો જરુરી છે. ટી.વી. પ્રત્યે ધીક્કાર કરવાથી કંઈ ધાર્મીક બની જવાતું નથી. બાળકને એ પણ સમજાવવું જરુરી છે કે સાંસારીક સમ્બન્ધો ભલે સ્વાર્થથી ભરેલા હોય; છતાં નકામા નથી. સ્વાર્થ ન હોય, તો જગતમાં ધર્મ કરવા પણ કોણ નવરું છે ? મોક્ષ અને વૈકુંઠ પામવાનો સ્વાર્થ ન હોય, તો કોણ ભક્તી કરવા બેસશે ? બાળકને એ સમજાવો કે પરાવલમ્બી બનવું એ સૌથી મોટું પાપ છે. હરામનું ખાવું એ પાપ છે. બાળકને એ પણ સમજાવો કે સૌથી મોટું પુણ્ય શક્તી અને સામર્થ્ય છે. જે શક્તી પરોપકાર કરે છે એ શક્તી જ પોતે ધર્મ છે.

## સંતાનને ભુલશો નહીં :

ભુલો ભલે બીજું બધું મા–બાપને ભુલશો નહીં,
અગણીત છે ઉપકાર તેના એહ વીસરશો નહીં !

આ કવીતા આપણે ખુબ ગાઈ લીધી. એ કવીતાનો મર્મ જો કે સૌએ જીવનમાં ઉતારવા જેવો છે. છતાં આજે એક 'અજાણ્યા કવી'ની કવીતા ગાવી છે. જુની કવીતા સન્તાનોએ યાદ રાખવાની છે, તો આ નવી કવીતા પેરન્ટ્સે યાદ રાખવાની છે :

ભુલો ભલે જગમાં બધું સંતાનને ભુલશો નહીં !
અગણીત છે અરમાન તેનાં એહ વીસરશો નહીં !
પુજા કરી, બાધા કરી ત્યારે દીઠું છે મુખડું,
એ દેવના દીધેલને કદીયે દુભવશો નહીં !
ગુણમાં તમારાથી સવાયાં નામ એ તમ રાખશે,
ઘડપણ મહીં થાશે સહારો વાત એ ભુલશો નહીં !
શ્રદ્ધા ભરો, ક્ષમતા ભરો, સંસ્કાર તેના દીલમાં
સ્વપ્નો તેનાં સાકાર થાશે, બનશે મહાન એ વીશ્વમાં !

♦

[અનુક્રમણીકા]

07-2014-02-28

# સતી હોવું એટલે સુખી થવાના પોતાના અધીકારમાંથી રાજીનામું જ આપી દેવું

પ્રત્યેક સતીનું એ દુર્ભાગ્ય હોય છે કે તેની લાઈફ, સ્ટ્રગલ, સંકટ અને સમસ્યાથી ભરેલી હોય છે. સાચું કહેજો, તમે ક્યારેય કોઈ સતીને સુખી અને મોજમજા માણતી અને આનંદ–પ્રમોદમાં જીવતી જોઈ છે ખરી ? સતી એટલે યાતનામય જીવનની એક દર્દનાક કવીતા. સતી એટલે રણમાં ઉગેલા કાંટાળા છોડ જેવું સાવ શુષ્ક જીવન જીવતી એક સ્ત્રી. સતી એટલે સુખી થવાના પોતાના અધીકારમાંથી સ્વેચ્છાએ રાજીનામું આપી બેઠેલી સ્ત્રી.

કદાચ દરેક પતી એવું ઈચ્છે કે મારી પત્ની સતી હોય, કીન્તુ આજનો કોઈ પણ પીતા એમ ન ઈચ્છે કે તેની દીકરી સતી તરીકેનું જીવન જીવે. મોટા–મોટા આદર્શો, ખોટી–ખોટી રુઢીઓ, અઢળક અન્ધશ્રદ્ધા અને પારાવાર વૈતરાંનો બોજ પોતાની વહાલી દીકરીને ઉંચકવો પડે તો કયા બાપને ગમે ? બીજાને સુખ આપવામાં વાંધો ન હોઈ શકે; પણ પોતાનું જીવન ધુળધાણી કરવાનું કઈ રીતે એક્સેપ્ટેબલ લાગે ?

સીતા સતી હતી એવું આપણી પુરાણકથાઓ કહે છે. ભગવાન (?) રામની પત્ની બનવા છતાં તેને સુખ ન મળ્યું. ચૌદ વર્ષનો વનવાસ, રાવણ દ્વારા કીડનૅપીંગ, ગર્ભાવસ્થામાં પતી દ્વારા ત્યાગ, પોણા ભાગની જીન્દગી વનમાં વીતી, અગ્નીપરીક્ષા આપવી પડી, છેલ્લે ધરતીમાં સમાઈ જવું પડ્યું. આજની સ્ત્રી આવું બધું કરવા તૈયાર થાય ખરી ? ચૌદ વર્ષનો વનવાસ તો

એકલા રામ માટે હતો, સીતાએ સાથે જવું કમ્પલસરી નહોતું. લક્ષ્મણની પત્નીની જેમ સીતા પણ વનવાસમાં જવાનું ટાળીને મહેલમાં રહ્યાં હોત તો સીતાહરણ જેવી દુર્ઘટના ન બની હોત. અને તો પછી કદાચ અગ્નીપરીક્ષા જેવી સ્ત્રી–અપમાનની ઘટના પણ ટળી શકી હોત. સીતાએ પોતાની લાઈફમાં જે–જે કર્યું એવું આજે કોઈ સ્ત્રી કરે તો તેને સતી કહેવાને બદલે મુરખ જ કહે ને !

પુરુષના આધીપત્ય હેઠળ રહે, પતીના પગલે–પગલે ચાલે તેને આપણે સતી કહીએ છીએ. આજે કદાચ સતીની વ્યાખ્યા બદલવી પડે. નોકરી કરીને ઘરનો કારોબાર ચલાવવામાં પતીને સહયોગ આપતી, પોતાનાં સંતાનોને સ્કુલે મુકવા–લેવા જતી, પોતાની સાચી વાત કહેવામાં જરાય ન ગભરાતી, વ્યર્થ આદર્શો, વહેમો અને અન્ધશ્રદ્ધાઓથી દુર રહેતી તથા પ્રસન્નતાના પર્યાય જેવી સ્ત્રીને સતી કહેવામાં કશોય વાંધો નથી; પણ જે સ્ત્રી પોતાનું સ્વમાન અને સન્માન ન જાળવી શકે તેને સતી કહેવાની કોઈ જરુર નથી.

પતીવ્રતા સ્ત્રી તેને કહેવાય કે જે પતીને સુખ અને સંતોષ આપીને સંયમમાં રાખે. પતીને લપસવાની કે ભટકવાની વૃત્તી જ ન જાગે એટલી હદે તેને પ્રેમતૃપ્ત કરવો એ પતીવ્રતા સ્ત્રીનું લક્ષણ છે. એવું જ સામે પત્નીવ્રતા પુરુષનુંય સમજવાનું. પરંતુ એનો અર્થ એવો હરગીજ ન હોય કે સામેનું પાત્ર ગરીબ હોય તો વાંધો નહીં. ગરીબીનું દુઃખ વેઠી શકાય. પરન્તુ પતી અહંકારી અને જુલમી હોય તોય તેને 'પતી દેવો ભવ' કહીને તેનાં ચરણોમાં આળોટ્યા કરવું, દાસી કરતાંય ભુંડી દશામાં જીવવું એ કોઈ પતીવ્રતા માટે કમ્પલ્સરી ન ગણાય. સામેની વ્યક્તીની વીકટમાં વીકટ તકલીફમાં તેને જરુર સાથ આપવો;

પણ તેની જરાય બદદાનત, લુચ્ચાઈ અને અન્યાય મુંગા મોઢે વેઠ્યાં કરવાં એ સતીત્વ નથી, મુર્ખાઈ છે. તે પતીવ્રતા ન કહેવાય. તે પીડાવ્રતા કે વ્યથાગ્રતા કહેવાય.

લંકાવીજય પછી સીતાને પાછાં મેળવતી વખતે રામે સીતાની પવીત્રતા પારખવા માટે અગ્નીપરીક્ષા લીધી હતી એવું રામાયણમાં કહેવામાં આવ્યું છે. જો રામ સીતાજીને એમ કહે કે તું રાવણ પાસે આટલા દીવસથી હતી, એટલે હવે તું પવીત્ર રહી છે કે નહીં તેની સાબીતીરુપે અગ્નીમાંથી પસાર થઈ બતાવ, તો સીતા પણ રામને તેમની પવીત્રતા પુરવાર કરવાનું કહી જ શકે ને ! પણ એ જમાનામાં સ્ત્રી–પુરુષના સમાન અધીકારની ડાહી–ડાહી માત્ર વાતો જ થતી હતી. હકીકતમાં પુરુષનું વર્ચસ મજબુત બનતું રહે એવા જ પ્રપંચ થતા રહેતા હતા. એ માટે સ્ત્રીને શીક્ષણથી વંચીત રખાતી. એ જમાનામાં સ્ત્રીને એમ કહેવાતું કે તારે ભણીને વળી શું કામ છે ? તારે છોકરાં પેદા કરવાનાં છે અને ઘરનું કામ કરવાનું છે. એમાં ભણતરની શી જરુર છે ? વાસ્તવમાં પુરુષોને મનમાં છુપો ભય હતો કે સ્ત્રી જો ભણતી થઈ જશે તો બધું સમજતી થઈ જશે, વીચારતી થઈ જશે, વીરોધ કરતી થઈ જશે. જો તેને નીયન્ત્રણ અને કહ્યામાં રાખવી હોય તો પછી તેને કેવળ ઘરકુકડી જ બનાવી દો.

સ્ત્રીના સ્વતંત્ર અસ્તીત્વનો અનાદર થાય એમાં જ શું સ્ત્રીની પતીવ્રતાપણું છે ? એમાં જ શું તેનું સતીત્વ છે ? કશાય વાંકગુના વગર પોતે પનીશમેન્ટ વેઠતી રહે તેવી જ સ્ત્રીને આપણે મહાન કહીશું ? તો પછી તેવી મહાન બનવા મુર્ખીઓ સીવાય કોણ તૈયાર હશે ? આજની સતી સ્ત્રી બીજાને

સુખ આપવા તૈયાર છે; પોતે વણજોઈતાં કષ્ટો ઉઠાવવાં તૈયાર નથી. પોતાની લાગણી સમજે એવા પતીને તે 'દેવ' નહીં; પણ મીત્રરુપે સ્વીકારે છે.

આજની સ્ત્રી જરુર પડે તો સ્વેચ્છાએ સર્વસ્વનું બલીદાન આપવાની તે તૈયારી બતાવશે; લેકીન પુરુષની–પતીની બદમાશી સામે જરાય નમતું મુકવા તૈયાર નહીં થાય. સમર્પણ અને શોષણનો અર્થ ન સમજે એવી સ્ત્રીને સતી કેમ કહેવાય ? મહાભારતની કથામાં પણ ધૃતરાષ્ટ્ર અન્ધ હતા એટલે પત્ની ગાંધારીએ પોતાની આંખે પટ્ટી બાંધીને અન્ધાપો વહાલો કર્યો હતો. એવું શા માટે કરવાનું ? પતી અન્ધ હોય તો તેને પોતાની આંખો વડે જગત બતાવવું જોઈએ. પતીના અન્ધાપાનો કોઈ વ્યક્તી ગેરલાભ ન લઈ લે એ માટે પત્નીએ ચાર આંખે ચોકન્ના રહેવું જોઈએ. એના બદલે ગાંધારીએ પોતાની આંખો બંધ કરી નાખી. પછી તેના દીકરા દુર્યોધન અને દુ:શાસન જ પાકેને ! સીતાજીએ પણ ચૌદ વર્ષ વનવાસમાં રામની સાથે જવાની જરુર નહોતી. વચ્ચે–વચ્ચે ચાર–છ મહીને પતીને મળવા વનમાં સુરક્ષા–વ્યવસ્થા સાથે ગયાં હોત તો દશરથ રાજાના વચનનો ભંગ થવાનો નહોતો. સીતાજી જો વનવાસમાં સાથે ન ગયાં હોત તો રાવણ દ્વારા તેમનું અપહરણ ન થયું હોત અને રામ–હનુમાન દ્વારા લંકાદહન ન થયું હોત, યુદ્ધમાં હજારો–લાખો નીર્દોષ લોકોની હત્યા ન થઈ હોત.

સીતાએ સ્વયંવરમાં એવો પરાક્રમી પુરુષ પસન્દ કર્યો હતો કે જેણે શીવધનુષ ઉપર પણછ ચઢાવી હતી. દ્રૌપદીએ પણ સ્વયંવરમાં એવો જ પરાક્રમી પુરુષ પસન્દ કર્યો હતો, જેણે વીકટ મત્સ્યવેધ કર્યો હતો. છતાં ટ્રેજડી તો જુઓ ! એ બન્નેના પરાક્રમી પતીઓ તેમને દુ:ખી થતી બચાવી શક્યા નહોતા. આવી ઘટનામાં આપણે ગયા ભવનાં કર્મોનો કે પછી ભાગ્યનો દોષ

જોઈએ છીએ અને સત્યને જોવાનું ટાળીએ છીએ. દ્રૌપદીએ દુર્યોધનનું જે ઈન્સલ્ટ કરેલું એના પ્રત્યે આપણે સોફ્ટ કૉર્નર રાખીએ છીએ, એટલે દુર્યોધન બદલો લેવા જે કાંઈ કરી છે તે જુલમ અને પાપ લાગે છે. આ ભવનાં જ વહેમ, ભુલો અને અજ્ઞાન આપણને હમ્મેશાં નડતાં હોય છે. જીવનનાં રહસ્યને સહજરુપે સમજીએ અને સુખ ભોગવવામાં કોઈ પાપ નથી તથા અણજોઈતાં કષ્ટ વેઠવામાં કશી મહાનતા નથી, એટલું સ્વીકારીએ તો આપણને ખાસ્સી રાહત થઈ જશે.

♦

[અનુક્રમણીકા](#)

## 08-2014-04-11

# 'વાસ્તુ'શાસ્ત્ર કરતાં 'વસ્તુ'શાસ્ત્ર વધુ મહત્ત્વનું છે !

એક માણસને શરદી જેવી સામાન્ય બીમારી હતી. થોડા ઘરગથ્થુ ઉપચારો કર્યા; પણ શરદી મટી નહીં. તે માણસ એક ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે તેને તપાસીને કહ્યું, 'વાઈરલ ઈન્ફેકશન છે.'

પછી તે માણસે એક વૈદ્યરાજને બતાવ્યું. વૈદ્યરાજે નીદાન કરીને કહ્યું, 'તમને કફદોષ છે.'

એક જ્યોતીષીએ પણ પોતાની રીતે ગ્રહો–નક્ષત્રોનાં પલાખાં માંડીને જવાબ આપ્યો, 'તમારા પર અત્યારે માઠી ગ્રહદશાનો પ્રભાવ ચાલી રહ્યો છે. હજી પંદરેક દીવસ સુધી આ પ્રભાવ રહેશે.'

પેલો માણસ એક તાંત્રીક પાસે માર્ગદર્શન લેવા ગયો. તાંત્રીકે ભયાવહ મુખાકૃતી કરીને આગાહી ઉચ્ચારી, 'તમારા કોઈ શત્રુએ તમારા માટે મેલી વીદ્યાનો પ્રયોગ કરાવ્યો છે. તેની સામે તમારેય વીધી કરાવવી પડશે. જો વીધી કરાવવામાં વીલમ્બ કરશો તો પછી પેલી મેલીવીદ્યાનો પ્રભાવ આગળ વધી જશે. તમારા માટે કદાચ જીવનું જોખમ પણ થઈ શકે છે !'

હવે વારો આવ્યો વાસ્તુશાસ્ત્રીનો. તેણે પેલા માણસના ઘરે જઈને જોયું, 'તમારા રસોડાનું બારણું દક્ષીણ દીશામાં છે એને કારણે આ તકલીફ ઉભી થઈ છે અને તમારા બેડરુમની બારી ઈશાન ખુણા તરફની છે એને કારણે તમારી તકલીફનો ઉકેલ શક્ય નથી. તમારે એ બન્નેની સીચ્યુએશન બદલવી જ પડશે !'

વાત માત્ર એટલી જ હતી કે એક માણસને સામાન્ય બીમારી હતી. જુદા–જુદા લોકોએ વાતનું વતેસર કરી નાખ્યું. જાત–જાતનાં નીદાનો અને ભાત–ભાતના ઉપચારો ! પેલો માણસ કન્ફ્યુઝ થઈ ગયો. છેલ્લે તે કોઈ સાધુ પાસે ગયો અને તેમનું માર્ગદર્શન માગ્યું. સાધુએ માર્મીક રીતે મંદ સ્મીત કરતાં કહ્યું, ‘ભાઈ, આ તો ગયા જન્મનાં કર્મનું ફળ છે. તેં ગયા ભવમાં કંઈક પાપકર્મ કર્યું હશે એટલે હવે આ ભવમાં ભોગવવાનો વારો આવ્યો છે !’

દરેક ધન્ધાદારી માણસ સાવ સામાન્ય વાતને પોતપોતાની રીતે ટ્વીસ્ટ કરતો હતો, વળ ઉપર વળ ચઢાવ્યે રાખતો હતો !

જગતમાં લાખો લોકોને નાની–મોટી શારીરીક, માનસીક, આર્થીક, સામાજીક તકલીફો પડતી જ હોય છે. સંસારની એક પણ વ્યક્તી તકલીફમુક્ત નથી. તમારી તકલીફનો ઉંડો અભ્યાસ કરીને તમે જાતે જ એનું નીવારણ શોધી શકો; પરંતુ તમે એવું નથી કરતા. તમારા સ્વજનો–મીત્રોય ક્યારેક તમને મીસગાઈડ કરતા રહે છે. પરીણામે તકલીફ દુર નથી થતી. વાહીયાત ઉપચારો તમારા માટે થોડો વખત આશ્વાસન બને છે. તમે થોડા સમય માટે રીલૅક્સ થયા હોય તેવું ફીલ કરો છો; પરંતુ આખરે ઠેરના ઠેર !

લાખો લોકોનાં ઘરમાં રસોડાનું બારણું કોઈ એક ચોક્કસ દીશામાં હોય છે અને ઘરમાં બેડરુમની બારી પણ કોઈ એક ચોક્કસ દીશામાં હોય છે. બહુમાળી ફ્લૅટમાં તો અનેક લોકોના ફ્લૅટના બારી–દરવાજા કોઈ એક જ દીશામાં હોય છે. છતાં એ તમામની તકલીફો એકસરખી નથી હોતી. તમારા ઘરમાં ફ્રીજ અને એસીની સગવડ હોય એ મહત્ત્વનું છે; એની દીશા નહીં. મને તો વાસ્તુશાસ્ત્ર કરતાં વસ્તુશાસ્ત્રમાં વધુ ઈન્ટરેસ્ટ છે. જેના ઘરમાં તીજોરી કે ફ્રીજ ન હોય તેને વાસ્તુશાસ્ત્રના દોષો તો લાગે જ છે !? ભાગ્યરેખા જો

હથેળીમાં જ હોય અને ભાગ્યરેખાઓ અનુસાર જ બધું ચાલતું હોય તો જેના હાથ જ નથી એવી વ્યક્તીનું ભાગ્ય શેના આધારે ચાલશે ?

ખોટી દીશામાં માણસ ગમે એટલો આગળ ચાલતો રહે તો પણ તે સાચી મંઝીલ પર પહોંચી નથી શકતો.

શરીર છે; તો બીમારી પણ આવે. જીવન છે; તો સંઘર્ષોય આવે. ધન્ધો છે; તો નુકસાન પણ આવે. સન્તાનો છે; તો સન્તાપોય આવી શકે. દરેકની શારીરીક અને માનસીક ક્ષમતા જુદી–જુદી હોય છે. રોગ લાગુ પડવાનાં સ્પષ્ટ કારણો હોય છે. સમ્બન્ધ બગડવાનાં ચોક્કસ કારણો હોય છે. આર્થીક સમસ્યાઓ કે નુકસાનનાંય નીશ્ચીત કારણો હોય છે. આપણે એનો અભ્યાસ કરીએ તો આ બધું સમજાઈ જાય અને પછી સાવ સહજ સ્વીકાર્ય બની રહે, પરંતુ આપણે બહાવરા બની જઈએ છીએ અને છીછરા ધન્ધાદારી લોકો પાસે એના ઉપચાર માટે દોડી જઈએ છીએ. ખરેખર તો તમે જેની પાસે ઉપચાર માટે ગયા હો છો તેનેય તેની પોતાની અનેક ખાનગી સમસ્યાઓ હોય છે. તે તો બીચારા ( ! ) કોઈને કહી શકતાય નથી ! પોતાના ઉપચાર પણ કરી શકતા નથી.

વહેમ, ચમત્કાર, અન્ધશ્રદ્ધા વગેરેને કારણે ધતીંગો અને ક્રીયાકાંડોની આપણા દેશમાં ભરમાર ચાલી છે. તમે કોઈ પણ સમસ્યા કે તકલીફનો સહજ સ્વીકાર કરો, સમજણપુર્વક અને આત્મવીશ્વાસથી એનો ઉકેલ વીચારો, ખોટી દીશામાં અને પાખંડી લોકો પાસે દોડી જવાને બદલે થોડી ધીરજ રાખો; તમે જાતે જ થોડા અનુભવો પછી કહેશો કે **‘નો પ્રૉબ્લેમ !’**

અનુક્રમણીકા

## 09-2014-06-06

# વૃક્ષો કઈ રીતે ઈશ્વર કરતાં મહાન છે ?

વૃક્ષ વીશે વાત કરવાની તક મળે છે ત્યારે ભીતરથી લીલીછમ કુંપળો ફુટતી હોય એવો રોમાંચ હું અનુભવું છું. અમદાવાદ વીવીધ ભારતી રેડીયોએ મને તાજેતરમાં એવો રોમાંચ ભેટ આપ્યો. ત્યારે વરસાદ ધીમી ધારે વરસી રહ્યો હતો. હું મારા ઘરની બારીમાંથી રસ્તા પર નહાઈ રહેલાં વૃક્ષો જોવામાં મગ્ન હતો. વૃક્ષો જાણે નહાઈને મારી પાસે ટુવાલ માગી રહ્યાં હતાં. બરાબર એ જ ક્ષણે વીવીધ ભારતી રેડીયો–અમદાવાદના અનાઉન્સર અભીષેકનો ફોન આવ્યો :

‘રોહીતભાઈ ! મારે તમારી સાથે વન–મહોત્સવ, પર્યાવરણ અને વૃક્ષો વીશે ફોન પર જ બે–ત્રણ મીનીટ વાત કરવી છે. તમે કહો તો એનું રેકૉર્ડીંગ શરુ કરી દઉં.’

વૃક્ષની વાત કરવાની હોય ત્યારે ના પાડે એ બીજા ! મેં રાજી થઈને રેકોર્ડીંગ કરવાની ઉમળકાભરી મરજી બતાવી. અભીષેકે તરત રેકૉર્ડીંગ મશીન ઑન કર્યું અને પ્રશ્નો પુછવાનું શરુ કર્યું. અમારા બન્ને પૈકી કોઈની પાસે તૈયાર સ્ક્રીપ્ટ નહોતી, એટલે અહીં સ્મરણના આધારે એ સવાલ–જવાબ લખીશ. ભુલચુક લેવી–દેવી.

અભીષેકનો પહેલો સવાલ : વૃક્ષો અને વન–મહોત્સવ વીશે તમે શું માનો છો ?

મેં જવાબમાં કહ્યું કે વૃદ્ધો અને વૃક્ષો મારે મન સદાય આદરણીય છે. વૃક્ષોનો અનાદર કરનાર સમાજને પ્રદુષણનો ભોગ બનવાનો મુર્ખામીસીદ્ધ અધીકાર છે. મારે મન વૃક્ષો ઈશ્વર કરતાંય મહાન છે. ઈશ્વર હોવા–ન હોવા વીશે શંકા થઈ શકે છે, જ્યારે વૃક્ષના અસ્તીત્વ વીશે કોઈ શંકા નથી. જો ઈશ્વર હોય અને લોકો કહે છે તેમ એ વરદાન આપતો હોય તો પણ; એ વરદાન પામવા માટે વર્ષો સુધી ઉગ્ર તપસ્યા કરવી પડે છે. વ્રત–ઉપવાસની કઠોરતાઓ વેઠવી પડે છે. એટલું કર્યા પછી ઈશ્વર પ્રસન્ન થાય અને વરદાન માગવાનું કહે તો

પેલા ભક્તે વરદાન ‘માગવું’ પડે છે ! જ્યારે વૃક્ષો તો ઈશ્વર કરતાંય મહાન છે. વૃક્ષો પાસે કદી કોઈએ વરદાન માગવું પડતું નથી. માગ્યા વગર જ આપણી સુખાકારી માટે એ ઘણુંબધું વરદાનરુપે આપતાં રહે છે.

વનસ્પતી–વૃક્ષોમાં જીવ છે એવું હવે માત્ર જૈનો જ નથી કહેતા. વૃક્ષ એવો જીવ છે જે અન્ય તમામ જીવો પર ભરપુર ઉપકાર કરે છે. કોઈકને ફળ–ફુલ આપે છે, કોઈકને લાકડું આપે છે, પંખીઓને રહેઠાણ આપે છે, પ્રાણીઓને – વટેમાર્ગુઓને વીસામો આપે છે. ‘જીવો જીવસ્ય ભોજનમ્’ એટલે કે એક જીવ બીજા જીવ માટે ભોજન કે આહાર બને છે, આધાર બને છે. એટલે કે એક જીવ બીજા જીવનું ભક્ષણ કરે છે; પરંતુ વૃક્ષ એવો જીવ છે જે કદી કોઈનું ભક્ષણ કરતું નથી. બસ, માત્ર આહાર બને છે.

અભીષેકના બીજા પ્રશ્નના જવાબમાં મેં કહ્યું કે :

વૃક્ષો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ લઈ લે છે અને એના બદલામાં ઑક્સીજન ભેટ આપે છે. અન્ય તમામ જીવોને જીવવા માટે ઑક્સીજનની જરુર છે. વૃક્ષો કાર્બનડાયોક્સાઈડ વડે જીવે છે. આ માટે આપણે ગરજુડા થઈનેય વૃક્ષોને ‘થૅન્ક યુ’ કહેવું જોઈએ. એક વૃક્ષ, પર્યાવરણની શુદ્ધી માટે જે કંઈ કરે છે એ જો આપણે કોઈ વૈજ્ઞાનીક સાધનો અને પ્રયોગો દ્વારા કરવા જઈએ તો લાખો–કરોડોનો ખર્ચ કરવો પડે. વૃક્ષના આ મુંગા ઉપકારની આપણે નોંધ પણ ન લઈએ તોય વૃક્ષો કદી ખોટું નથી લગાડતાં. ફોઈબાની જેમ મોઢું ફુલાવીને રીસાઈ નથી જતાં.

અન્ય તમામ જીવો કોઈ ને કોઈ સ્વરુપે પાપ કરે છે, કીન્તુ વૃક્ષો લાઈફટાઈમ નીષ્પાપ રહે છે. ‘વન–મહોત્સવનું લાંબા સમયનું આયોજન કેવું હોવું જોઈએ ?’ એવા પ્રશ્નના જવાબમાં મારે એક કડવી વાત કહેવી પડી. આપણે વન–મહોત્સવના નામે વૃક્ષોની પુજા કરીને સન્તોષ ન માની લેવાય; પણ વૃક્ષોની સંખ્યા વધે એ દીશામાં સાચા–નીષ્ઠાભર્યા પ્રયત્નો કરવા જોઈએ. મોટે ભાગે એવું બને છે કે વૃક્ષારોપણના ધમાકેદાર સમારોહો યોજાય છે. વૃક્ષના રોપાઓ વવાય છે. અખબારો અને ટીવીમાં એના ન્યુઝ આવે છે; પરંતુ બીજા દીવસથી પેલા વાવેલા રોપાઓનું શું થયું એની દરકાર કોઈ કરતું નથી. કાં તો ગાય–ભેંસો એ ખાઈ

જાય છે; કાં તો સુકાઈ–મુરઝાઈ જાય છે. વૃક્ષારોપણના સાચકલા પ્રયત્નો નહીં થાય તો ગ્લોબલ વૉર્મીંગ આપણને સૌને ભુંડી રીતે ભરખી જશે.

કાર્યક્રમને અંતે અભીષેકે એક ઑર મનગમતી પ્રપોઝલ મુકી : ‘રોહીતભાઈ, તમારું પ્રીય ફીલ્મી ગીત કયું ?’

મેં કહ્યું, ‘હું સ્વમાનથી જીવવામાં માનું છું. પ્રસન્ન રહેવું આપણા હાથમાં છે. એ સંદર્ભમાં મારું પ્રીય ગીત ફીલ્મ ‘હમરાઝ’નું ‘ના મુંહ છુપા કે જીઓ ઔર ના સર ઝુકા કે જીઓ ! ગમોં કા દૌર ભી આએ તો મુસ્કુરા કે જીઓ’ એ છે. તમે એ ગીત સંભળાવશો તો હું રાજી થઈશ.

એ ગીત સાથે કાર્યક્રમ પણ સમાપ્ત થયો. વૃક્ષો વીશેની મારી અલપઝલપ વાતો અને મારી પસન્દગીનું ગીત તમને ગમ્યાં હોય તો **નો પ્રોબ્લેમ...**

♦

અનુક્રમણીકા

**10-2014-07-18**

# ગુરુપુર્ણીમા એટલે ? ગુરુની ભક્તી નહીં; પણ તેની કસોટી કરવાનું પર્વ

ગયા વર્ષે ગુરુપુર્ણીમાના પર્વપ્રસંગે મેં એક લેખ લખ્યો હતો, એનું શીર્ષક હતું : 'ગુરુપુર્ણીમા ગુરુની પુજા કરવા માટેનો દીવસ નથી; એ તો ગુરુની પરીક્ષા કરવા માટેનો દીવસ છે.'

આજે એ જ અનુસન્ધાનમાં આગળ વધવાનો ઈરાદો છે. ગુરુ એટલે સૌથી આદરપાત્ર વ્યક્તી. ગુરુ એટલે હૈયાના ઉમળકાપુર્વક ભક્તી કરવાયોગ્ય પાત્ર. આદર અને ભક્તી બન્ને અનલીમીટેડ કમ્પનીઓ જેવાં છે. કોઈક એક જ ફીક્સ દીવસે જ અને કોઈ એક જ ફીક્સ ટ્રેડીશન પ્રમાણે ભક્તી અને આદર વ્યક્ત કરી દેવાનાં ન હોય. ગુરુને જોઈને તેમના ગંધાતા પગમાં આળોટવા મંડી પડવું એ કાંઈ ગુરુભક્તી નથી. ગુરુને જોતાં જ આપણા ચહેરા પર કૃતજ્ઞતા છલકાય અને આંખો આદરભાવનો અભીષેક કરવા લાગે એ સાચી ગુરુભક્તી છે. બીજા લોકો ગુરુભક્તી કરે છે એટલે મારે પણ કરવી જોઈએ એમ સમજીને અથવા ગુરુજી સ્વયમ્ આગ્રહ કરે છે માટે હું તેમની સેવા–પુજા–ભક્તી કરું એમ નથી સોચવાનું. એમાં તો દમ્ભ, ભય, લાલચ, પ્રદર્શનવૃત્તી, ગુપ્ત અહંકાર ઘણુંબધું પ્રવેશી જશે. શુદ્ધ ભક્તી અને સાચો આદર બહાર રહી જશે અને ગુરુભક્તીનાં ધતીંગોનો વીકૃત સેલાબ આવશે !

## ગુરુની પરીક્ષા કરો

ગુરુની ભક્તી માત્ર ગુરુપુર્ણીમાના એક જ દીવસ માટે કરીએ તો આપણે અધુરા–વામણા ગણાઈએ. ગુરુભક્તી તો સતત, નીરન્તર કરવાની

હોય. આજનું પર્વ તો ગુરુની પરીક્ષા કરવાનું પર્વ છે. જે ગુરુની આપણે હવે પછી લાઈફટાઈમ સેવાભક્તી કરવા ઉત્સાહી–હરખપદુડા છીએ, તે ગુરુ આપણી સેવાભક્તી માટે સુપાત્ર છે કે નહીં; કાબીલ છે કે નહીં એ ચકાસવાનું પર્વ એટલે ગુરુપુર્ણીમા. ઘરકામ માટે એક નોકર રાખીએ તોય તેની ટેસ્ટ લઈએ છીએ. કોઈ બીમારીનો ઈલાજ કરવામાં ડૉક્ટર નીષ્ફળ જાય તો તરત આપણે બીજા ડૉક્ટરની પાસે જઈને તેની ટ્રીટમેન્ટ લઈએ છીએ. સોનું ખરીદતી વખતે કોઈ શાણો માણસ જરાય બેદરકારી ન રાખે. હૉલમાર્કનો સીક્કો હોય તોય પોતે છેતરાઈ તો નથી રહ્યોને, એની ચકાસણી કરે છે. યસ, ગુરુપુર્ણીમા એટલે ગુરુની ભક્તી કરવાનું નહીં, તેમની કસોટી કરવાનું પર્વ ! હવે તમે આ સત્ય સમજી ગયા હશો.

જો તમને કોઈ પાખંડી ગુરુ ભેટી ગયો હશે તો તે તમને બીવડાવશે, નરકનો ભય બતાવીને પોતાનાં નેત્રો લાલઘુમ કરીને કહેશે : ‘મુર્ખ ! તું ગુરુની પરીક્ષા કરવા નીકળ્યો છે ? તારી ઓકાત શી છે ? ગુરુની કસોટી કરવા જઈશ તો રૌરવ નરકમાંય તને જગ્યા નહીં મળે ! તું મહાપાપી પુરવાર થઈ જઈશ.’

## મુની કે મુનીમ ?

આવી ધમકી કે ભય આપે તેવા ગુરુના નામ પર ચોકડી મુકી દેવાની. ગુરુનું કામ જ્ઞાન આપવાનું છે, ધમકી આપવાનું નથી. ગુરુનું કામ માર્ગ બતાવવાનું છે, ભય પમાડવાનું નથી. સાચો ગુરુ તો તે છે જે આપણને ભયમુક્ત કરે, નીર્ભય અને નીર્દંભ બનાવે. જે ગુરુ પોતાના નામે કે ગુરુના નામે ટ્રસ્ટો ચલાવીને બારે મહીના ફંડફાળા ઉઘરાવ્યા કરતો હોય તે તો મુની નથી; મુનીમ છે. ગુરુ તે નથી, જે ચપટીઓ વગાડીને ફાલતુ આજ્ઞાઓ કરતો

હોય અને શીષ્ય તે નથી, જે ગુરુની વાહીયાત આજ્ઞાઓને માથે ચઢાવ્યા કરતો હોય. ફંડફાળા કરનારા અને ફાલતુ આજ્ઞાઓ કરનારા ગુરુથી સાવધ રહેવું જોઈએ. લાંબો–મોટો પલાંઠો લગાવીને ઉંચા આસને ગોઠવાઈ જાય અને પોતાની નવ અંગે પુજા કરાવે, કીમતી ભેટસોગાદો સ્વીકારે, વધારે કીમતી ભેટ આપનાર ભક્તને વધારે વહાલ કરે અને મોં પર કડવું સત્ય ઉચ્ચારનારને આઘો રાખે તેવા ગુરુથી તો આપણે સ્વયમ્ જ આઘા રહેવું જોઈએ. એમાં જ આપણી સેફ્ટી છે.

## ગુરુ દ્રોણથી નફરત

જ્યારે–જ્યારે ગુરુની વાત નીકળે છે ત્યારે–ત્યારે મને ગુરુ દ્રોણ યાદ આવે છે. ગુરુ દ્રોણનું ચીત્ર જોઈનેય મારું તો લોહી ઉકળી ઉઠે છે. એકલવ્ય રાજકુમાર નહોતો એટલે તેને ધનુર્વીદ્યા શીખવાડવાની ના પાડનાર ગુરુ દ્રોણને પછીથી ખબર પડે છે કે આ એકલવ્ય તો મારા પ્રીય શીષ્ય અર્જુનના સામર્થ્યને ઓવરટેક કરી શકે તેવો સમર્થ છે, ત્યારે તેના જમણા હાથનો અંગુઠો ગુરુદક્ષીણારુપે માગી લઈને તેની સાથે ઘોર અન્યાય અને અત્યાચાર કર્યો હતો. અર્જુન તેમને એટલા માટે પ્રીય હતો કે તે રાજકુમાર હોવા ઉપરાન્ત આજ્ઞાકારી અને નીશાનબાજ હતો. હોશીયાર અને સમર્થ શીષ્ય પ્રત્યે પક્ષપાત કરે તે સાચો ગુરુ નથી. નબળા અને ગરીબ શીષ્ય પ્રત્યે વહાલ વહાવે, સમભાવ રાખે તે સાચો ગુરુ હોઈ શકે છે.

કૌરવો–પાંડવોની વચ્ચે જુગાર ખેલાયો, દ્રૌપદીને દાવ પર મુકવામાં આવી અને દુઃશાસન દ્વારા દ્રૌપદીનું ચીરહરણ થયું એ સમગ્ર ઘટનાક્રમ વખતે ગુરુ દ્રોણ સભામાં ઉપસ્થીત હતા છતાં; તેમણે કોઈને રોક્યા–ટોક્યા નહીં. કાયરતાભર્યું મૌન સેવીને બેસી રહ્યા. આવા સ્વાર્થી અને કાયર ગુરુઓ હોય

તોય શું અને ન હોય તોય શું ? મીંઢા અને લુચ્ચા, લાલચુ અને ડરપોક ગુરુથી દુર રહે તે સાચો ગુરુભક્ત છે.

ગુરુ દ્રોણે એકલવ્યનો અંગુઠો દક્ષીણામાં માગી લઈને એકલવ્યને સામર્થ્યહીન કરી દીધો તથા દ્રૌપદીની લાજ લુંટાતી જોઈનેય પોતે મૌન રહ્યા આ બે બાબતો માટે તેમને કદી માફ ન કરી શકાય. આમેય શીષ્ય ભુલ કરે તો માફ કરી શકાય (કારણ કે તે અજ્ઞાની છે); કીન્તુ ગુરુ કોઈ ગુસ્તાખી કરે તો તેને માફ ન કરી શકાય (કારણ કે તે તો જ્ઞાની છે, જાણકાર છે).

શીષ્ય ભોળાભાવે ગુરુ માટે ગીફ્ટ લાવે તો તેને માફ કરી દેવાય; પણ ગુરુએ તેને કહેવું જોઈએ કે હું આ બધું ત્યાગીને સંયમને માર્ગે ચાલી રહ્યો છું. તું મને કોઈ પણ ગીફ્ટ આપે તો તને દોષ (પાપ) લાગે. ભક્ત તરફથી મળતી ગીફ્ટ વખતે ભક્તને આવી ચેતવણી આપીને, કોઈ પણ સંજોગોમાં ગીફ્ટનો અસ્વીકાર કરનારા ગુરુઓ કેટલા ?

## ગુરુઓ કાયર બનીને કેમ બેઠા છે ?

દ્રૌપદીના વસ્ત્રહરણ પ્રસંગે કૃપાચાર્ય, દ્રોણાચાર્ય જેવા ગુરુઓ કાયર બની રહ્યા હતા. આજે પણ હજારો ગેન્ગ–રેપની ઘટનાઓ સામે હજારો ગુરુઓ કાયર બની બેઠા છે. ત્યાગી–સંયમી, કહેવાતા મહાત્માઓ વગેરેને માથે નોકરી–વ્યવસાયની કે ફેમીલીની કોઈ જવાબદારીનું બર્ડન તો હોતું નથી! એવા લોકો દુરાચારીઓને સજા કરાવવા કેમ મેદાનમાં ઉતરતા નથી ? શ્રેષ્ઠ ગોચરી અને છપ્પનભોગ આરોગનારા ગુરુઓ સરકાર સામે ભુખહડતાળ કરે, મરણાંત અનશન કરે તો અન્યાય–અત્યાચારના ટાંટીયા ઢીલા પડે જ.

ઉંચા આસને બેસીને ભક્તોને વાહીયાત ઉપદેશો આપવા, પોથી–વૈકુંઠનાં અવાસ્તવીક ખ્વાબો બતાવવાં, ફંડફાળા ઉઘરાવવા – આ બધાં કામ સહેલાં છે અને અર્થહીન પણ છે. જે ગુરુઓ આવાં કાર્યો કરતાં ફરે છે તે ગુરુઓ સ્વયમ્ નરકના અધીકારી બનશે એવી ખુલ્લી ચેતવણી આપણે અવશ્ય આપી શકીએ.

ચમત્કારો કરીને વહેમો ફેલાવવાનો કારોબાર કરતાં ગુરુઓથી વેગળા રહેવું એ અધ્યાત્મનો સાચો માર્ગ છે. આટલું નાનકડું સત્ય ગુરુપુર્ણીમાના પર્વપ્રસંગે પ્રત્યેક આત્માર્થીએ આત્મસાત્ કરવું જોઈએ.

♦

અનુક્રમણીકા

## 11-2014-08-14

# તમે શું માનો છો : ઈશ્વર હશે કે નહીં હોય ?

ઈશ્વરના અસ્તીત્વ વીશે મારા મનમાં બે સ્પષ્ટ વીચાર–ખ્યાલ છે. પ્રથમ ખ્યાલ એ છે કે જગતમાં ઈશ્વર–બીશ્વર જેવું કશું છે જ નહીં. ઈશ્વરના હોવા અંગેની તમામ આર્ગ્યુમેન્ટ્સ બોગસ અને બકવાસ છે. બીજો ખ્યાલ એવો છે કે કદાચ ઈશ્વર હોય તો પણ; તેને આપણે જેવો ધારી બેઠા છીએ એવો તો એ ન જ હોય.

ઈશ્વરની આપણી શોધ ઈશ્વરની મુર્તી સુધી પહોંચીને સમાપ્ત થઈ ગઈ છે. મુર્તી મળી એટલે ઈશ્વર મળી ગયો હોય એમ રાજી–રાજી થઈને આપણે તેની આળપમ્પાળ કરવા મંડી પડીએ છીએ. શીયાળામાં ઈશ્વરની મુર્તીને ઉનનાં કપડાં પહેરાવાય છે અને ઉનાળામાં તેને એ.સી.માં રાખવાના પ્રયોગો પણ થાય છે. ઈશ્વરની એક કલ્પના તે નીરંજન–નીરાકાર હોવાની છે. જો એ કલ્પના સાચી હોય તો ઈશ્વરને ઠંડી–ગરમી ન લાગે, ભુખ પણ ન લાગે. પછી તો છપ્પન ભોગ અને નૈવેદ્ય અને પ્રસાદ બધું બકવાસ બની જાય.

ગરબડીયા ગામના બાવાએ ઈશ્વર વીશે સાવ જ વાહીયાત અને ભ્રામક તસવીર આપણી સમક્ષ પેદા કરી છે. ઈશ્વર એટલે જાણે કે સોટી લઈને આપણને પનીશમેન્ટ કરવા બેઠેલી કોઈ ક્રુર અને તાનાશાહી મીજાજની વ્યક્તી ન હોય !

તમે જોયું હશે કે નાસ્તીક માણસોનું ઈશ્વર કશું ઉખાડી નથી શકતો. નાસ્તીક માણસો બીન્દાસ જીવે છે. તેમને કશાં નડતર નથી હોતાં. તેમની

ગ્રહદશા કદી ઉંચી–નીચી નથી થતી. દેવ કે દેવી કદીયે કોઈ નાસ્તીક માણસ પર કોપાયમાન થયાનું સાંભળ્યું નથી. ઉલટાનું જે લોકો ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે તેઓ જ ડગલે ને પગલે દુઃખી થાય છે.

યાત્રાળુઓની બસને વારમ્વાર ઍક્સીડન્ટ થતા હોય છે. કદી કોઈ આતન્કવાદીના વાહનને ઍક્સીડન્ટ કેમ નથી થતો ? જે ભક્ત ઈષ્ટદેવની પુજા–અર્ચના કરે છે તેના પર દેવ–દેવી કોપાયમાન થાય છે; પરન્તુ જે માણસ કદી કોઈ પણ દેવ–દેવીને નથી સ્વીકારતો તેને કેમ કશી આંચ નથી આવતી ? આસ્તીક માણસ દરેક પરીસ્થીતી માટે ઈશ્વર અને ભાગ્યને જવાબદાર માને છે; નાસ્તીક માણસ અનુકુળ અથવા પ્રતીકુળ તમામ ઘટનાઓને માત્ર જીવનના એક સ્વાભાવીક ક્રમરુપે જુએ છે. ઈશ્વર હોય તો એ કોઈને દુઃખી થવા દે ખરો ? આપણી ગલતીઓ અને આપણા ગુનાઓને માફ કરીનેય એ આપણને સુખ જ આપે ને ! આપણને પનીશમેન્ટ આપે એવા ઈશ્વરની આપણને શી જરુર ? મને એવો ઈશ્વર તો ન જ ગમે જેની મરજી મુજબ મારે જીવવું પડે. મને તો બસ, એવો જ ઈશ્વર ગમે જે મને મારી મરજી મુજબ અને મોજથી જીવવા દે.

કેટલાક લોકો દો–રંગા હોય છે. તેઓ સામાન્ય સંજોગોમાં ઈશ્વરના અસ્તીત્વ વીશે શંકા કરીને નાસ્તીકતાના એક છેડે જઈને બેસે છે; પરન્તુ જ્યારે એમના પર કોઈ આફત ઉતરી પડી હોય ત્યારે એ જ લોકો ઈશ્વરસ્તુતી કરવા બેસી જાય છે, એવા અધુરીયા – અણઘડ લોકો કલાકે–કલાકે પોતાના અનુભવો બદલાય તેમ–તેમ ઈશ્વરના અસ્તીત્વ વીશેના પોતાના ખ્યાલો બદલતા રહે છે. મારા એક મીત્ર લેપટૉપ, મોબાઈલ બધું જ વાપરે છે; પણ તેમના જમણા હાથ પર એક–બે રક્ષાપોટલીઓ અવશ્ય

બાંધેલી હોય છે. તેમના ગળામાં મન્ત્રેલા લાલ–કાળા દોરા–ધાગાય હોય છે. એક વખત તો તે ભાઈએ પોતાના મોબાઈલ પર પણ લાલ દોરો બાંધેલો હતો, બોલો ! લાભ વીજ્ઞાનના લેવાના અને યશ કહેવાતા અધ્યાત્મને આપવાનો – આ ગદ્દારી ન કહેવાય ?

તાજેતરમાં એક સમાચાર વાંચવા મળ્યા કે પોતાના બીમાર સસરાજીની તબીયત સારી થઈ જાય એ માટે ઘરની પુત્રવધુએ પોતાના માથાના વાળનું મુંડન કરાવવાની બાધા રાખી હતી. આ સમાચાર જેટલા આનન્દપ્રેરક છે એટલા જ આઘાતપ્રેરક પણ છે. આનન્દપ્રેરક એ માટે કે સમાજમાં સસરા પ્રત્યે આટલો છલોછલ આદરભાવ રાખનારી પુત્રવધુ આજના કહેવાતા કળીયુગમાં પણ છે ખરી ! આઘાતપ્રેરક એટલા માટે કે આવા ન્યુઝ વાંચીને અણઘડ લોકો પોતાના સ્વજનની બીમારી દુર કરવા માટે પોતાના માથાના વાળ ઉતરાવવા રઘવાયા થવા માંડશે ! અન્ધશ્રદ્ધાનો સેન્સેક્સ આવા ન્યુઝથી ઓચીન્તો વધી જતો હોય છે. લૉજીક વગરનાં જુઠાણાંનો પ્રભાવ વ્યાપક અને પ્રબળ પડે છે.

જરાક તો સોચો, યાર ! આવા વાહીયાત ઉપાયોથી કોઈ વ્યક્તીની બીમારી દુર થાય ખરી ? ઈશ્વર આવી ઉતરેલા વાળની લાંચ લેવાનું પસંદ કરતો હશે ખરો ? ઈશ્વર જો કરુણાનો કરનારો હોય તો એને એના ભક્તોને કરુણ દશામાં મુકવાનું ગમે જ નહીં. ઈશ્વરને સુખડી, શ્રીફળ, કંકુ–ચોખા, ઘી–દુધની વળી શી જરુર હોય ? ઈશ્વર જો કૃપા અને કરુણા કરતો જ હોય તો આપણી પાસેથી આવી કશી જ અપેક્ષા રાખ્યા વગર જ કરતો હોવો જોઈએ. ઈશ્વરને લાંચ આપવી એ તો એનું ઈન્સલ્ટ કરવા જેવું છે.

પાછા આપણે લોકો કેવા શાણા છીએ ! ઈશ્વરને આપણે એવી જ વસ્તુની લાંચ આપવાનું પસન્દ કરીએ છીએ કે જેમાં આપણને પીડા બીલકુલ ન થાય અથવા ઓછામાં ઓછી પીડા થાય. વાળ ઉતારવામાં કશી પીડા થતી નથી. વળી થોડા વખતમાં જ ફરીથી નવા વાળ ઉગી જાય છે, એટલે કદ્રુપતા કાયમી નથી રહેવાની એવી હૈયા ધારણ રહે છે. કોઈ વ્યક્તી પોતાના દાંત કે પોતાની આંખ ઈશ્વરને અર્પણ કરે છે ખરી ? કોઈ વ્યક્તી પોતાની જીભ કાપીને ઈશ્વરને ભેટ ધરે છે ખરી ? અલબત્ત, ઈશ્વરને એવું કશુંય ખપતું નથી. તીરુપત્તીના મન્દીરે જઈને વાળ ઉતારનારા ભક્તોને આ સત્ય સમજાશે ?

ચાર–પાંચ વર્ષ પહેલાં ચોમાસામાં વરસાદ નહોતો પડ્યો. લોકો વરસાદની રાહ જોતા હતા. કેટલાક ભગતડા લોકોએ ઉઘરાણાં કરીને વરસાદ આવે એ માટે હોમ–હવન કરાવ્યા; છતાં વરસાદ ન આવ્યો. પછી ઈશ્વરના કોપનાં ડાકલાં વગાડ્યાં, પૃથ્વી પર પાપ વધી ગયાંનાં જુઠાણાં ચલાવ્યાં. પછીના વર્ષે કશાય હોમ–હવન વગર મબલક વરસાદ વરસ્યો. ગયા વર્ષે પૃથ્વી પર વધી ગયેલાં તમામ પાપ આ વર્ષે એકાએક અલોપ અને શાન્ત કઈ રીતે થઈ ગયાં હશે ? તે હવન–ઉત્સાહી ભગતને મેં પુછ્યું, ‘આ વર્ષે શું પૃથ્વી પરનાં તમામ પાપ દુર થઈને પુણ્ય વધી ગયાં છે ? હોમ–યજ્ઞ વગર આ વર્ષે આટલો ધોધમાર વરસાદ કેમ વરસ્યો ? વળી, વરસાદનું આ પાણી વહી જાય છે અને છેવટે દરીયામાં જઈને ખારું થઈ જાય છે; એને જમીનમાં ઉતારવાનું કે જળસંચયનું કામ તમે કેમ નથી કરતાં ? હવન કરવા કરતાં ચેક–ડૅમ કે જળસંચયના અન્ય પ્રયોગો કરવાનું વધુ જરુરી છે એવું તમે કેમ નથી સમજતા ?’ તો તે ભાઈ કહે : ‘એ તો સરકારનું કામ છે.’

છાસવારે બેન્ડવાજાં સાથે વરઘોડા કઢાવતા અને જાત–જાતની શોભાયાત્રાઓ લઈને નીકળી પડતા ‘બાપજીઓ’ને રસ્તા સાફ કરાવવાનું કે સાફ રખાવવાનું કામ કેમ નથી સુઝતું ? ઈશ્વરને વરઘોડા સાથે કદીયે(કશીયે) લેવાદેવા હોય ખરી ? આ તો, બની બેઠેલા ઈશ્વરના એજન્ટોને પોતાનો વટ પાડવો છે, પોતે પુજ્ય અને મહાન છે એવાં તરકટ કરવાં છે અને તેવા દમ્ભીઓને ભોટ શ્રીમન્તોનાં ટોળાં મળી પણ જાય છે. ઈશ્વરના નામે ચાલતાં આવાં ધતીંગો બંધ કરીએ તો ઈશ્વર સ્વયમ્ (જો હશે તો) રાજી થઈને બોલી ઉઠશે : **નો પ્રોબ્લેમ...**

♦

અનુક્રમણીકા

# હીપ્નોટીઝમ દ્વારા આપણને બેવકુફ બનાવનારા લોકોની બહુ મોટી ફોજ છે

હીપ્નોટીઝમ બહુ પ્રચંડ શક્તી છે. એના દ્વારા વ્યક્તીને તેમ જ સમુહને વશ કરી શકાય છે. હીપ્નોટીઝમનો પૉઝીટીવ ઉપયોગ પણ થઈ શકે છે અને નેગેટીવ ઉપયોગ પણ થઈ શકે છે. એક વખત સામેની વ્યક્તીને કે સમુહને વશમાં કરી લીધા પછી તેની પાસે આપણે આપણું ધારેલું કાર્ય આસાનીથી કરાવી શકીએ છીએ.

હીપ્નોટીઝમ માત્ર એ જ નથી, જેના સ્ટેજ પર પ્રયોગો બતાવવામાં આવે છે. એમાં તો સામેની વ્યક્તી સભાન હોય છે. તેને સ્પષ્ટ ખ્યાલ હોય છે કે તેનો ઉપયોગ હીપ્નોટીઝમના પ્રયોગ માટે કરવામાં આવી રહ્યો છે. એ વખતે શરુશરુમાં વ્યક્તી આજ્ઞાંકીત બનીને હીપ્નોટીસ્ટની સુચનાઓ મુજબ વર્તન કરે તો જ તેને વશમાં કરી શકાય છે. જો કોઈ વ્યક્તી બહુ ચંચળ અને મેધાવી હોય તો તેના પર હીપ્નોટીઝમનો પ્રયોગ કરી શકાતો નથી અથવા તો અઘરો પડે છે.

સામાન્ય રીતે રોજીન્દા જીવનવ્યવહારમાં હીપ્નોટીઝમના જે પ્રયોગો થાય છે એ બધા વીચીત્ર હોય છે. પતી–પત્ની, મીત્ર–મીત્ર, નોકર અને માલીક, વેપારી અને ગ્રાહક, ગુરુ અને શીષ્ય, નેતા અને પ્રજા વચ્ચે હીપ્નોટીઝમનો વ્યવહાર સતત ચાલતો જ હોય છે. આપણે જાણીએ છીએ કે પેટ્રોલના ભાવ વધારવાના હોય એના થોડાક દીવસ અગાઉથી અખબારો અને

ટીવી પર ન્યુઝ રજુ થતા રહે છે : ટુંક સમયમાં પેટ્રોલમાં લીટરે પાંચ રુપીયા વધશે. બીજા દીવસે વળી એવું સ્ટેટમેન્ટ છપાય છે કે હવે પેટ્રોલનો ભાવવધારો પાછો ઠેલાયો છે. ત્રીજા દીવસે એવા ન્યુઝ આવે કે ઑઈલ–એજન્સીઓ પેટ્રોલના ભાવવધારા માટે સરકાર પર બહારથી દબાણ કરી રહી છે. પ્રજા આવા સમાચારો રોજ–રોજ વાંચીને પેટ્રોલનો ભાવવધારો સ્વીકારી લેવા તૈયાર થઈ જાય છે. આ માસ હીપ્નોટીઝમ છે. પ્રજાના એક વીશાળ સમુહનું માનસ, અમુક ચોક્કસ હેતુ માટે ચોક્કસ દીશામાં વાળવામાં આવે છે.

વેપારીઓ અને બીઝનેસમેનો હીપ્નોટીઝમ દ્વારા પોતાનો વેપાર વધારતા રહે છે. અખબારમાં ઘણી વખત જાહેરાત આવે છે કે ‘લગ્નની મોસમ આવી રહી છે, સોનાના ભાવ વધે એ પહેલાં દાગીના ખરીદવાની આ છેલ્લી તક છે.’ આવી જાહેરાતથી ભોળા લોકો ભરમાય છે અને પછી સસ્તું મેળવવા લાઈનમાં ઉભા રહે છે. વેપારીઓ એનો લાભ લે છે. એક વખત ભીડ જમા થઈ જાય પછી તો ફાવે એમ લુંટ ચલાવી શકાય.

એક વખત અખબારમાં એવા ન્યુઝ છપાયા કે ગુજરાતમાં ફલાણા ગામ પાસે સચીન તેન્ડુલકરે પ્લૉટ ખરીદ્યો છે. વળી બે–ચાર દીવસ પછી ન્યુઝ છપાયા કે સચીન તેન્ડુલકરના પ્લૉટની થોડેક જ દુર અમીતાભ બચ્ચને વીશાળ પ્લૉટ ખરીદ્યો છે. આવા ન્યુઝ વાંચીને શ્રીમંતોને પેલી જગ્યાએ પ્લૉટ ખરીદવાની ચટપટી થાય છે. આટલી મોટી સેલીબ્રીટીઝ જે જગ્યાએ પ્લૉટ ખરીદે ત્યાં ટુંક સમયમાં જમીનના ભાવ વધી જશે એમ વીચારીને શ્રીમંતો મોંમાગી કીંમત ચુકવીને જમીન ખરીદી લે છે. પછી બે મહીના બાદ એવા ન્યુઝ આવે કે ગુજરાતમાં સચીન તેન્ડુલકરે કે અમીતાભ બચ્ચને કોઈ પ્લૉટ ખરીદ્યા નથી. આ તરકીબો હીપ્નોટીઝમનું જ એક સ્વરુપ છે.

ભુવા–બાવા અને તાંત્રીકો શું કરે છે ? તેમની પાસે કોઈ મંત્રતંત્ર કે વીશીષ્ટ મેલી વીદ્યાઓ હોતી જ નથી. તે લોકો ભોટ લોકો પર ખોટેખોટો પ્રભાવ પાડીને તેમના માનસને કન્ટ્રોલમાં લઈ લે છે, ગ્રાહકની માનસીકતા પ્રમાણે જુઠાણાંના ડોઝ પીવડાવવામાં આવે છે અને કેવી તથા કેટલી ગરજ છે એ જાણી લઈને ભુવા–તાંત્રીકો તેને રમાડે છે – ખંખેરે છે. એવા વખતે તમે પેલા ભોટ લોકોને સાચી વાત સમજાવવા જશો તો તેઓ તમારી વાત નહીં ગણકારે. તેના દીમાગમાં પેલા તાંત્રીકે વહેમ અને અંધશ્રદ્ધાનો એટલો બધો કીચડ ઠાંસી–ઠાંસીને ભરી દીધો હોય છે કે તમારી સાચી સલાહ માટે એમાં જરાય જગ્યા નથી હોતી.

## મોક્ષનું માર્કેટીંગ :

બાળદીક્ષાની ફેવર કરનારાઓ વાત તો એવી કરે છે કે બાળકને નાની ઉંમરથી જ ધર્મના સંસ્કાર મળે તો મોક્ષમાં તેનું રીઝર્વેશન ફીક્સ થઈ જાય. હકીકતમાં બાળકોનું શોષણ કરવા માટેનું આ ભયંકર ષડ્યંત્ર છે. દીક્ષા પછી તેમના ગુરુએ અથવા તો વડીલ સાધુએ તેમની સાથે કેવા દુર્વ્યવહારો કર્યા હતા એની આપવીતી મેં પાંચેક યુવાન સાધુઓ પાસેથી સાંભળી છે અને તે તમામ સાધુઓ અત્યારે હયાત છે. બાળકને મોક્ષના નામની લાલચ આપીને, બાળકનાં મા–બાપને ક્યારેક મોટી રકમો ચુકવીને દીક્ષાઓ અપાય છે. પછી એ બાળક સાથે સેક્સથી લઈને નોકર જેવી વેઠ કરાવવાના ગોરખ–ધંધા ચાલે છે. જાહેરમાં ગુરુ પેલા બાળકને ‘બાળમુની’, ‘બાળમુની’ કહીને લાડ કરતા હોય અને ખાનગીમાં તેનું કલંકીત શોષણ કરતા હોય એવાં ઉદાહરણો ઓછાં નથી. સાધુઓએ મોક્ષનું માર્કેટીંગ કરવામાં હીપ્નોટીઝમનો જેટલો ઉપયોગ કર્યો છે એટલો તો કદાચ કોઈ મહાન મનોવૈજ્ઞાનીકે પણ નહીં

કર્યો હોય. એક વીશાળ જનસમુહને ખોટા રવાડે ચડાવી દેવો એ હીપ્નોટીઝમને દુરુપયોગ જ છે.

## કુનેહનો દુરુપયોગ :

આપણે કોઈ મોટા મૉલમાં જઈએ છીએ ત્યારે ત્યાં વ્યવસ્થીત અને સુંદર રીતે ગોઠવેલી ચીજો જોઈને ખરીદવા લલચાઈ ઉઠીએ છીએ અને જેની જરુર ન હોય એવી ચીજોના ઢગલા આપણે ઉપાડી લાવીએ છીએ. તમારી સાથે એક પણ શબ્દ બોલ્યા વગર, તમને કશી જ સુચના કે આદેશ આપ્યા વગર તમને ખંખેરી લેવાની આ કુનેહ હીપ્નોટીઝમનો જ એક પ્રકાર છે.

એક બદચલન સ્ત્રી તેના પતીને હંમેશાં ખુબ સાચવતી. પોતે પતીને ઉંડો પ્રેમ કરે છે એવું બતાવતી. એટલું જ નહીં; હંમેશાં તેના પતીને કહેતી : 'તમે કેટલા સારા છો ! ઘણા પતીઓ તો તેમની પત્ની પર વહેમ રાખ્યા કરે છે, ચોકી–પહેરા ગોઠવે છે; પણ તમે મારા સાચા પ્રેમની કદર કરો છો, એટલે મને મારું જીવન હર્યું–ભર્યું લાગે છે. મને તો ભવોભવ તમારા જેવો પ્રેમાળ પતી મળે એવી ભગવાનને હું પ્રાર્થના કરું છું !' તે સ્ત્રીનો પતી સતત હીપ્નોટાઈઝડ થતો રહ્યો... તેની પત્ની ખાનગીમાં રંગરેલીયાં મનાવતી રહી... છેવટે એક વખત પોલીસે રેઈડ પાડી એમાં તે પકડાઈ ગઈ ત્યારે તેના પતીને ભાન થયું કે તેની પત્ની કેવી બદચલન હતી અને પોતાને કેવો બેવકુફ બનાવતી હતી.

## હકારાત્મક ઉપયોગ પણ છે :

હીપ્નોટીઝમ બહુ પ્રચંડ શક્તી છે અને એના દ્વારા ઘણાં ઉત્તમ પરીણામો લાવી શકાય છે. હતાશા હોય ત્યાં ઉત્સાહ છલકાવી શકાય છે,

ગેરસમજ ટાળી શકાય છે, જીવવાનો નવો તરવરાટ પ્રગટાવી શકાય છે, પોતાના લક્ષ્ય અને મંઝીલ સુધી દોડવાનો થનગનાટ જગાડી શકાય છે, એક વીશાળ જનસમુહને દેશભક્તી, ઈમાનદારી વગેરે માટે મક્કમ બનાવી શકાય છે. હીપ્નોટીઝમનો રચનાત્મક ઉપયોગ થાય તો ઘણા લોકોના રોગો પણ દુર કરી શકાય છે; પરંતુ જો આ જ પ્રચંડ શક્તીનો દુરુપયોગ કરવામાં આવે તો અનેક વીનાશક અને ભયાનક અંજામ જોવા પડે છે અને વેઠવા પણ પડે છે. જેને કશી લાલચ નથી, જેને કોઈ સ્વાર્થ નથી, જેને કશું વધારાનું કે ઝડપથી મેળવી લેવાની વૃત્તી નથી એવી વ્યક્તી હીપ્નોટીઝમથી બચી શકે છે. બાકી તો બેવકુફ બનવા આપણી પ્રજા બાવરી છે.

♦

અનુક્રમણીકા

## 13-2015-01-16

# સાવધાન ! હમારે ગુરુજી ગહન સમાધી મેં હૈ...

આપણા દેશમાં કહેવાતા સન્તો અને સાધુ–બાવાઓનાં જે ધતીંગો ચાલે છે, જે બખડજન્તર વધી રહ્યાં છે, એ જોઈને નવી જનરેશનને નાસ્તીક બનવાનો પુરો અધીકાર છે. નીત્યાનન્દો અને આસારામો–નારાયણ સાંઈઓની એક લમ્પટલીલા પુરી થતી નથી; ત્યાં તો બીજો બાવો જમીનમાંથી સોનાના ઢગલા કાઢવાનાં તરંગી ખ્વાબના તમાશા કરાવે છે. કોઈ સાધુ નાના બાળક સાથે સૃષ્ટી વીરુદ્ધનું કૃત્ય કરતાં ઝડપાઈ જાય છે, તો કોઈ સાધુ પોતાના શ્રીમન્ત ભક્તની પત્નીને હૉટેલમાં બોલાવતાં ઉઘાડો પડી જાય છે. બીજી તરફ એક સાધુ મૃત્યુ પામે છે તો પણ; તે સમાધીમાં હોવાનાં ડીંડવાણાં ચલાવીને તેના ગણતરીબાજ ચેલાઓ પ્રજાને ગુમરાહ કરે છે. કોઈક સામૈયાં કરાવે છે –વરઘોડા કઢાવે છે, તો કોઈક તીર્થ અને તીથીના વીવાદો પ્રગટાવીને એક જ ધર્મના લોકોને અલગ પાડે છે.

જે બાવો જમીનમાંથી સોનાના ભંડાર કાઢી આપવાની ગૅરન્ટીઓ આપીને દેશને ગેરમાર્ગે દોરતો હતો એ બાવો અત્યારે ક્યાં છે ? તેને એવાં જુઠાણાં ચલાવવા માટે કેમ કોઈ પનીશમેન્ટ થતી નથી ? પોતાના ગુરુ મૃત્યુ નથી પામ્યા; પણ સમાધીમાં ચાલ્યા ગયા છે અને ગમે ત્યારે પાછા આવશે એવી અફવાઓ ફેલાવનારા વેશધારીઓને પોતાનાં જુઠાણાં પકડાઈ જવાનો ભય પણ કેમ નથી ? આ દેશની પ્રજા ભોટ છે અને પોતે જે રીતે ભરમાવવા ઈચ્છશે એમ તેને ભરમાવી શકશે એવો તેનો ભરોસો કેમ આટલો બધો મજબુત છે ?

ભારતમાં સાધુ–સન્તો અને વૈરાગીઓ–વીતરાગીઓનો જ એક એવો બીઝનેસ છે, જેમાં કદી મન્દી આવતી નથી. આ બીઝનેસમાં કોઈ ઈન્કમ-ટૅક્સ કે વૅટ હોતો નથી. કરોડોનો કારોબાર ખુલ્લેઆમ બે નમ્બરી ચાલે છે. કોઈ ભવ્ય મન્દીર બને છે ત્યારે એના નીર્માણના પૈસા ક્યાંથી આવ્યા, કયા ભક્ત પાસેથી કેટલી રકમ મળી એના પારદર્શક હીસાબો કદી જોવા મળતા નથી. મારું ચાલે તો કોઈ પણ મન્દીરમાં દાનપેટી કે ભંડાર મુકવા પર પ્રતીબન્ધ મુકી દઉં. મન્દીરમાં કોઈ ગુપ્તદાન ન હોવું જોઈએ. ધાર્મીક ટ્રસ્ટ પાસે માત્ર

ચેકનું જ પેમેન્ટ આવેલું હોવું જોઈએ. આવો કાયદો ન હોવાને કારણે દાનની રકમો ટ્રસ્ટીઓ કે પ્રેરક સાધુઓ ખાઈ જાય તોય કોને ખબર પડે ? ભવ્ય મન્દીરના નીર્માણ માટે ભેગી કરેલી બે નમ્બરની તગડી રકમો વીશે – ‘એ તો ભંડારમાંથી ગુપ્તદાનની રકમ મળી હતી’ – એમ કહીને છટકી જવાય છે. બે નમ્બરની રકમોથી આપણાં કહેવાતાં ધાર્મીક સ્થળો ખદબદી રહ્યાં છે, એમાં મુખ્યત્વે તો સાધુ–બાવાઓ જ જવાબદાર છે.

એક મહાશય તો ટીવીની ચૅનલ પર દરબાર ભરીને બેસે છે અને ડફોળ ભગતડાંઓ ઉપર દેવ–દેવીની ‘કીરપા’ (કૃપા) વરસાવી આપવાનાં ધતીંગો ચલાવે છે. કેટલીક ચૅનલો પર તો હવે રીતસર ફંડફાળા ઉઘરાવવાના જ કાર્યક્રમો ચાલે છે. કોઈ ગાયના નામે ફાળો ઉઘરાવે છે, તો કોઈ ગરીબોની સેવા માટે; કોઈ મન્દીરના નીર્માણ માટે, તો કોઈ સાધુ–સન્તોની દવા માટે કે દર્દીઓની સેવા માટે ફંડફાળા ઉઘરાવે છે. આમાં સાચું કેટલું છે, એમાં તથ્ય શું છે – એની કશી જ વીગતો બહાર આવતી નથી. કોઈ પણ ધાર્મીક ટ્રસ્ટના હીસાબો પારદર્શક હોતા જ નથી. બધું સેટલ કરેલું હોય છે, ઍડ્જસ્ટ કરેલું હોય છે. આવું કેમ ?

આસારામ અને નારાયણ સાંઈ જેવાઓ કદી ક્યાંય નોકરી કરવા ગયા નથી કે નથી તેમણે કોઈ બીઝનેસ કર્યો. તો પણ તેમની પાસે હજારો કરોડની સંપત્તીના ઢગલા શાના છે ? મને કોઈ સાધુ ગરીબ દેખાતો નથી અને કોઈ સતીને મેં કદી સુખી જોઈ નથી.

ભારતની કાનુન–વ્યવસ્થા કઢંગી છે. પાપ અને પાખંડ કરનારા ધર્મની ચાદર હેઠળ આસાનીથી છુપાઈ શકે છે. સાધુ–બાવાઓ ખાનગીમાં જે દુરાચારો સેવે છે એ જોતાં તો આપણું સંસારીજનોનું જીવન વધારે પવીત્ર લાગે છે. આપણે ભલે વૈરાગી–વીતરાગીનાં સ્ટીકરો આપણાં નામ આગળ લગાડતાં નથી; છતાં પુરા સ્વાવલમ્બી તો છીએને ! આપણે ભલે આપણાં નામ આગળ બ્રહ્મચારીનું લેબલ લગાડતાં નથી; છતાં આપણે પાખંડી દુરાચારી તો નથી જ !

ભારત સીવાય દુનીયાના કોઈ દેશમાં સાધુ–બાવાઓને ભ્રષ્ટ થવાની આટલી બધી તકો આપવામાં આવતી નથી. મોટો ચરમબન્ધી સાધુ હોય તો પણ ખોટું કરે એટલે તરત તેને પનીશમેન્ટ થાય છે. આપણે ત્યાં તો આસારામ જેવા સાધુઓ જેલમાં બેઠા હોય તો પણ; કોર્ટમાં હાજર થવા બાબતે પોતાના માટે ચાર્ટર્ડ પ્લેનની વ્યવસ્થા કરવા કહી શકે છે, બોલો ! જાણે બહુ મોટી રાષ્ટ્રભક્તી કરતાં–કરતાં જેલમાં ન ગયા હોય !

કોઈ પણ ધર્મ કે સમ્પ્રદાય આજે સાધુઓનાં પ્રદુષણથી મુક્ત નથી. આ બાબતે આપણી પ્રજ્ઞા જાગે, તો **નો પ્રોબ્લેમ...**

♦

અનુક્રમણીકા

## 14-2015-02-27

# ધર્મ મનુષ્ય માટે હીમ્મત બનવો જોઈએ; ડર નહીં

આબરુ જવાનો ડર માણસને સંસ્કારીતાની લક્ષ્મણરેખા ઓળંગવા દેતો નથી. જાનવરને આબરુ જવાનો ભય નથી હોતો, જડ માણસને પણ આબરુ જવાનો ભય નથી હોતો. લોકોમાં બદનામી થશે, સમાજમાં ટીકા થશે એવા ભયને કારણે આપણે કાબુમાં રહીએ છીએ. આપણે કોઈ પણ પ્રકારની મીસબીહેવીયર કરતાં પહેલાં બદનામીના ભયથી ડરતા હોઈએ તો સમજવું કે આપણે ભીતરથી હજી ખાનદાનીનો ખજાનો ખોઈ નથી નાખ્યો. આપણે જડ નથી; આપણે જાનવર પણ નથી.

ભય બે પ્રકારના હોય છે : વાસ્તવીક અને કાલ્પનીક. વાહન ચલાવતી વખતે આપણે નીયમનો ભંગ કર્યો હોય ત્યારે ટ્રાફીક–પોલીસ જોઈ જશે એનો ભય લાગે છે એ વાસ્તવીક ભય છે. આપણે કોઈ મકાનમાં બેઠા હોઈએ અને મકાનને ઓચીન્તી આગ લાગી જાય, ચારે તરફ આગની જ્વાળાઓ પ્રસરી જાય અને આપણે બહાર નીકળી ન શકીએ ત્યારે જે ભય લાગે એ વાસ્તવીક ભય છે. ફેમીલી સાથે પ્રવાસે જવા આપણે નીકળ્યાં હોઈએ, ટ્રેનમાં રીઝર્વેશન કરાવેલું હોય, ઘરથી સમયસર નીકળ્યાં હોઈએ; છતાં રસ્તામાં ટ્રાફીક જામને કારણે આપણે અટવાઈ ગયાં હોઈએ અને ટ્રેન ચુકી જવાશે એવો ભય લાગે એ પણ વાસ્તવીક ભય છે. બીજી તરફ આપણે કાલ્પનીક ભય ઉભા કરીને પણ ડરતા રહીએ છીએ. મૃત્યુ પછી નરકની યાતનાઓ વેઠવી પડશે, ભુત–પ્રેત પજવશે, દેવ–દેવી કોપાયમાન થશે વગેરે પ્રકારના ભય માત્ર અને માત્ર કાલ્પનીક છે.

## મૃત્યુનો ડર :

મૃત્યુ નીશ્ચીત છે એ જાણવા છતાં મૃત્યુથી આપણે હમ્મેશાં ડરી જઈએ છીએ. આપણને કોઈ ગમ્ભીર બીમારી થઈ હોય અને ડૉક્ટર સ્પષ્ટ જણાવી દે કે હવે આપણે બે–ચાર દીવસથી વધુ જીવવાના નથી ત્યારે આપણે ભયભીત થઈ ઉઠીએ છીએ. શું આપણને ખબર નહોતી કે એક દીવસ આપણે મરવાનું જ છે ? શું આપણે જાણતા નહોતા કે મૃત્યુ ગમે એ ક્ષણે આકસ્મીકરુપે આવી શકે છે ? શું આપણને ખબર નહોતી કે આ ઘર–પરીવાર અને સ્વજનો–મીત્રોનો સંગાથ એક ક્ષણે છુટી જ જવાનો છે ? તો પણ આપણને ભય શાનો લાગે છે ? કદાચ આ ભય અજ્ઞાન અને મોહમાંથી પેદા થયેલો છે. મૃત્યુ પછી આપણી કેવી ગતી થવાની છે એની આપણને કશી ખબર નથી. એવા અજ્ઞાનને કારણે એ ભય પેદા થયો હોય અથવા ઘર–પરીવાર વગેરે પ્રત્યે પ્રબળ મોહ હોય અને હવે એ બધું છુટી જાય છે, એ કારણે પણ ભય પેદા થયો હોય. આ પ્રકારના ભયથી બચવાનું અશક્ય નથી. મનને ધીરે–ધીરે એવી પરીસ્થીતી માટે સજ્જ કરતા રહેવું જોઈએ. જ્ઞાનીજનો અને વીર પુરુષો મૃત્યુથી કદી ડરતા નથી. તેઓ તો સામે ચાલીને મોતને ભેટવા જતા હોય છે. એવા લોકો મૃત્યુ પામ્યા પછીયે અમરત્વ પામે છે.

## બદનામીનો ડર :

સંસારમાં એક પણ વ્યક્તી એવી નથી જેને કશો જ ભય ન હોય. પવીત્ર અને પારદર્શક જીવન જીવનારા લોકોને પણ આક્ષેપોનો ભય લાગતો હોય છે. ગુરુનું જીવન પુર્ણરુપે આધ્યાત્મીક અને ઉન્નત હોય; કીન્તુ શીષ્ય અવળચંડો અને અપલક્ષણો હોય તો તેનાં કરતુતોના છાંટા ગુરુને બદનામ કરે છે. ગુરુ, શીષ્યનો ત્યાગ પણ કરી શકતા નથી કે તેને અટકાવી પણ શકતા નથી. આવું ઘણી જગ્યાએ બને છે. ક્યારેક પીતા–પુત્રના સમ્બન્ધમાં પણ

આવી વીકટ પરીસ્થીતી આવે છે. પુત્ર કુછન્દે ચડીને દુષ્કર્મો આચરવા લાગ્યો હોય છતાં પીતા તેને અટકાવી કે ત્યાગી શકતા ન હોય ત્યારે તેમણે બદનામી વેઠવાનો વારો આવે જ છે.

એક સરકારી કર્મચારી ખુબ પ્રામાણીક હતો; પરન્તુ તેના તમામ સાથી કર્મચારીઓ ભ્રષ્ટ હતા. પેલો પ્રામાણીક કર્મચારી કદીયે ખોટું કામ કરે નહીં કે બીજાઓને ખોટું કામ કરવા ન દે. સૌ તેનાથી ત્રાસી ગયા. સૌએ સાથે મળીને એવું ષડ્યન્ત્ર ગોઠવ્યું કે તે સાચા–પ્રામાણીક માણસ પર ગમ્ભીર આરોપો લાગી ગયા. જુઠા પુરાવાઓ પણ મળી ગયા. આખરે તેણે પનીશમેન્ટ ભોગવવી પડી. 'સાચને આંચ નહીં' એવી કહેવત હમ્મેશાં સાચી પડતી નથી. ક્યારેક તો આપણી સચ્ચાઈ દુનીયા સામે સ્પષ્ટ થાય એ પહેલાં આપણે પારાવાર કલંકો અને કષ્ટો વેઠી ચુક્યા હોઈએ છીએ. પાછળથી લોકો સૉરી કહે, દીલગીરી વ્યક્ત કરે, માફી માગે કે આપણું સન્માન પણ કરે; પરંતુ એ માટે જીન્દગીનાં અણમોલ વર્ષોની કીમ્મત આપણી પાસેથી ચુકવાઈ ગઈ હોય છે.

## ધર્મનો ડર :

એક કડવી હકીકત એ છે કે આપણને ભયભીત કરવામાં આપણા તથાકથીત ધર્મનો ફાળો ઘણો મોટો છે. હું તો સ્પષ્ટ માનું છું કે ધર્મ એને જ કહેવાય જે આપણને નીર્ભય બનાવે. તમામ પ્રકારના ભયથી મુક્તી આપે એને જ ધર્મ કહેવો જોઈએ. એના બદલે શું જોવા મળે છે ? અહીં તો ધર્મ પોતે જ જાતજાતના ભય ફેલાવીને બેઠો છે. તમે આ વસ્તુ ખાશો તો પાપ લાગશે, તમે ફલાણી આજ્ઞા નહીં પાળો તો તમને પાપ લાગશે, તમે અમુક પ્રકારનાં વ્રત–તપ કે ક્રીયાકાંડ નહીં કરો તો તમને ભયંકર પાપ લાગશે, તમે ફળ–નૈવેદ્ય

નહીં ધરાવો કે બાધા–આખડી નહીં કરો તો દેવ–દેવી કોપાયમાન થશે. કહેવાતા ધર્મગુરુઓ પણ લોકોને શાપ આપવાના કૉપીરાઈટ લઈને બેસી ગયા છે. ડગલે ને પગલે પાપનો અને નરકનો ભય પેદા કરે એવા ધર્મની આપણને કશી જરુર ખરી ? એક તરફ આપણે એમ કહીએ છીએ કે ઈશ્વર તો પતીતને પણ પાવન કરનારો છે અને બીજી તરફ પુણ્યાત્મા દ્વારા અજાણતાં થયેલી ભુલ માટે પણ ઈશ્વર નરકની સજા કરશે એવી વાતો સાંભળીએ છીએ. આવી સ્થીતીમાં નાસ્તીક માણસને ખુબ નીરાન્ત રહે છે.

♦

અનુક્રમણીકા

## 15-2015-04-24

# ચમત્કાર તો તમે પણ કરી જ શકો છો !

એક માણસ બૅન્કમાં ગયો. પોતાના અકાઉન્ટમાંથી થોડીક રકમ ઉપાડવા માટે સેલ્ફનો ચેક લઈને તે કાઉન્ટર પાસે ઉભો રહ્યો. એ વખતે કૅશીયર થોડે દુર સ્ટાફના બીજા મીત્રો સાથે ટોળટપ્પાં કરવામાં બીઝી હતો. પંદર–વીસ મીનીટ સુધી પેલો માણસ રાહ જોતો રહ્યો. તે મનમાં અકળાઈ રહ્યો હતો : કૅશીયર કેવો બીનજવાબદાર છે ! દુરથી તેને કાઉન્ટર પાસે ઉભેલો આ માણસ દેખાતો હતો; છતાં તેને કશી પરવા નહોતી ! ડ્યુટી–અવર્સ દરમ્યાન સ્ટાફમીત્રો ગપ્પાં મારીને ક્લાયન્ટને હેરાન કરે એ નીયમવીરુદ્ધ હતું. પેલા માણસનો રોષ વધતો જતો હોવા છતાં તે ખામોશ રહ્યો. તેણે વીચારી લીધું કે આ કૅશીયરને અવશ્ય પાઠ ભણાવવો પડશે. એ દીવસે પૈસા લઈને તે કશું જ બોલ્યા વગર ઘરે પાછો આવ્યો. પછી તેણે કૅશીયરના નામે બૅન્કના સરનામે એક સાદો પત્ર લખ્યો. એ પત્રમાં કોઈ પણ પ્રકારનો રોષ ન આવી જાય એની તેણે ચીવટ રાખી.

તેણે માત્ર એટલું જ લખ્યું હતું, ‘ગઈ કાલે હું મારા સેવીંગ્સ અકાઉન્ટમાંથી રકમ ઉપાડવા બૅન્કમાં આવ્યો ત્યારે તમે તમારા સ્ટાફમીત્રો સાથે કશીક અગત્યની ચર્ચામાં મગ્ન હતા; છતાં મને માત્ર પચ્ચીસ મીનીટમાં જ રકમ મળી ગઈ. બીજી કોઈ બૅન્કમાં મારે આ કામ કરાવવાનું હોત તો ત્યાંના કૅશીયરની બેફીકરાઈ અને બીનજવાબદારપણાને કારણે મારે ઘણો વધારે સમય કદાચ રાહ જોવી પડી હોત. તમે ચર્ચા અધુરી મુકીને આવ્યા અને મને રકમ આપી એમાં તમારી નીષ્ઠા અને સદ્ભાવ મને દેખાયાં. હું તમારો આભાર માનું છું અને તમારી ફરજનીષ્ઠાને બીરદાવું છું.’

પોતાનું નામ, અકાઉન્ટ નંબર વગેરે લખ્યાં, પછી પત્ર પોસ્ટ દ્વારા મોકલી આપ્યો.

એકાદ અઠવાડીયા પછી આ માણસ બૅન્કમાં ગયો ત્યારે પેલો કૅશીયર ખુબ ગળગળો થઈને તેને ભેટી પડ્યો, પોતાની બેદરકારી માટે માફી માગી અને ફરીથી કોઈની સાથે એવી બીહેવીયર નહીં કરવાની ખાતરી ઉચ્ચારી.

ગુસ્સે થઈને ગાળો બોલી શકાય, તેનું ઈન્સલ્ટ કરી શકાય, તેને નીયમો અને કાનુન વીશે મોટા અવાજે વાત કરીને ઉતારી પાડી શકાય, થોડીક વાર માટે પોતાનો રુઆબ બતાવી શકાય, ત્યાં ઉભેલા અન્ય અજાણ લોકો ઉપર વટ પાડી શકાય; પણ આ બધું કર્યા પછીયે કેશીયરને સુધારી શકાયો ન હોત. કદાચ તે વધુ બેફામ અને બેદરકાર એટલે કે નફ્ફટ થઈ ગયો હોત. પણ આ સફળ ઉપાય હતો.

આવી જ એક બીજી ઘટના છે. એક મૅડમ સાડીઓના મોટા શોરુમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં; પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગૅરન્ટી ખોટી પડી. એ મૅડમે પોતાના ડ્રાઈવર સાથે શોરુમના માલીકને એક પત્ર મોકલ્યો : 'તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બીલ પરત મોકલું છું. તમારા શોરુમના સેલ્સમૅને ગેરન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે; પરંતુ એ બીલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલીંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરુમની પ્રતીષ્ઠાને કલંક લાગે. એક સાડી બગડવાથી મને તો બે–ત્રણ હજારનું જ નુકસાન થયું છે; પણ એટલા જ કારણે તમારા શોરુમની પ્રતીષ્ઠા ઝંખવાય તો તમને મોટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમૅન પર ભરોસો છે. કદાચ તેણે ભુલથી મને વધુ પડતી ગૅરન્ટી આપી હોય. તમે પ્રામાણીક વેપારી તરીકે વધુ કામીયાબ થાઓ એવી શુભેચ્છાઓ.'

શોરુમનો માલીક એ પત્ર વાંચીને ગદ્ગદ થઈ ગયો. તેણે એ જ રાત્રે પોતાના સેલ્સમૅન દ્વારા વધુ કીમતી એક નવી સાડી મોકલી આપી, સાથે દીલગીરીના થોડાક શબ્દો પણ.

ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરું; પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને ! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરી છીએ, આપણું બ્લડપ્રેશર વધારીએ છીએ અને એટલું કર્યા પછીયે પૉઝીટીવ રીઝલ્ટની ગૅરન્ટી તો નથી જ મળતી !

કોઈ પણ વ્યક્તીને પોતાની અપ્રીસીએશન–કદર થાય એ ગમતું જ હોય છે. પોતે ખરાબ અને ખોટા હોવા છતાં ટીકા સાંભળવાની તૈયારી કદી નથી હોતી. કદર કરવામાં કરકસર કરવાની જરુર નથી. કદર કરીને આપણે કેટલાક ચમત્કારો કરી શકીએ છીએ. દરેક વખતે ચમત્કાર કરવા કુદરત પોતે આપણી સમક્ષ હાજર થતી નથી. કેટલાક ચમત્કાર તો માણસ દ્વારા જ કરાવે છે. શક્ય છે કે આપણા હાથે પણ આવો કોઈ ચમત્કાર કરાવવા ઉત્સુક હોય. ચમત્કાર કરવાનું આ સીમ્પલ લૉજીક માફક આવી જાય તો આવેશની ક્ષણે પણ આપણે આત્મવીશ્વાસથી કહી શકીશું : **નો પ્રોબ્લેમ…!**

♦

અનુક્રમણીકા

## 16-2015-05-15

# બાળદીક્ષા એટલે બળાત્કાર

હેડીંગ વાંચીને જરાય ભડકશો નહીં. મારા અને તમારા વીચારો ડીફરન્ટ હોઈ શકે છે, નોટ ઓન્લી ડીફરન્ટ, અપોઝીટ પણ હોઈ શકે છે. 'અપોઝીટ એટલું ખોટું' એવું સમજીને આપણે સતત ખોટ ખાધી છે. સાચો અનેકાન્તવાદી તો અપોઝીટ વીચારમાંથીય સત્ય પામવાનો પુરુષાર્થ કરશે.

સૌ પ્રથમ 'બળાત્કાર' શબ્દના સંકુચીત અર્થમાંથી આપણે બહાર નીકળી જઈએ. બળાત્કાર માત્ર સેક્સ્યુઅલ દુર્ઘટના માટેનો જ પર્યાય નથી. બળાત્કારનો અર્થ શબ્દકોશમાં બતાવ્યા મુજબ, કોઈકના પર બળજબરી કરવી કે કોઈકની પાસે તેની મરજી વીરુદ્ધ આપણા સ્વાર્થનું કોઈ કામ કરાવવું એવો થાય છે.

હું જ્યારે પણ ક્યાંય પણ બાળદીક્ષા થતી હોવા વીશે સાંભળું છું, ત્યારે બાળકની મુગ્ધતા ઉપર બળાત્કાર થતો હોય એવું ફીલ કરું છું. બાળદીક્ષા આપનારા ગુરુઓ (?) ઉપર મને ઘૃણા જાગે છે અને બાળદીક્ષા અપાવનારાં પેરન્ટ્સ પ્રત્યે કરુણા જાગે છે. લખોટીઓ રમવાની કે ભણવાની ઉંમરે બાળક ને બાવો બનાવી દેવો એ બળાત્કાર નથી તો બીજું શું છે ?

કેટલાક કહેવાતા 'ગુરુઓ' ઈરાદાપુર્વક બાળકોને તથા તેમનાં પૅરન્ટ્સને અજ્ઞાન અને અન્ધશ્રદ્ધાની લહાણી કરતા રહે છે. 'સંસાર અસાર છે', 'સંસાર કાદવ છે', 'સંસાર જ પાપનું મુળ છે' – એવી પોપટરટ કરતા રહીને સંસાર પ્રત્યે નફરત ફેલાવવાનો હૉલસેલ કારોબાર કરતા રહે છે. સંસાર જો અસાર જ હોય તો આટલા તીર્થંકરો, દેવો, સન્તો કોણે આપ્યા ?

મહાવીર પણ સંસારમાંથી જ આવ્યા અને હેમચન્દ્રાચાર્ય પણ સંસારે જ આપ્યા છે... સંસાર કાદવ હોય તો ભલે રહ્યો, કાદવ પાસે કમળ ખીલવવાનું સામર્થ્ય છે. જે લોકો કાદવના આ સામર્થ્યને ઓળખી નથી શક્યા, તેઓ સંસારને ધીક્કારતા રહે છે.

આપણે ત્યાં ઠેરઠેર બાળકના ઈનોસન્ટ માઈન્ડમાં એકનું એક જુઠાણું વારમ્વાર કહીને એની મુગ્ધતાને છેતરવાનું પાપ થતું રહે છે. પૅરન્ટ્સ ઈચ્છાએ કે અનીચ્છાએ પાપ પર પોતાની સમ્મતીની મહોર લગાવતાં હોય છે. બાળકને લેટેસ્ટ ટૅક્નોલૉજી દ્વારા ઈન્ટેલીજન્ટ પર્સનાલીટી બનાવવાને બદલે કોઈ અપાસરાના ખુણામાં ગુરુના પગ દબાવવા, ગુરુનાં કપડાંના કાપ કાઢવા, ગુરુની ગોચરી વહોરવા કે 'ગુરુદેવો ભવ'નો મન્ત્રજાપ કરવા ગોઠવી દેવામાં આવે છે. એના આત્માનું કલ્યાણ કેટલું થયું, એની મોક્ષ તરફ ગતી થઈ કે નહીં; એનું તો ક્યાં કોઈ સર્ટીફીકેટ આપવામાં આવે છે ? એ તો બધું માત્ર માની લેવાનું અને ધન્ય ધન્ય થઈ ઉઠવાનું ! સત્યથી તદ્દન વેગળી વાતને પણ સત્ય માની લેવામાં આપણી તોલે કોઈ આવે તેમ નથી !

હું એવા અનેક મુનીઓ–પંન્યાસોના સંપર્કમાં આવ્યો છું કે જેઓએ બાળદીક્ષા લીધી હતી અને અત્યારે યુવાન વયના છે. એ સૌ અત્યારે ધોબીના કુતરા જેવી જીન્દગી જીવી રહ્યા છે; નથી સંયમમાં સ્થીર થઈ શકતા, નથી સંસારમાં પાછા આવી શકતા ! એક પંન્યાસજીએ પોતાનું નામ જાહેર નહીં કરવાની વીનંતી સાથે કહ્યું કે, 'સંયમજીવન પવીત્ર છે કે નહીં એ વીશે મારે કશું જ કહેવું નથી; પણ સંસાર છોડ્યા પછી મને એટલું સમજાઈ ગયું છે કે સંયમજીવન કરતાં સંસારનું જીવન વધારે સુખમય અવશ્ય છે!' એક વડીલ મુની કહે છે, 'બાળદીક્ષા આપનાર અને અપાવનાર બન્ને પાપી છે; કારણ કે એમાં દીક્ષા લેનાર વ્યક્તીની પક્વ સમજણ(મેચ્યોરીટી)ની સમ્મતી લેવામાં

આવતી નથી; પણ તેના ભોળપણ સાથે છેતરપીંડી જ કરવામાં આવે છે.’ એક યુવાન મુનીએ બળાપો કાઢ્યો કે, ‘દીક્ષા લીધા પછી પણ અમારે સંસારની વચ્ચે જ રહેવાનું હોય છે ને ! એટલે મન સંસાર પ્રત્યે આકર્ષાયા વગર રહેતું નથી. સંસાર છોડીને જંગલના એકાન્તવાસમાં રહેવાનું હોય તો વાત જુદી છે. વળી, અમારા ગુરુઓને હવે ભગવાનની પ્રતીષ્ઠાના નામે પોતાની પ્રતીષ્ઠા કરાવવામાં, વરઘોડા–સામૈયાં કઢાવવામાં વધારે રસ પડે છે. દીક્ષા પછીના અમારા અભ્યાસ અને સ્વાધ્યાય અંગે એમને ભાગ્યે જ ફુરસદ મળે છે. મોટા ભાગે દરેક ગુરુ પાસે પોતાના જાતજાતનાં પ્રોજેક્ટ્સ હોય છે. એ પ્રોજેક્ટ્સ પૂરાં કરવાની લાયમાં ગુરુઓ ઓવરબીઝી રહે છે. નવદીક્ષીતના સંયમ–ઘડતર માટે તેઓ પૂરતો સમય ફાળવી જ નથી શકતા અને એમને એટલી પરવાય હોતી નથી. છેવટે એમ થાય છે કે આના કરતાં તો સંસાર ભોગવ્યો હોત તો સારું હતું !’

ભગવાન મહાવીરે બાળદીક્ષા લીધી નહોતી. ચોવીસ તીર્થંકરો પૈકીના કેટલા તીર્થંકરોએ બાળદીક્ષા લીધી હતી ? બાળદીક્ષા લઈને એક વ્યક્તી હેમચન્દ્રાચાર્ય પાકે એટલે દરેક વ્યક્તી હેમચન્દ્રાચાર્ય જ બનશે એમ માની ને હજારો–લાખો બાળકોને મુંડી નાખવામાં શાણપણ નથી. બાળદીક્ષા સફળ થયાનાં જાહેર ઉદાહરણો કરતાં બાળદીક્ષા નીષ્ફળ ગયાનાં ખાનગી ઉદાહરણોની સંખ્યા વધારે છે. કેટલાક સાધુઓ યુવાનીમાં દીક્ષા છોડીને પાછા સંસારમાં આવી જાય છે. ઘણા પાછા નથી આવી શકતા એનો અફસોસ અનુભવે છે તો ઘણા સાધુઓ પછી પોતાના મન સાથે સમાધાન કરીને સાધુપણામાં જ રહીને ખાનગી ગોરખધંધા શરુ કરી દે છે.

મારી દષ્ટીએ તો જ્યાં સુધી વ્યક્તી ગ્રેજ્યુએશન સુધીનો સ્ટડી ન કરે ત્યાં સુધી તેને દીક્ષા આપવી જ ન જોઈએ. જો વ્યક્તી ગ્રેજ્યુએશન સુધીનું એજ્યુકેશન પામી હોય તો તેનું બૌદ્ધીક સ્તર નક્કર બન્યું હોય, કુદરતી આવેગોને ઓળખી શકે એટલી તેની શારીરીક પુખ્તતા પાંગરી ચુકી હોય. પુખ્ત વ્યક્તી જે નીર્ણય લેશે તે પોતાની સમજણથી અને મરજીથી જ લેશે ! કોઈના ઉધાર ગાઈડન્સથી પ્રેરાઈને એ કોઈ ઉતાવળીયો કે ખોટો નીર્ણય નહીં લે.

બાળવયે દીક્ષા લીધા પછી પુખ્તવયે વ્યક્તી શારીરીક અને માનસીક રીતે ડામાડોળ બને છે. એને સેક્સની પણ આવશ્યક્તા સમજાય છે. યૌવનના આરંભે તેની સહજ વૃત્તી જાગે છે અને એ કારણે જ વીવીધ ધર્મોના સાધુ–સમાજનાં સજાતીય–વીજાતીય સેક્સ–સ્કેન્ડલોની ઘટનાઓ આપણને મીડીયામાં વારંવાર જોવા–વાંચવા મળે છે ! એવી ઘટનાઓ મીડીયા સુધી ન પહોંચે તે માટે યેનકેન પ્રકારેણ દબાવી દેવામાં આવે છે. મીડીયામાં પ્રગટ ન થયેલી ઘટનાઓની સંખ્યાય આપણે ધારીએ તેટલી ઓછી નથી !

લગ્ન કરવા માટે વ્યક્તીની પુખ્ત વય કમ્પલસરી છે. બાળલગ્ન ગેરકાનુની છે. જો સંસાર માંડવા માટે પુખ્ત વય કમ્પલસરી હોય તો, સંસાર છોડવા માટે પુખ્ત વય કમ્પલસરી કેમ ન હોય ? સંસાર શું છે એ સમજ્યા વગર વ્યક્તી સંસાર માંડી ના શકતી હોય તો સંસાર શું છે એ સમજ્યા વગર એને છોડીય કેમ શકે ? એની જીન્દગીનો મહત્ત્વનો નીર્ણય એની પુખ્ત સમજણને જ કરવા દો ને ! તમે વડીલ ખરા, તમે એના હીતેચ્છુયે ખરા; પણ જો તમે તમારો જ નીર્ણય એના ઉપર લાદી દો તો એ બળાત્કાર જ ગણાય.

સાચા સાધુત્વની ઓળખ સહજ પ્રસન્નતા છે. આવી પ્રસન્નતા સમજણપુર્વક સ્વીકારેલા સંયમમાંથી જ પ્રગટતી હોય છે. આપણે મીથ્યા અહોભાવને સહેજ બાજુએ રાખીને સ્ટડી કરીએ તો કેટલા સાધુઓના ચહેરા ઉપર સહજ સ્મીત અને સો ટચની પ્રસન્નતા જોવા મળે છે ? મોટા ભાગનાં સ્મીત ગણતરીવાળાં હોય છે. મોટી રકમના ફંડફાળા આપનારા ભક્તો પુરતાં અનામત હોય છે. પોતે ઉભાં કરેલાં ટ્રસ્ટોને સમૃદ્ધ કરવાના ઉધામા, પોતે સ્થાપેલાં તીર્થોના વીકાસ માટેની વ્યુહરચનાઓ, પોતાનાં જ લખેલાં પુસ્તકોની ‘ઓપન બુક એક્ઝામ’ દ્વારા પુસ્તકોનું વેચાણ કરવાની વેપારીવૃત્તી, વરઘોડા–સામૈયાં–પંચાંગો વગેરે કારોબારોમાં પ્રસન્નતા તો સાવ તળીયે દટાઈ ગયેલી હોય છે. ધર્મની પ્રભાવના કરવા કરતાં પોતાનો વ્યક્તીગત પ્રભાવ પાડવાની મથામણ વીશેષ જોવા મળે છે. વાક્ચતુર સાધુઓ નાનાં બાળકોનાં પૅરન્ટ્સને મોટી રકમો આપીને દીક્ષા અપાવવા માટે લલચાવે છે. ગરીબ પૅરન્ટ્સ મજબૂરીથી કે મરજીથી સોદાબાજી કરી નાખે છે અને એનું પરીણામ આખરે એમનાં સન્તાનોએ વેઠવું પડે છે.

બાળકનું મન કોરી સ્લેટ જેવું હોય છે, ભોળું અને મુગ્ધ હોય છે. એને પોતાના ભવીષ્યની કલ્પના નથી હોતી. આપણે જે બતાવીએ એ જ એ જુએ છે, આપણે સમજાવીએ એવું જ એ સમજે છે, કારણ કે એને કશો અનુભવ નથી હોતો. દીક્ષા લીધા પછી જ્યારે પુખ્તવયે એને સત્ય સમજાય છે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

અધ્યાત્મની બાબતમાં આપણે પરમ્પરાથી એક ગેરસમજને બડા જતનથી ઉછેરી રહ્યા છીએ. સુખદ્રોહી થવું એ જ અધ્યાત્મ છે; કારણ વગરનાં કષ્ટ વેઠવાં એ જ ધર્મ છે, સુખ ભોગવવું એ પાપ છે – એવી ગેરસમજ આપણને ગળચટી લાગે છે. આવતા ભવમાં કાલ્પનીક સુખો

મેળવવા માટે વર્તમાનનાં વાસ્તવીક સુખોને ઠોકર મારવાના મુર્ખામીભર્યા ઉપદેશો આપણે હોંશેહોંશે સાંભળ્યા કરીએ છીએ. સુખ એટલે શું, સંસાર એટલે શું, સંયમ એટલે શું વગેરે વીશે બાળકના દીમાગમાં પક્વ સમજણ પ્રગટે એટલી તો રાહ જુઓ !

બાળમજુરી કરાવવી એ ગુનો છે. બાળલગ્ન કરાવવાં એ ગુનો છે. બાળકને પનીશમેન્ટ કરવી એ ગુનો છે. બાળકને શીક્ષણથી વંચીત રાખવું એ પણ અપરાધ છે તો પછી બાળકને બાવો બનાવી દેવો એ અપરાધ નથી ? બાળદીક્ષા બાબતે કાનુની પ્રતીબંધ હોય કે ન હોય, દરેક પૅરન્ટ્સે અને સાચા ગુરુઓ એ આ અંગે ગંભીર ચીન્તન કરીને ધર્મના હીતમાં બાળદીક્ષા અટકાવવી જ જોઈએ. હીન્દુ શાસ્ત્રોમાં માનવીના આયુષ્યને ચાર ખંડોમાં વહેંચવામાં આવ્યું છે...

(1) બાલ્યાશ્રમ : બાળઅવસ્થા રમતગમત, શીક્ષણ તેમજ વીવીધ કૌશલ્યો કેળવવા માટે.

(2) ગૃહસ્થાશ્રમ : યુવાન–અવસ્થામાં લગ્ન કરીને સાંસારીક ધર્મો (કર્તવ્યો)નું અનુપાલન કરવું.

(3) વાનપ્રસ્થાશ્રમ : પ્રૌઢ વયે પોતાનાં સન્તાનોને માર્ગદર્શન આપવું અને તેમનો ઉત્સાહ વધારવો.

(4) સંન્યાસાશ્રમ : છેલ્લે સંન્યસ્ત જીવન સ્વીકારીને સાંસારીક જવાબદારીઓની પળોજણથી છુટીને કશાય વળગણ વગરનું મુક્ત જીવન જીવવું.

માનવજીવનના આ ચાર તબક્કાઓ કોઈ અજ્ઞાની, મુર્ખ કે બુદ્ધીહીન વ્યક્તીએ નક્કી નથી કર્યા; અત્યન્ત અનુભવી, ચીન્તનશીલ અને પ્રજ્ઞાવાન લોકોએ નક્કી કર્યા છે

અલબત્ત, માનવીના આયુષ્ય વીશે કોઈ ગેરન્ટી નથી હોતી. તે કેટલું જીવશે તે નક્કી નથી હોતું. એટલે પ્રારમ્ભથી જ ધર્મમય, સંસ્કારી જીવન જીવવું જરૂરી છે. બાલ્યકાળમાં અને યુવાવસ્થામાં પણ ધર્મના પાટા (ટ્રેક) ઉપર સંસારની ટ્રેન ચલાવવી જોઈએ. સંસાર પ્રત્યે દ્વેષ અને ઘૃણા કરવાની જરૂર નથી, સંન્યાસ પ્રત્યે મીથ્યા અહોભાવથી તણાઈ જવાની પણ જરુર નથી.

વૃક્ષ પરનું ફળ પાકે ત્યાં સુધી પ્રતીક્ષા કરવી જરુરી હોય છે. કાચું ફળ ખાટું લાગશે. બાળક કાચું ફળ છે. તેની મુગ્ધ વય સત્યાસત્યનો વીવેક કરવા સમર્થ હોતી નથી. એટલું જ નહીં, એની પોતાની સ્વસ્થ રુચી અને તટસ્થ નીર્ણયશક્તી પાંગરી હોતી નથી. આવા તબક્કે એને આપણી પસંદગી કે રુચીના માળખા તરફ ઢસડી જવો એ બળાત્કાર જ છે.

બાળકને ધર્મના સંસ્કારો આપવા, માનવમુલ્યોનો પાઠ ભણાવવો એ જુદી વાત છે અને તેને સંસાર પ્રત્યે ઘૃણા કરતો કરી દેવો એ જુદી વાત છે. બાળવયે દીક્ષા લઈ લીધા પછી પુખ્ત વયે પસ્તાવો થાય તોય પાછા વળવાનું ક્યારેક શક્ય નથી બનતું, એટલે છેવટે ખાનગીમાં આચારશીથીલતા પાંગરતી રહે છે. વળી એ કારણે સંયમજીવન અને ધર્મ બન્ને પ્રદુષીત થાય છે.

સો વાતની એક વાત, બાળદીક્ષાની ફેવરમાં જેટલી દલીલો થઈ શકે છે એના કરતાં તેની અનફેવરમાં વધારે અને પ્રબળ દલીલો થઈ શકે છે. એ માટે અજ્ઞાન, અન્ધશ્રદ્ધા ત્યજીને સ્વસ્થ–તટસ્થ સમજ કેળવાય તો **નો પ્રોબ્લેમ…!**

♦

અનુક્રમણીકા

**17-2015-06-19**

## પ્રત્યેક ગુરુમન્દીર મોહનું સ્મારક છે

એક તરફ મોહ છે તો બીજી તરફ મોક્ષ છે. મોહ એટલે હથેળીમાં મુકેલો ગોળ અને મોક્ષ એટલે કોણીએ વળગાડેલો ગોળ. હથેળીનો ગોળ ગમે ત્યારે ચાખી શકાય; પણ કોણીએ વળગેલો ગોળ કદી ચાખવાનો હોતો નથી, માત્ર એને ચાખવાનાં હવાઈ ખ્વાબ જોવાનાં હોય છે. આપણને ધર્મના નામે સદીઓથી ઉંઠાં ભણાવવામાં આવ્યાં છે કે હાથમાં રહેલા ગોળ (સંસાર)ને ચાખવો એ પણ પાપ છે; ભલે એનો સ્વાદ મધુરો લાગતો હોય; છતાં એને કડવો કહીને ફેંકી દો. સ્વાદ માણવો હોય તો કોણીએ વળગેલા (મોક્ષ) ગોળનો માણો; ભલે એના સ્વાદનો કોઈ જ અનુભવ ન થતો હોય.

હાથમાં છે – રોકડું છે; એ ફેંકી દો અને કોણીએ છે – ઉધાર છે; એને પામવા વલખાં મારો તો તમે ધાર્મીક ગણાઓ, તો જ તમે આધ્યાત્મીક ગણાઓ. આપણો ધર્મ મુર્તીપુજા અને વ્યક્તીપુજામાં સદીઓથી અટવાઈ ગયેલો છે. હવેના સાધુઓએ ભગવાનનાં મન્દીરો બનાવવાની સાથોસાથ ગુરુમન્દીરો પણ બનાવવા માંડ્યાં છે. કોઈ પણ સાધુ અવસાન પામે એટલે તેના અન્તીમ સંસ્કારની દરેક વીધી માટે વેપાર થાય. જે ભક્ત વધુ પૈસા ખર્ચે તે દોણી પકડે, તે ઠાઠડી (પાલખી) ઉપાડે, તે અગ્નીદાહ આપે, વગેરે. આ વેપાર હવે કરોડો રુપીયાના આંકડે પહોંચ્યો છે. એવા મૃત્યુના વેપારમાંથી ‘ગુરુમન્દીર’ બનાવીને હજારો લોકોને વ્યક્તીપુજા તરફ ધકેલવાનું પાપ પ્રસરી રહ્યું છે. ગુરુના અન્તીમ સંસ્કાર માટેના ચડાવાની રકમમાંથી ગરીબ માણસો અને શ્રાવકો માટેની કોઈ યોજના નથી બનતી.

આપણને મોહ છોડવાનો ઉપદેશ આપતા સાધુઓને તેમના ગુરુ પ્રત્યે એટલો તીવ્ર મોહ અને રાગ હોય છે કે તેનું મન્દીર બનાવ્યા વગર રહી નથી શકતા. મારી દૃષ્ટીએ ગુરુમન્દીર એ મોહનું સ્મારક છે. વેવલાઈનું વરવું પ્રદર્શન છે. ઈશ્વરની પુજા–આરતી ઓછી પડી તે હવે ગુરુના નામની પુજા–આરતી કરાવવા માંડ્યા ! ધર્મમાંય નવાં ધતીંગો તો ઉભાં કરવાં જ પડેને ! એના વગર ભોટ શ્રીમંત ભક્તોને ખંખેરી કેમ શકાય ?

ગયા અઠવાડીયે મારી સામે એક પ્રશ્ન આવ્યો. જૈન ધર્મમાં ચળવળો (ચળવલો) નામનું એક ઉપકર્ણ છે. સાધુઓ પાસે ‘રજોહરણ’ હોય એ જ રીતે શ્રાવક–શ્રાવીકાઓ જ્યારે સામાયીક કે પ્રતીક્રમણની ક્રીયા કરવા બેસે ત્યારે સાથે ‘ચરવળો’ લઈને બેસે. ક્રીયા દરમ્યાન વચ્ચે ઉભા થવું હોય તો એ ચરવળો લઈને જ ઉભા થઈ શકાય. પ્રશ્ન એ હતો કે પુરુષો માટેના ચરવળાની દાંડી ‘ગોળ’ અને સ્ત્રીઓ માટેના ચરવળાની દાંડી ‘ચોરસ’ કેમ હોય છે ? એનું કારણ શું ? મને પણ એનો જવાબ જાણવાની ઉત્કંઠા થઈ. હાથવગાં પુસ્તકો ફંફોસ્યાં. એ દ્વારા જે જવાબ જડ્યો એ આવો હતો : સ્ત્રી એટલે વાસનાનું પ્રતીક. એનાથી ચારે દીશામાંથી મુક્તી મેળવવાની હોય છે એટલે તેના ચરવળાની દાંડી ચોરસ હોય છે. ચરવળાની દાંડી ગોળ હોય તો વાસનામાંથી મુક્તી ન મળે અને ચોરસ હોય તો મુક્તી મળે એવું હોય ખરું ? એના ગર્ભીત અર્થનાં મુળ તો છેક સૅક્સ સુધી જતાં હતાં.

હવે વીચાર કરો કે સામાયીક–પ્રતીક્રમણની ક્રીયા કરવાની હોય ત્યારે પુરુષો અને મહીલાઓ માટે સ્થાપનાજી એક જ હોય, કટાસણાં સમાન હોય, નવકારવાળી (માળા) સમાન હોય, પણ ચરવળાની દાંડી જુદી જોઈએ. સ્ત્રી અને પુરુષને વાતે–વાતે જુદા પાડવાની આપણી ભ્રષ્ટ પરમ્પરાનો આ એક

પ્રયોગ છે એથી વીશેષ કાંઈ નથી. પ્રતીક્રમણમાં પણ વીધી પુરુષ કરાવતો હોય તો સ્ત્રીને એ વીધી ચાલે, પણ જો પુરુષને વીધી ન આવડતો હોય અને સ્ત્રી વીધી કરાવે તો પુરુષને માટે એ અસ્વીકાર્ય ગણાય. પશુ–પંખી અને જંતુના આત્માઓ વચ્ચે પણ ભેદ ન કરવાનો બોધ આપનારા, સ્ત્રી–પુરુષના આત્મા આગળ આવીને અટકી પડ્યા– ભટકી ગયા.

મોહ છોડવો જ હોય તો પુરુષપણાનો અને ગુરુપણાનો મોહ છોડો. આજે કોઈ ગુરુ પોતાના શીષ્યોને લેખીતમાં એમ કહેવા તૈયાર છે ખરા કે : ‘મારા અવસાન પછી મારા ભક્તોને ગેરમાર્ગે દોરનારાં ગુરુમન્દીરો બનાવશો નહીં ?’ હું મારા ગુરુ માટે મન્દીર નહીં બનાવું અને તમારે મારા માટે મન્દીર નહીં બનાવવાનું. વ્યક્તીના યોગ્ય ગુણોને યથાશક્તી અનુસરો ભલે; પણ તે વ્યક્તીની પુજા કરવાની જરુર નથી. ગુરુમન્દીરો બનાવીને તો ઉલટાનું આપણે છીછરા–અધુરા છીએ એવું પુરવાર કરીએ છીએ. હકીકતમાં કોઈ પણ મન્દીર એ આજકાલ તો અધ્યાત્મનો સુપર મૉલ બની ગયું છે. ભારતમાં ધર્મના નામે જેટલા કરોડ રુપીયાનું ટર્નઓવર થાય છે એટલું અન્ય કોઈ ઈન્ડસ્ટ્રીમાં નથી થતું. ધર્મના નામે ચાલતા આ વેપાર–કારોબારનાં પલાખાં સમજાય તો **નો પ્રોબ્લેમ...!**

♦

અનુક્રમણીકા

**18-2015-07-24**

## શરીરને કષ્ટ આપવું એ ધર્મ નથી; શરીરનાં કષ્ટો ટાળવાં એ ધર્મ છે

આ જગતની સૌથી મોટી અજાયબી શરીર છે. શરીર ખાઈ શકે છે, પચાવી શકે છે, જોઈ શકે છે, સુંઘી શકે છે, દોડી શકે છે, થોભી શકે છે, વીક્સી શકે છે અને નષ્ટ પણ થઈ શકે છે. એક શરીરમાંથી બીજું શરીર પ્રસવી શકે છે.

શરીરને સમજ્યા વગર આત્માને સમજવાની એક્સરસાઈઝ કરવી જોઈએ ખરી ? આત્માનું કલ્યાણ કરવા માટે શરીરને કષ્ટ આપવું જરુરી ખરું ? શરીરનો વાંક શો છે એ તો કહો! જે શરીર આપણા તથા કથીત આત્માને રહેવા માટે જગ્યા આપે છે, જે શરીર આત્મા પાસેથી કદીયે ભાડું–રેન્ટ કે કીરાયા માગતું નથી એ શરીર પર આત્માના કલ્યાણ માટે જુલમ ગુજારવો એ બેવકુફી છે કે પાપ છે ?

શરીરનો કોઈ વાંક નથી; તો પણ એને ભુખ્યું રાખો. શરીરનો કોઈ જુર્મ નથી; છતાં એને ત્રાસ આપ્યા કરો. એની પાસે બ્રહ્મચર્ય પળાવો. એને ઉઘાડા પગે દોડાવો. એના વાળ ખેંચી કાઢો. આવું કરો તો તમે મહાત્મા ? એક મહાશય મને કહેતા હતા, ‘તમે માત્ર બે જ દીવસ માટે સાધુજીવન જીવી બતાવો તો તમને ખબર પડશે કે એમાં કેટલું કષ્ટ છે અને એ જીવન કેટલું અઘરું છે !’ મેં તેમને કહ્યું કે પ્રથમ વાત તો એ છે કે એવું કશુંય કરવાની જરુર જ શી છે ? બીજી વાત એ છે કે કોઈ કામ અઘરું અને કષ્ટદાયક હોય એટલા જ કારણે એને પવીત્ર કેમ માની લઈ શકાય? પર્વતની ટોચ પર જઈને ખીણમાં કુદકો મારવો એ અઘરું છે; એટલે એને આપણે પવીત્ર કહેવાનું ? એમ તો તમે સાપની જેમ એક દીવસ માટે શરીરને ઘસડી–ઢસડીને ચાલી બતાવો ! તમે બે દીવસ સાધુજીવન જીવવાની મને ચેલેન્જ કેમ કરો છો ? ખરી વાત તો એ છે કે મને સાધુજીવનમાં કશુંય અઘરું દેખાતું નથી. લાખો લોકો એવું જીવન જીવે છે. અઘરું કામ તો પ્રામાણીકપણે જીવનના સંઘર્ષો સામે ઝઝુમવાનું છે. વંઠેલા પતીનો ત્રાસ વેઠીનેય પારીવારીક જવાબદારીઓ નીભાવતી સ્ત્રીની પવીત્રતા તમે જોઈ છે ખરી

? વહેમીલી અને ડંખીલી પત્નીની પજવણી મુંગા મોંએ વેઠી લઈને સંતાનોનાં હીત માટે ઓવરટાઈમ કરતા પતીનું કષ્ટ તમે કદી મહેસુસ કર્યું છે ખરું ? અડધી રાત્રે પાડોશમાં કોઈ બીમાર પડે તો ઉજાગરો વેઠીને તેની સાથે રહેનાર સ્વજનની સંવેદનાના સાક્ષી તમે કદી થયા છો ખરા ? પાડોશી માટે પોતાની નીદ્રાનો ત્યાગ કરવો, એને તમે કેમ ત્યાગ નથી માનતા ? તમને પવીત્રતા અને મહાનતા ફીક્સ વેશભુષામાં જ જોવાનું વ્યસન પડી ગયું છે એટલે બીજે બધે પાપ જ પાપ દેખાય છે !

ઘણા લોકોને પશુ–પંખીઓ અને જંતુઓ માટેની જીવદયામાં જ ધર્મ દેખાય છે. એવી જીવદયાનો વીરોધ નથી; પરંતુ બીજા માનવીની લાચારી પ્રત્યે હમદર્દી ન જાગે તો પેલી જીવદયા શોભતી નથી. દરેક જીવ માટે સમાન આદરભાવ હોવો એ ધર્મ છે. ગાયને ભલે માતા કહીએ; પણ એ નગ્ન હશે તો એની ઈજ્જત સામે ખતરો નથી; પણ કોઈ દરીદ્ર સ્ત્રીને તન ઢાંકવા વસ્ત્ર નહીં હોય તો તે શી રીતે બહાર નીકળશે ? એક માણસ પાંચ કુતરાનું પેટ ભરી શકશે; પણ પાંચસો કુતરા ભેગા મળીને એક માણસનું પેટ નહીં ભરી શકે ! એક માણસ પાંચ હજાર પશુઓ માટે જળાશય બનાવી શકશે; પણ પાંચ હજાર પશુઓ ભેગાં મળીને એક માણસ માટે એક પવાલું પાણી નહીં લાવી શકે. માણસ ઓશીયાળો ન બને એ જરુરી છે. બીમાર પશુઓ માટે માણસ હૉસ્પીટલ બનાવી શકશે; પશુઓ કદીયે માણસ માટે હૉસ્પીટલ નહીં બનાવી શકે. જીવદયાના કેન્દ્રમાં માણસ જ રહેવો જોઈએ. પશુ–પંખીઓ કુદરતી રીતે જીવવા–મરવા ટેવાયેલાં હોય છે; પણ માણસે સામાજીક રીતે જીવવાનું હોય છે અને એ માટે તેને ‘હેલ્પ’ કરવી એ ‘ધર્મ’ છે.

મને ઉપવાસ કરવામાં કદીયે તપ દેખાતું નથી; તપ તો બીજાનું પેટ ભરવામાં છે. પોતાના જીવનમાં સામે ચાલીને કષ્ટો વેઠવાં એ ત્યાગ નથી; બીજાનાં કષ્ટો દુર કરવા પ્રયત્ન કરવો એ તપ છે. હું ઉઘાડા પગે ચાલું એથી જગતને (કે મને) શો લાભ થાય ? એના કરતાં એક ગરીબ મજુરના ઉઘાડા પગ માટે તેને ચંપલ લાવી આપું તો તેની તકલીફ જરુર ઓછી થાય. પૈસાને અડવાથી પાપ લાગે એ વાત મારા દીમાગમાં બેસતી નથી. પ્રામાણીક પુરુષાર્થ કરીને, વધુમાં વધુ પૈસા કમાઈને, એ દ્વારા બીજાઓનાં જીવનની યાતનાઓ ટાળી શકાય એને હું ધર્મ માનું છું. આવી પડેલાં કષ્ટો ખુમારીપુર્વક અને પુરી ખાનદાનીથી વેઠવાં જીવનધર્મ છે. કષ્ટોને સામે કંકોત્રી મોકલવી એ તો મુર્ખામી જ છે !

એક અવળચંડાઈ પ્રત્યે પણ તમારું ધ્યાન દોરી દઉં. જે લોકો શરીરને ભાતભાતનાં કષ્ટ આપીને મહાત્મા બની બેસે છે, એ જ લોકોને જ્યારે કોઈ રોગ કે દરદ થાય છે; ત્યારે સારામાં સારા ડૉક્ટર અને શ્રેષ્ઠ હૉસ્પીટલમાં સારવાર કરાવે છે. વાહનનો ઉપયોગ નહીં કરનારાઓને પણ, વીમાનમાં તાત્કાલીક સારવાર માટે લઈ જવાય છે. કેમ ભાઈ ? આમ તો તમે કહો છો કે શરીર નાશવંત છે અને શરીરને કષ્ટ આપવું એ ધર્મ છે. ત્યારે બીમારીનું કષ્ટ વેઠવાની ત્રેવડ કેમ નથી બતાવતા ?

આવી પડેલાં કષ્ટોના ઉપાય માટે પ્રયત્નો કરવાના અને ન હોય એવાં કષ્ટોને આમન્ત્રણ આપવાનો ઢોંગ કરવાનો – આવું શા માટે ?

અધ્યાત્મના નામે સંસારને સળગાવી મારવામાં કશું ડહાપણ નથી. સંસારનો ધર્મ નીભાવતાં આવડે તો અધ્યાત્મની ગલીઓમાં ભટકવાનું જરુર અટકી જાય. સંસારમાં રહીને આપણે અનેક ધર્મો નીભાવી શકીએ છીએ : જેમ કે પતીધર્મ, પુત્રધર્મ, પીતાધર્મ, માતૃધર્મ, શીક્ષકધર્મ, વેપારીધર્મ, વડીલધર્મ, પાડોશીધર્મ, તબીબીધર્મ.. વગેરે સેંકડો ધર્મ નીભાવી શકાય છે. સંસારનાં સુખો ભોગવતાં–ભોગવતાં મોક્ષનું માધુર્ય માણી શકાય છે. જેને એવું માધુર્ય માણતાં આવડતું હોય તેણે કાલ્પનીક મોક્ષસુખ માટે ફાંફાં મારવાં પડતાં નથી.

## સંસારધર્મ સૌથી પવીત્ર છે

શરીરની ઉપેક્ષા કરવા જેવી નથી. શરીરને ધર્મનું મુખ્ય સાધન બનાવી શકાય છે; પણ એ માટે પહેલાં શરીરધર્મને સમજવો પડે. આપણે સંસાર છોડીને ઈશ્વરનેય પામવા ઉઘાડા પગે દોડવાની જરુર નથી. સંસારમાં રહીને એવાં કામ કરીએ કે જેથી ઈશ્વર (જો હોય તો) આપણને મળવા સ્વયં ઉઘાડા પગે આપણી પાસે દોડી આવે. ગોખાવેલાં–રટાવેલાં જ્ઞાનનાં પોટલાં ઉંચકનારા મજુર બનવા કરતાં પોતાની પ્રજ્ઞાના ઉજાસમાં સાચા અને દંભ વગરના ધર્મને સમજવાની કોશીશ કરીએ તો આપણો સંસાર સુખમય થશે, જીવતરનો ફેરો સાર્થક થશે. વૈરાગ્ય કરતાં વહાલ અને સંન્યાસ કરતાં સંસાર વધારે પવીત્ર છે. આટલું નાનકડું સત્ય સમજવામાં આપણને કેટલા બધા ગુરુઓ અને ગ્રંથોનો અંતરાય (નડતર) થાય છે !

♦

અનુક્રમણીકા

# તમારાં સન્તાનોનું ફ્યુચર જાણવામાં રસ છે તમને ?

પશુ–પક્ષીઓ અને જીવજન્તુઓ બાળકને જન્મ તો આપે છે; પરન્તુ પોતાના બાળકની જન્મકુંડળી કે જન્મપત્રીકા બનાવડાવતાં નથી. મોટા ભાગના માણસો પોતાનાં સન્તાનોનાં જન્મ પછી તરત તેનું નામ પાડવા માટે રાશી જાણવા ઉત્સુક બને છે. તેનું ફ્યુચર કેવું હશે એ જાણવા જન્મપત્રીકાઓ તૈયાર કરાવે છે. કેટલાક પેરન્ટ્સ તો પોતાનાં સન્તાનો માટે બે, ત્રણ કે વધારે જ્યોતીષીઓ પાસે જઈને તેમની જન્મપત્રીકાઓ બનાવડાવે છે. પોતાનું સંતાન કેવું પાકશે, તે સુખી થશે કે દુઃખી, તેનું આરોગ્ય કેવું હશે, તે એજ્યુકેશનમાં સક્સેસ રહેશે કે નહીં, તેની મૅરીડ લાઈફ કેવી હશે, તેની આર્થીક સ્થીતી કેવી હશે, તેનું આયુષ્ય કેટલું હશે વગેરે જાણવાની ક્યુરીયોસીટીથી પ્રેરાઈને કેટલાક લોકો જન્મના ગ્રહો અને એના ફળાદેશ વીશે જાણવા ઝંખે છે. પશુ–પંખીઓ આવી બેહુદા–વાહીયાત ક્યુરીયોસીટીથી પર હોય છે એથી તેમને ન તો જ્યોતીષીઓનાં જુઠ્ઠાણાં સાંભળવાની પરવા રહે છે ન તો જન્મપત્રીકાઓ કઢાવવાની ઉત્સુકતા રહે છે. માણસ સીવાયના તમામ જીવો કુદરતી જીવન જીવે છે.

જ્યોતીષશાસ્ત્ર મને હમ્મેશાં મજાકનું અને મૅજીકનું શાસ્ત્ર જ લાગ્યું છે. હું મારી લાઈફમાં સક્સેસ થઈશ કે નહીં, મારી મૅરીડ લાઈફ કેવી હશે, હું કેટલાં વરસનું આયુષ્ય ભોગવીશ – એ બધું આકાશના ગ્રહો રીમોટ કન્ટ્રોલથી ચલાવે છે ?

મૅરેજની વ્યવસ્થા તો માણસે ઘડી કાઢી છે, એ કાંઈ કુદરતે રચેલી વ્યવસ્થા નથી. મૅરેજને અને ગ્રહોને કઈ રીતે કશોય નાતો હોઈ શકે ? સપોઝ મેં એક કાગળ પર કોઈ લેખ–કવીતા કે સ્ટોરી લખી હોય તો એ કાગળનું શું થશે એ કાંઈ આકાશના ગ્રહો થોડા નક્કી કરે ? મારે એ કાગળ કયા તન્ત્રીને મોકલવો, કયા પબ્લીશરને આપવો એ હું જ નક્કી કરીશને ? મારી ક્ષમતા અને આવડત પ્રમાણે એ સ્વીકૃત થશે અથવા અસ્વીકૃત થશે. કોઈ વૈજ્ઞાનીકે નવી લાઈટની કે નવા મોબાઈલની શોધ કરી હોય તો એનું ફ્યુચર ગગનમાં વીચરતા ગ્રહોના હાથમાં થોડું હશે ? જે વસ્તુનું નીર્માણ જ કોઈ માણસ દ્વારા થયું હોય એનું ફ્યુચર નક્કી કરવા ગ્રહો–નક્ષત્રો પ્રગટ થશે ? મૅરેજની વ્યવસ્થા માણસે ગોઠવેલી છે, એમાં કાંઈ કુદરતની પરમીશન લેવાતી નથી. તો પછી ગ્રહો શા માટે એમાં પોતાની ટાંગ અડાડવા આવે ? મંગળ, ગુરુ વગેરે ગ્રહોનું આપણે શું બગાડ્યું છે કે એ આપણું કશુંય બગાડે ?

જ્યોતીષીઓ આપણી જીજ્ઞાસાઓ અને આપણા ડર વીશે ખુબ સાઈકોલૉજીકલ રીઍક્ટ કરતા હોય છે. દુનીયાનો એક પણ જ્યોતીષી કદી છાતી ઠોકીને ભવીષ્યવાણી ઉચ્ચારતો નથી. તેની તમામ આગાહીઓ ગોળ–ગોળ હોય છે. જો એ આગાહી સાચી પડે તો એનો યશ પોતે લેશે અને તેની આગાહી ખોટી પડે તો એનાં પચાસ કારણો–બહાનાં રજુ કરશે. જ્યોતીષવીદ્યાના નામે કેટલાક ધંધાદારીઓ આપણને કેવા બેવકુફ બનાવે છે એ જાણવાના મેં વારંવાર પ્રયોગો કર્યા છે. આજે એમાંથી બે–ત્રણ પ્રયોગો તમારી સાથે શૅર કરું છું.

એક પ્રખર જ્યોતીષીને મળવા હું મારી વાઈફ સાથે ગયો હતો. મેં એ જ્યોતીષીને કહ્યું કે મારી સાથે મૅરેજ કરવા કોઈ છોકરી તૈયાર નથી થતી. મારી ઉંમર પાંત્રીસ વરસની (એ વખતે) થઈ ગઈ છે. હવે મારાં મૅરેજ થવાનું

પૉસીબલ ખરું ? કે પછી મારે પ્રયત્નો છોડી દેવા ? જ્યોતીષીએ લાંબી પ્રસ્તાવના અને ચર્ચા પછી કહ્યું કે તમારા માટે તો લગ્નના કોઈ યોગ–સંયોગ નથી !

મારા એક મીત્રના દીકરાનું ફ્યુચર જણાવતાં બીજા એક જ્યોતીષીએ લીખીતમાં જણાવ્યું હતું કે તે મોટો બીઝનેસમૅન બનશે. આજે એ દીકરો એક સ્કુલમાં પ્યુનની જૉબ કરી રહ્યો છે.

મારા એક સ્નેહીની દીકરીને જોડીયા દીકરા (ટ્વીન્સ) છે. એ દીકરી માટે એક જ્યોતીષીએ કહેલું કે તેને સન્તાનયોગ નથી. જો તેને સન્તાનસુખ જોઈતું હશે તો તેણે ફલાણી–ફલાણી વીધી કરાવવી પડશે. જ્યારે આ ભવીષ્યવાણી કરવામાં આવી એ વખતે ઑલરેડી તેણે ટ્વીન્સને જન્મ આપી દીધેલો હતો.

તમે પણ તમારા જીવનની આવી અનેક ઘટનાઓમાં જોયું હશે કે જ્યોતીષીની આગાહીઓ બકવાસ પુરવાર થઈ હોય; છતાં નબળા મનના લોકો, આત્મવીશ્વાસ વગરના બેવકુફ લોકો જ્યોતીષવીદ્યા પાછળ શ્રદ્ધાથી દોડતા રહે છે. 'ભાગ્યમાં લખ્યું હોય એમ જ થાય' એવું રટણ કરતા રહે છે. ભાગ્ય ક્યાં લખેલું હોય છે ? કોણે લખેલું હોય છે ?

ભાગ્ય એટલે શું એ તમે જાણો છો ? જેનો ઉપાય આપણા હાથમાં નથી, જે ચીજ આપણે પરાક્રમ કે પુરુષાર્થ દ્વારા મેળવી શકતા નથી એને સૌ ભાગ્યના ખાનામાં ગોઠવી દે છે. 'મેં તો મહેનત કરી, પણ મારા ભાગ્યમાં સફળતા નહોતી' એવું બોલનારા લોકો એ રીતે માત્ર મીથ્યા આશ્વાસન મેળવતા હોય છે. એમાં સત્યનો છાંટોય નથી હોતો.

આપણી નીષ્ફળતાઓને ટીંગાડવા માટે એક ખીંટી જોઈતી હોય છે અને એ ખીંટીનું નામ છે ભાગ્ય.

આપણી સફળતાનો અહંકાર આપણને ડુબાડે નહીં એ માટે પણ ક્યારેક સફળતાનો યશ ભાગ્યને આપવામાં આવે છે. બહુ ઓછા લોકો એવું સ્પષ્ટ કબુલતા હોય છે કે મેં હાર્ડ વર્ક કરીને સફળતા મેળવી છે. ક્યારેક આપણી સફળતામાં મીત્રો–સ્વજનોનો સહયોગ હોય છે; તો ક્યારેક તદ્દન અજાણ્યા સજ્જનોનો સહયોગ પણ એમાં નીમીત્ત બને છે. આપણો પુરુષાર્થ, બીજા લોકોનો સહયોગ, ચીવટ–ચોકસાઈ અને પ્રામાણીકતા, મળેલી તકનો યોગ્ય ઉપયોગ વગેરેનું ટોટલ કરીને સૌ એને ભાગ્ય કહે છે.

કુદરતની એક બાબતના આપણે સૌ ઋણી છીએ કે એણે આપણા ભવીષ્યને ગુપ્ત અને ખાનગી રાખ્યું છે. જરા કલ્પના તો કરી જુઓ કે જો આપણને આપણા ભવીષ્યની તમામ બાબતો વીશે રજેરજ જાણકારી (જ્ઞાન) હોત તો આપણી કેવી ભુંડી દશા થાત ? જેઓ સફળ અને સુખી થવાના હોત તેઓ કોઈને ગાંઠતા ન હોત અને જેઓ નીષ્ફળ તથા દુઃખી થવાના હોત તેમણે આત્મહત્યા કરી લીધી હોત! જગતમાં અવ્યવસ્થા અને અંધેર વ્યાપી વળ્યાં હોત ! સન્તાનો વંઠી જવાનાં છે એની ખબર હોત તો પેરન્ટ્સ તેમનું જતન ન કરતા હોત અને પેરન્ટ્સ વારસામાં દેવું મુકીને જવાના છે એની ખબર હોત તો સન્તાનો તેમનો રીસ્પેક્ટ ન કરતાં હોત ! લાઈફ–પાર્ટનર બેવફા બનશે એવી ખબર હોત તો મૅરેજ કરવા કોઈ તૈયાર ન થાત. સંસાર આટલો રીળયામણો અને રોમાંચક ન હોત ! હું તો મારા સંસારને અને મારી લાઈફને ડીસ્ટર્બ કરે એવા જ્યોતીષશાસ્ત્રથી દુર જ રહેવાનું પસંદ કરું છું. **તમે શું કરશો ?**

અનુક્રમણીકા

## 20-2015-09-18

# પીતાની મીલકતમાંથી હક માગતી દીકરીને,

## બાપનું કરજ ચુકવવામાં હક માગવાનું શું કામ નથી સુઝતું ?

બાપની મીલકતમાંથી પોતાનો કાયદેસર હીસ્સો માગતી દીકરીના અનેક કીસ્સા તમે વાંચ્યા–સાંભળ્યા હશે; પરન્તુ બાપ દેવું(કરજ) મુકીને ગયો હોય અને દીકરાઓ એના હપ્તા ચુકવતા હોય, ત્યાં કોઈ દીકરીએ પોતાના હીસ્સામાં આવતું દેવું ચુકવવાની તૈયારી બતાવી હોય એવો એક પણ કીસ્સો કદી ક્યાંય વાંચ્યો–સાંભળ્યો છે ખરો ?

શું કાયદો એકતરફી જ છે ? જે દીકરીને બાપની મીલકતમાં દીકરા જેટલો જ હક હોય, તે દીકરીનો, બાપનું કરજ ચુકવવામાં કશો હીસ્સો નથી હોતો ? કોઈ દીકરીએ આજ સુધીમાં કેમ એવો હીસ્સો માગ્યો જ નથી?

એક તરફ કાનુન હોય છે, તો બીજી તરફ સામાજીક પરમ્પરા હોય છે. આપણે ત્યાં સામાજીક પરમ્પરા એવી છે કે દીકરીને સાસરે વળાવ્યા પછી તેનો બાપની મીલકત પર કશો હક હોતો નથી. દીકરીને પારકી થાપણ કહેવામાં આવી છે. આપણી સામાજીક પરમ્પરા તો એટલી હદ સુધીની છે કે દીકરીના ઘરનું પાણીયે બાપ ન પીએ. પોતાના કારણે દીકરીના ઘેર જરાય આર્થીક ઘસારો ન પડવો જોઈએ એવું દરેક બાપ, સામાજીક પરમ્પરાથી સમજતો હોય છે. કદાચ કોઈ કારણસર દીકરીને જરાય ઘસારો આપ્યો હોય તો બાપ દીકરીના હાથમાં થોડીક રકમ મુકીને વીદાય લેતો હોય છે. દર વર્ષે દીકરીને સાસરવાસરુપે કંઈક રકમ આપવાની, દીકરીનું સન્તાન પરણે ત્યારે

મોસાળું કરવાનું, સાસરેથી દીકરી અવનારનવાર પેરન્ટ્સને મળવા પીયર આવે ત્યારે તેને જવા–આવવાનું ભાડું આપવાનું, હોળી–દીવાળી જેવા તહેવારોમાં દીકરીને ઘેર મીઠાઈ મોકલવાની, વૅકેશનમાં દીકરી પોતાનાં સન્તાનો સાથે પીયરમાં થોડા દીવસ રહેવા આવે ત્યારે તેને ખુશ રાખવાની, ભાઈનાં લગ્ન હોય ત્યારે દીકરી–જમાઈને ખાસ વ્યવહારો ચુકવવાના, આ ઉપરાન્ત અનેક સામાજીક પરમ્પરાઓમાં દીકરીને છુટક–છુટક લાભ આપવાનાં નીમીત્તો ગોઠવેલાં છે. એનું કારણ એટલું જ છે કે એ સીવાય દીકરીને બાપની મીલકતમાંથી કશો હીસ્સો આપવાનો હોતો નથી.

હવે જો કોઈ દીકરી સામાજીક પરમ્પરા પ્રમાણે પોતાના તમામ હકો લઈને બેઠેલી હોય છતાં; પછીથી બાપની મીલકતમાંથી કાનુની હક માગવા આવે ત્યારે તે કેવી ભુંડી, સ્વાર્થી અને કપટી લાગે ? કેટલાક કીસ્સામાં દીકરીની એવી દાનત નથી હોતી; પણ જમાઈરાજા તેને એમ કરવા દબાણ કરતા હોય છે ! જે હોય તે; પણ દીકરીએ કાં તો સમ્પુર્ણપણે કાયદા મુજબના હકો મેળવવા જોઈએ કાં તો પછી સામાજીક પરમ્પરા મુજબના લાભ લેવાના હોય. બન્ને લાભ લેવાની લુચ્ચાઈ તેણે ન બતાવવાની હોય. જ્યાં આવાં સ્વાર્થનાં સમીકરણો ગોઠવાય ત્યાં સમ્બન્ધોની સુવાસ અને ઉષ્મા શી રીતે ટકી શકે ?

આપણી સામાજીક પરમ્પરા અનુસાર બાપની મીલકતના વારસદાર તરીકે માત્ર દીકરાઓને જ માન્ય કરેલા છે. એની સામે દીકરાઓને માથે કેટલીક વધારાની જવાબદારીઓ પણ મુકવામાં આવી છે, જેમ કે મા–બાપ વહેલાં મૃત્યુ પામે ત્યારે નાનાં ભાઈ–બહેનોની સમ્પુર્ણ જવાબદારી મોટો ભાઈ ઉઠાવે છે. ઘરડાં મા–બાપને દીકરાઓ જ રાખે છે અને તેમની સારસંભાળ,

દવા–દારુનો સમગ્ર ખર્ચ પોતે જ ઉઠાવે છે. એટલું જ નહીં; પરણેલી બહેન–દીકરીઓને ત્યાં સઘળા વ્યવહારો પણ ભાઈએ જ કરવાના હોય છે. મા–બાપ છેલ્લે જો કરજ મુકીને ગયાં હોય તો દીકરાઓએ જ એ ચુકવવાનું હોય છે. એટલું જ નહીં; મા–બાપનાં અવસાન પછીના મરણોત્તર વ્યવહારો પણ દીકરાઓએ જ પાર પાડવાના હોય છે. આજ સુધી મેં એક પણ કીસ્સો એવો નથી સાંભળ્યો કે જેમાં ભાઈઓએ પોતાના બાપનું દેવું ચુકવવામાં બહેન પાસેથી કશી અપેક્ષાય રાખી હોય.

એક બીજી વાત તરફ પણ ધ્યાન આપવું જોઈએ. સપોઝ એક બાપને બે–ત્રણ દીકરા છે. પહેલા દીકરાનાં લગ્ન વખતે ફૅમીલીની આર્થીક સ્થીતી સમૃદ્ધ હોવાથી તેનાં લગ્ન ખુબ ધામધુમથી કર્યાં હોય. મોટી વહુને લગ્ન વખતે વીસ–ત્રીસ તોલા સોનાના દાગીના આપેલા હોય. ત્યાર પછી બીજા–ત્રીજા દીકરાનાં લગ્ન વખતે જો ફૅમીલીની આર્થીક સ્થીતી નબળી પડી ગઈ હોય તો મોટી વહુને આપેલા દાગીનામાંથી થોડાક પાછા લઈને બીજી વહુને આપી શકાતા; પરન્તુ દીકરીને તો જે કંઈ આપ્યું એ સાસરે લઈને જાય છે. પછી તેની પાસેથી કશુંય પાછું લેવાનું–મેળવવાનું રહેતું નથી.

વચ્ચે એક સ્પષ્ટતા કરી લઉં કે કેટલીક બહેન–દીકરીઓ એવી ખાનદાન અને સંસ્કારી હોય છે કે મા–બાપની સંભાળ રુડી રીતે લેતી હોય છે. તેનાં સાસરીયાં અને જમાઈ એવાં પ્રેમાળ હોય છે કે તેનાં મા–બાપને પોતાને ત્યાં જ લાવીને રાખે છે. એવી બહેન–દીકરીઓ પણ સંસારમાં છે કે જે ભાઈની આર્થીક સ્થીતી નબળી હોય ત્યારે તેની પાસેથી કશી અપેક્ષા નથી રાખતી. ઉલટાની ખાનગીમાં તેને હેલ્પ કરતી હોય છે. પોતાના ભાઈનું સમાજમાં જરાય ખરાબ ન દેખાય એ માટે બહેન તેનું વારંવાર ઉપરાણું લેતી

રહે છે. પોતે તકલીફ વેઠીનેય, મહેણાં–ટોણાં સહન કરીનેય ભાઈનું સુખ ઝંખતી બહેન–દીકરીઓ પણ આ સંસારમાં ઓછી નથી; પરંતુ અહીં માત્ર એવી બહેન–દીકરીઓની વાત કરવી છે, જેઓ સામાજીક અને કાનુની બન્ને તરફના લાભ લેવાની લાલચુ અને લુચ્ચી છે.

ક્યારેક સાસરેથી બે–ચાર દીવસ માટે પેરન્ટ્સને મળવા પીયર આવેલી બહેન–દીકરીઓ જતાં–જતાં એવી દીવાસળી ચાંપતી જાય છે કે ઘરમાં ભડકા ઉઠે. 'ભાભી તારા માટે આટલુંય નથી કરતી ?', 'ભાભી ઘરમાં કેવી અવ્યવસ્થા રાખે છે ?', 'ભાભીની રસોઈ તો મોઢામાંય ન જાય એવી છે! તમે કઈ રીતે ખાઓ છો ?', 'ભાભી નોકરી કરે છે એમાં આટલો રોફ શેનો મારે છે ?', 'ભાભી તો મારા ભાઈનુંય કંઈ સાંભળતી જ નથી !' – આવા તો કેટલાય પલીતા ચાંપીને બહેન–દીકરીઓ જતી હોય છે. એમાં કેટલીક બહેન–દીકરીઓ તો એટલી નફફટ હોય છે કે પોતાના સાસરામાં પોતે પોતાનાં સાસુ–સસરાને સાથે રાખતી જ ન હોય. રાખે તો ઠેબે ચઢાવતી હોય. સાસુ–સસરાની સેવા કરવાને બદલે તેમની પાસે વેઠ કરાવતી હોય ! એવાં બહેનબા પીયર આવીને ભાભીની વીરુદ્ધમાં કાનભંભેરણી કરવામાં શુરાતન ધરાવતાં હોય. મહીને એકાદ વખત પીયર જઈને પેરન્ટ્સને ભાવતી વાનગી આપી આવે અને વહાલાં થઈ આવે. પેરન્ટ્સને દીકરીની લાગણી દેખાય, તેની રાજરમત ન દેખાય. આવી સ્થીતીમાં પેરન્ટ્સે જ પોતાની દીકરીને કહી દેવું જોઈએ કે 'બેટા, તારે અમારા ઘરની કોઈ વાતમાં ટાંગ અડાડવાની જરુર નથી. મારી પુત્રવધુ અમને સારી રીતે સાચવે છે. અમને તેની સામે કોઈ શીકાયત નથી, તો તું શા માટે ડહાપણ કરે છે ? તું તારાં સાસુ–સસરાને સારી રીતે રાખે એટલું ઈનફ છે, બેટા !'

## આટલી ખાનદાની બતાવજો !

બહેન–દીકરીની વાત આવે છે એટલે મોટા ભાગના પેરન્ટ્સ ગળગળાં અને લાગણીશીલ થઈ ઉઠે છે. ભાઈ પણ સમાજમાં આબરુ સાચવવા માટે મુંગા મોઢે બહેનના જુલમ વેઠી લે છે. ક્યારેક ભાભી કંટાળીને આકરાં વેણ કહે તો તે કડવી લાગે છે. તેને 'પારકી જણી' કહીને અલગ પાડવામાં આવે છે; પરન્તુ જેને દાઝતું હોય તે ક્યાં સુધી ચુપ રહે ? ક્યારેક તો તે પોતાની જીભ ખુલ્લી મુકે ને ! બહેન–દીકરીઓને એક જ વાત કહેવી છે : તમે પીયર જાઓ ત્યારે ત્યાં બીનજરુરી પલીતા ન ચાંપશો. ખોટા પ્રશ્નો ઉભા કરીને પીયરીયાંને દુ:ખી ન કરશો. તમારે જો બાપની મીલકતમાંથી કાનુની હક મેળવવો હોય તો તમે સામાજીક પરમ્પરા અનુસાર જે લાભો મેળવી લીધા છે એ પરત કરવાની ખાનદાની બતાવજો ! બેસવા માટેની એક ડાળને સલામત રાખજો.

♦

અનુક્રમણીકા

## 21-2015-10-16

# જશોદા તો બાળકનૈયાની

એક સ્નેહીના ઘરે જવાનું થયું. ઔપચારીક વાતો પછી મેં પુછ્યું, ‘બા ઘરમાં નથી દેખાતાં. બહાર ગયાં છે ?’

બા સાથે મારે પણ આત્મીયતા હતી. સ્નેહી કહે, ‘બા ઘરમાં જ છે. પાસેની રુમમાં પુજા કરે છે.’

મને આશ્ચર્ય થયું ! એ કંઈ પુજા–પ્રાર્થના કરવાનો સમય નહોતો. હું જાણું છું કે પુજા–પ્રાર્થના તો કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે કરી શકાય; પરન્તુ સામાન્ય રીતે વ્યવહારમાં આપણે દરેક કામકાજ માટેનું સ્વતન્ત્ર ટાઈમટેબલ બનાવેલું હોય છે. પુજા–પ્રાર્થના માટે અનુકુળ સમય ફાળવેલો હોય છે. હું મારું આશ્ચર્ય વ્યક્ત કરું એ પહેલાં જ સ્નેહી બોલ્યા, ‘તમારે બાને પુજા કરતાં જોવાં છે ?’

‘ના–ના, તેમને ડીસ્ટર્બ નથી કરવાં...’

તેઓ ડીસ્ટર્બ નહીં થાય; ઉલટાનું તેમને ગમશે. સાચી વાત એ છે કે તમે બાને પુજા કરતાં જોશો તો તમને ગમશે. બાની પુજાવીધી જોવા જેવી છે.’

‘તો ચાલો, જઈએ અને જોઈએ.’ હું બોલ્યો.

અમે બન્ને ઉઠીને બાજુની રુમ તરફ ગયા. હળવેથી દરવાજો ખોલ્યો. એક પલંગ પર બા બેઠાં હતાં. સામે તેમનો પૌત્ર (એટલે કે પેલા સ્નેહીનો દીકરો) બેઠેલો હતો. બા તેને કંઈક વાર્તા સંભળાવતા હતાં. અમારી

તરફ તેમનું ધ્યાન નહોતું. વાર્તાનાં પાત્રોમાં સીંહ, ગરીબ બ્રાહ્મણ અને રાજા હતાં.

સ્નેહી મને હાથ પકડીને રુમમાં ખેંચી ગયા. બાએ અમારી તરફ જોઈ સ્મીત કરતા કહ્યું, 'બહુ દીવસે અમારી યાદ આવી ?'

બાના શબ્દોમાં લાગણી હતી. એમાં મીઠો ઠપકો હતો. કોઈ વડીલ આપણને વાત્સલ્યથી ઠપકો આપે એ આપણું સદ્ભાગ્ય કહેવાય.

મેં બે હાથ જોડીને નમસ્કાર કર્યાં. સ્મીત દ્વારા સૉરી પણ કહેવાઈ ગયું. પછી તરત મુળ વાત કરતાં મેં કહ્યું, 'મને તો એમ કહેવામાં આવ્યું હતું કે તમે અન્દર પુજા કરો છો અને તમારી પુજાવીધી જોવાલાયક હોય છે એટલે હું અન્દર આવ્યો; પરન્તુ તમે તો...'

'હું પુજા જ કરી રહી છું ને !' કહીને બોલ્યાં, 'જો આ મારો પૌત્ર એટલે મારો બાળકનૈયો. પેલા કનૈયાને માખણ બહુ ભાવતુ હતું અને મારા આ કનૈયાને વાર્તાઓ બહુ ભાવે છે. તે દરરોજ મારી પાસે આવીને – 'દાદી, એક સ્ટોરી કહો ને !' – એમ કહેતો હતો. મેં તેને સ્ટોરી કહેવાનું કામ પુજા કરવા જેટલા મહત્ત્વથી સ્વીકારી લીધું છે !'

'તમારી વાત જાણીને મને ખરેખર ખુબ આનન્દ થયો છે. તમે પુજાની નવી જ વ્યાખ્યા આજે મને આપી....!'

બા બે ઘડી મૌન સેવી રહ્યાં અને પછી બોલ્યાં, 'આમ આપણે દરરોજ બાળકનૈયાનાં ભજનો લલકારીએ, તેને ફળ–નૈવેદ્ય ધરીએ, નાનકડા નટવરને લાડ લડાવીએ અને ઘરના જ બાળકનૈયાની ઉપેક્ષા કરીએ; એવું કેમ

ચાલે ? તસવીર કે મુર્તીના કૃષ્ણની પુજા કરીએ અને જીવતા જાગતા કૃષ્ણ માટે આપણને ફુરસદ જ ન મળે તો એવી પુજા શ્રીકૃષ્ણને પણ કેમ ગમે ? અમારી ઉમ્મરના ઘણા લોકો મને કટાક્ષમાં કહે છે કે તમને લોહીના સમ્બન્ધનું વળગણ છે. દીકરાઓને લાડ કરવાં એ તો જુઠી માયા છે. હું તેમને કહું છું કે જુઠી માયા હોય તો ભલે રહી, લોહીના સમ્બન્ધનું વળગણ હોય તો છો રહ્યું; મારે કંઈ ત્યાગી–વીતરાગી નથી બનવું. હું એક સ્ત્રી છું, મા છું, દાદી છું. મને જે રોલ ભજવવા મળ્યો, એને મારે પુરી નીષ્ઠાથી ન્યાય આપવો છે. જો આ બધું માયા અને વળગણો જ હોય તોયે એ કંઈ મેં તો નથી જ બનાવ્યાં ને ? જેણે આ જગત બનાવ્યું છે એણે જ તો સમ્બન્ધોનો આ સરસ ખેલ રચ્યો છે. જશોદા તો પારકી મા હતી; તોય કૃષ્ણને વહાલ કરતી, જ્યારે હું તો મારા પૌત્રની સગી દાદી છું. એને વહાલ કરવાનો મને હક છે, એને વહાલ કરવું એ મારો ધર્મ છે. એનાથી ચડીયાતી કોઈ પુજા હોય એવું મને નથી લાગતું.’

અન્ધશ્રદ્ધાની ભેળસેળવાળી પ્રદુષીત ભક્તી કરતાં શ્રદ્ધાના મીશ્રણવાળું વળગણ કેવું પવીત્ર, આનન્દમય અને શાતાદાયક હોય એનો સાક્ષાત્કાર કરીને સાચે જ મેં ધન્યતા અનુભવી.

ભક્તીના નામે આપણે ખોટા માર્ગે ભટકી તો નથી ગયા ને ? ધર્મના બહાને આપણે આપણાં જીવનને અને આપણાં કર્તવ્યોને અન્યાય તો નથી કરી રહ્યાં ને ? ત્યાગ–વૈરાગ્યની શુષ્ક વાતો સાંભળીને આપણે એવા ભરમાઈ જઈએ છીએ કે હાથમાં રહેલાં રોકડાં સુખોને ફેંકી દઈને, પરલોકનાં સુખોરુપી કોણીએ વળગેલો ગોળ ચાટવાના ઉધામા કરવામાં જીવતરને વેડફતાં રહીએ છીએ. જગતના સમ્બન્ધો મીથ્યા નથી. બ્રહ્મ સત્ય હોય તો જગત પણ સત્ય છે. મોહ અને માયાથી દુર ભાગવાની જરુર નથી. સમ્બન્ધોની જરુર પણ પડે

છે, સન્તાનોની જરુર પણ પડે છે, સમ્પત્તીની જરુર પણ પડે છે. ભક્તીના ભ્રમમાં આ બધી હકીકતોને મીથ્યા અને નાશવન્ત સમજીને આધા જવાની જરુર નથી. આખું જગત મીથ્યા હોય તો આપણે સ્વયં પણ ક્યાં શાશ્વત છીએ ? નીર્ભેળ અને નીર્દોષ સુખ માણવું એમાં કોઈ પાપ નથી.

આપણે ઘરે પહોંચવામાં મોડા પડીએ ત્યારે આપણી પ્રતીક્ષામાં ભુખી રહેતી પત્નીનો પ્રેમ કઈ રીતે મીથ્યા કહેવાય ? પત્ની બીમાર પડે ત્યારે ઑફીસેથી રજા લઈને પતી તેની સેવામાં ખડો રહેતો હોય તો એ સેવાને શા માટે મીથ્યા કહીને વગોવવી ? આપણને જોઈને ખીલખીલાટ સ્માઈલથી આપણને તાજગીની દીક્ષા આપતા બાળક સાથેનું એટૅચમેન્ટ વળી શાનું મીથ્યા ? રીટાયર્ડ થયા પછી આપણી પાસે કશી પ્રવૃત્તી ન હોય, ત્યારે આપણાં પૌત્ર–પૌત્રીઓ અને અન્ય સ્નેહી–સ્વજનો સાથે જે હળવાશ અનુભવીએ છીએ એને મીથ્યા કહેવાનું સાહસ કઈ રીતે થઈ શકે ? ફેમીલી–લાઈફને એન્જોયફુલ બનાવતાં આવડે તો મોક્ષ અને વૈકુંઠ પછી જખ મારે છે. સૌથી મોટી ભ્રાન્તી જો કોઈ હોય તો એ ત્યાગ છે. સંસાર જો ભવસાગર હોય તો આપણું જીવન એક નૌકા છે. નૌકાનો ત્યાગ કરીએ તો ભવસાગરમાં ડુબી મરીએ. ટ્રેનમાં પ્રવાસ કરતી વખતે જો ઉભા રહેવાનું હોય તો હૅન્ડલ બરાબર પકડવું જ પડે. હૅન્ડલનો ત્યાગ કરીએ તો ભુંડી દશા થાય.

આપણું ઘર એ જ આપણું મન્દીર. પ્રસન્નતા આપણો પરમેશ્વર. કર્તવ્યો આપણી તપસ્યા. વહાલ અને વાત્સલ્ય એટલે પ્રસાદ. પરસ્પર પ્રત્યે વીશ્વાસ એ આપણો સમ્પ્રદાય. સાચી અને તટસ્થ સમજણ એ જ આપણો મોક્ષ. સંસારને ફેંકી દેવાથી સ્વર્ગ કે વૈકુંઠ મળી જતાં હોત તો આ પૃથ્વીલોક ક્યારનોય ખાલી થઈ ગયો હોત !

બાળકને ઉંઘાડવા માટે માતા જે હાલરડું ગાય છે, એનાથી અધીક પવીત્ર બીજું કોઈ ભજન હોઈ શકે ખરું ? વૃદ્ધ પેરન્ટ્સ કે દાદા–દાદીનો હાથ પકડીને તેમને ગાર્ડનમાં ફરવા લઈ જવાં કે ઘરમાં ટૉઈલેટ–બાથરુમ સુધી લઈ જવાં, એ શું અડસઠ તીર્થની યાત્રા નથી ?

ઘરમાં આવેલી પુત્રવધુના હાથની રસોઈ જમતી વખતે તેની પ્રશંસા માટે જે શબ્દો ઉચ્ચારાય એ શબ્દોનું મહત્ત્વ મન્ત્ર કરતાં ઓછું હોઈ જ કેમ શકે ?

તમને આ સત્ય સમજાય છે ને ? કે પછી ગરબડીયા ગામનો બાવો તમને ઉઠાં ભણાવે એમાં જ રસ છે ?

♦

અનુક્રમણીકા

## 22-2015-11-20

# શુભ–અશુભ શુકનમાં માનનારા લોકો,
# જીવનમાં કશી ધાડ મારી શકતા નથી

શુભ શુકન કે અશુભ શુકનનો કન્સેપ્ટ ચોક્કસ કોઈ ઈન્ટેલીજન્ટ મૅથેમેટીક્સના બેઝ પર રચાયો હોય એવો વહેમ પડે છે. એમાં વહેમ અને અન્ધશ્રદ્ધા તો પછીથી મુરખાઓએ ઉમેર્યાં હશે. અલબત્ત, આ વીશે હું કોઈ નક્કર પુરાવા નહીં આપી શકું, એટલે ઍટ પ્રેઝન્ટ તો નક્કર લૉજીકથી જ કામ ચલાવવું પડશે.

## રીઝલ્ટની ગૅરન્ટી નહીં !

તમે કંઈક નવું કામ શરુ કરતા હો કે ક્યાંક બહાર જતા હો ત્યારે કેવા શુકન થાય છે એ તરફ તમારું ધ્યાન જતું હોય કે ન જતું હોય, તમારી આસપાસના લોકો એ તરફ તમારું ધ્યાન દોરીને કહેશે, 'પાછો વળ. થોડી વાર થોભી જા. તને અપશુકન થયા છે.' તમે બોલ્ડ અને સ્ટ્રૉન્ગ માઈન્ડના હશો તો 'મને આવી બાબતમાં કોઈ શ્રદ્ધા નથી' – એમ કહીને આગળ વધશો. જો તમે નબળા મનના હશો તો થોડી વાર થોભી જઈને બીજા નવા શુકન જોઈને આગળ વધશો. ખરાબ શુકનથી ખરાબ રીઝલ્ટ અને સારા શુકનથી સારું જ રીઝલ્ટ મળવાની કોઈ ગૅરન્ટી નથી હોતી. ક્યારેક કોઈને થયેલા એક–બે અનુભવોમાંથી સમગ્ર માણસજાત ખરાં–ખોટાં તારણ પકડી પાડે છે. આ કોઈ વૈજ્ઞાનીક અભીગમ ન કહેવાય.

## અખતરામાં ખતરો નથી

પ્રચલીત માન્યતાઓની વાત કરીએ તો છીંક આવવી, કોઈ વીધવા સ્ત્રીનું સામે મળવું, બહાર જતી વ્યક્તીને જમવાનું કે ખાવા–પીવાનું કહેવું, 'તમે ક્યાં જાઓ છો ?' એવો પ્રશ્ન પુછવો, સોનું(ગોલ્ડ) ખોવાય કે જડે વગેરે ઘટનાઓને અપશુકનીયાળ માનવામાં આવે છે. એ જ રીતે ગાય સામે મળે, ગોળ કે દહીં ખાઈને કામની શરુઆત કરવી, કાચ ફુટી જવો, કુંવારી કન્યા અથવા તો પનીહારી વગેરેના શુકન સારા મનાય છે. આમાં કાર્યકારણનો કોઈ ડીરેક્ટ સમ્બન્ધ હોતો નથી. કેવળ પરમ્પરાથી જ એ સ્વીકારી લેવામાં આવે છે. સાચી વાત એ છે કે શુભ શુકન કે અશુભ શુકન જેવું કશું જ હોતું નથી. આ લેખ લખતાં પહેલાં મેં પચાસથી વધુ અખતરા કરી જોયા છે. અને મને ક્યાંય કશો ખતરો નડ્યો નથી. સારા ગણાતા

શુકનથી મને કદી કોઈ વધારાનો લાભ થયો નથી કે ખરાબ ગણાતા શુકનથી ક્યારેય કોઈ ગેરલાભ થયો નથી.

## સત્ય તરફ જઈએ

શુકન–અપશુકનની ફીલસુફીની ગંગોત્રી સુધી જઈ શકાય તો કદાચ સત્ય મળે. આપણે તર્કની આંગળી પકડીને એ તરફ જઈએ. વહેમના ખાબોચીયામાંથી બહાર નીકળીને વીચારના મહાસાગરમાં હવે ઝંપલાવીએ. સાઈકૉલોજીનાં હલેસાં એમાં મદદરુપ થશે. પુર્વગ્રહો અને પરમ્પરા–પ્રેમને સુચના આપી દઈએ કે થોડીક વાર માટે એ આપણને ડીસ્ટર્બ ન કરે, ઓકે ?

## કુમારીકા શુકનીયાળ, વીધવા અપશુકનીયાળ

આપણા પુરુષપ્રધાન સમાજમાં બાળકીઓ તરફ અપમાન અને અવગણનાભર્યો વ્યવહાર કરવામાં આવતો હતો. આજે પણ ‘બેટી બચાવો’ જેવા આન્દોલનો ચલાવવાં પડે છે. ઉપેક્ષીત નાની બાળકીઓ પ્રત્યે થોડોક સદ્‌ભાવ વહેતો થાય એવા ઉદ્દેશથી કુંવારી કન્યાના શુકનને શુભ ગણાવ્યા હોવા જોઈએ. નીર્દોષ અને માસુમ બાળકીને અનેક ક્ષેત્રોમાં વીશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે એવું જ શુકનની બાબતમાં પણ થયું હશે. અલબત્ત, ખાટલે મોટી ખોડ તો એ હતી કે આપણો સમાજ પુરુષપ્રધાન હતો ને ! એટલે વીધવા સ્ત્રીના શુકનને તો પાછા અશુભ જ માન્યા ! ખરેખર તો વૈધવ્ય પછી બ્રહ્મચર્ય પાળતી સ્ત્રીને **‘ગંગાસ્વરુપ’** કહીને તેનો આદર કર્યો જ હતો; છતાં તેની ઉપસ્થીતીને અપશુકનીયાળ ગણીને તેના પ્રત્યેનો અન્યાય પણ અકબંધ રાખ્યો.

## સોનું જડે કે ખોવાય : અપશુકન

સોનું (ગોલ્ડ) જડે તોય અપશુકન અને ખોવાય તોય અપશુકન ! સોનું કીમતી ચીજ છે. એ જડી જાય તો ખુબ આનન્દ થાય. આનન્દનો અતીરેક ક્યારેક માણસને પાગલ (ગાંડો) કરી દે છે. એવી દુર્ઘટના ટાળવા માટે વીચારવાન પ્રાજ્ઞ પુરુષોએ વીચારની એક બ્રેક બનાવી. માણસને સોનું જડે ત્યારે સોનું મળ્યાના લાભની સાથેસાથે એ કારણે કંઈક ખરાબ થવાનો ભય પણ તેને મળે તો આનન્દ અને ભય વચ્ચે બૅલેન્સ જળવાય જાય. એ જ રીતે બીજી તરફ સોનું કીમતી ચીજ હોવાથી એ ખોવાય તો મોટું આર્થીક નુકસાન થાય. એવા

નુકસાનથી બચવા માટેય એક બ્રેક બનાવી. સોનાની ચીજ ખોવાય ન જાય એ માટે તેની ખાસ સંભાળ રાખવાના –માણસને સાવધાન કરવાના હેતુથી કહ્યું કે સોનું ખોવાય તો અપશુકન ગણાય થાય !

## કાચ ફુટે તો શુભ શુકન

કાચ (ગ્લાસ) કે કાચની ચીજ તુટે–ફુટે તો શુભ શુકન ગણાય. એનું લૉજીક પણ વીચારવા જેવું છે. વ્યક્તી બજારમાંથી ખાસ પસન્દગી કરીને કાચની ચીજ ખરીદી લાવી હોય. એ ચીજ પ્રત્યે તેને મમત્વ હોય એ સહજ છે. વળી કાચ ખુબ નાજુક ચીજ છે એટલે પણ એની વીશેષ કાળજી લેવાતી હોય છે; છતાં ક્યારેક અજાણતાં કે આકસ્મીક રીતે કાચ ફુટવાની ઘટના બની શકે છે. પોતાની પસન્દગીની ચીજ અને જેની ખુબ માવજત કરી હોય એ ચીજ તુટે–ફુટે તો આઘાત લાગે જ ને ! પરન્તુ એની સાથે કંઈક શુભ અવશ્ય થશે એવો આશાવાદ જોડી દેવાય તો પેલો આઘાત થોડોક હળવો લાગે !

## ગોળ–દહીંના શુભ શુકન

ગોળ શક્તીવર્ધક છે અને દહીં–છાશ આરોગ્યપ્રદ છે એટલે એ ખાવામાં શુભ–શુકનનો મહીમાં ગોઠવ્યો હશે. જે લોકોને વધુ પડતો શારીરીક શ્રમ કરવો પડતો હોય તેમને ગોળ ખાવાથી શક્તી મળે છે. પ્રયોગ કરવો હોય તો કરી જોજો : તમે જે દીવસે ખુબ થાકી ગયા હો એ દીવસે થોડોક ગોળ ખાજો અથવા ગોળનું પાણી કરીને પી જોજો, ઈન્સ્ટન્ટ શક્તીનો સંચાર થશે ! આયુર્વેદમાં ભોજન સાથે દહીં–છાશ ખાવાનો આગ્રહ રખાય છે. પાચનમાં એ સહાયક છે. ડાયેરીયા થયો હોય ત્યારે દહીં અને ભાત ખાવાની સલાહ અપાય છે. હરસ–મસાના દરદીને છાશ પીવાનું ખાસ કહેવાય છે. જુના જમાનામાં વાહનોની સગવડ ઓછી હતી, એટલે મોટે ભાગે જ્યાં જવું હોય ત્યાં ચાલીને જવું પડતું. ચાલવામાં એનર્જી મળી રહે એ હેતુથી પણ ગોળ ખાઈને જવું શુકનવન્તુ બની રહેતું.

## નબળા મનની પેદાશ

આમ દરેક રીતે શુકનનો કન્સેપ્ટ લૉજીકલ હોય એમ લાગે છે; પણ કાળક્રમે એમાં વહેમ–અન્ધશ્રદ્ધા એટલી હદે ઉમેરાઈ ગયાં કે એણે સામાન્ય માનવીના મન પર આધીપત્ય જમાવી દીધું. એક વાત બહુ સ્પષ્ટ છે કે આવી ભ્રમણાઓ નબળા મનના લોકોને જ ભીંસમાં લેતી હોય છે. તમે એ બધી વાતોને ઈગ્નૉર કરશો તો તમને જરાય તકલીફ નહીં

પડે અને જો તમે એવાં વહેમનાં વળગણોને પકડી રાખશો તો ડગલે ને પગલે દુઃખી થશો. બેઝીક વાત મનને કેળવવાની છે. જે વ્યક્તી પોતાના મનને જીતી લે છે, તે વ્યક્તી સમગ્ર જગતને જીતી લે છે. તનાવ, અજમ્પો, અસન્તોષ, ઈર્ષા – આ તમામ તત્ત્વો આખરે તો નબળા મનની જ પેદાશ છે ને !

શુભ શુકન કે અશુભ શુકન કોઈ કહે તો ગણકારો જ નહીં. તમે બ્રેવ અને ગ્રેટ બની શકશો, **પ્રોમીસ...!**

♦

અનુક્રમણીકા

## 23-2015-12-11

# જે પગ આપણને મન્દીર સુધી પહોંચાડતા હોય, એને અપવીત્ર કેમ કહી શકાય ?

વાત સાવ સામાન્ય હતી અને અજાણતાં જ એમ બન્યું હતું.

એમ કરવાનો ઈરાદો પણ નહોતો કે ઉદ્દેશ પણ નહોતો; પણ થઈ ગયું. એમાંથી હોબાળો મચી ગયો. બધા દુ:ખી–દુ:ખી થઈ ગયા. જાણે બહુ જ મોટું પાપકર્મ થઈ ગયું હોય એમ સૌ બીહેવ કરવા લાગ્યા હતા.

તો વાત આટલી જ હતી કે–

દાદીમા કોઈ એક ધર્મગ્રંથ લઈને વાંચવા બેઠાં હશે અને વાંચતાં–વાંચતાં કંઈક તાકીદનું કામ આવી પડ્યું હશે, કંઈક જરુર ઉભી થઈ હશે, કોઈકે તેમને બોલાવ્યાં હશે કે બીજું કંઈક હશે; તેઓ ધર્મગ્રંથને સોફા પર મુકીને આઘાંપાછાં થયાં હશે. સોફા કંઈ ધર્મગ્રંથ મુકવાની જગ્યા તો નથી જ અને દાદીમા એ જાણતાં પણ હતાં; પરન્તુ આ ક્યાં પર્મનન્ટ ત્યાં ગ્રંથ મુકી રાખવાનો હતો ? થોડીક મીનીટો પુરતો જ ત્યાં મુકવાનો હતો. પછી ત્યાંથી લઈને એને એના યોગ્ય સ્થાને ઉંચે, કબાટમાં મુકી દેવાનો હતો. વચ્ચે ઓચીંતી ઉભા થવાની જરુરત પડી, એટલે દાદીમા સોફા પર જ ધર્મગ્રંથ મુકીને જરા આઘાંપાછાં થયાં હતાં.

બરાબર એ જ વખતે દાદીમાનો કૉલેજીયન પૌત્ર બહારથી આવ્યો. ભણી–ગણીને થાકીને આવ્યો હશે કે કદાચ ભટકી–રખડીને પણ થાકીને આવ્યો હોય, આવતાંની સાથે જ તેણે સોફા પર લંબાવી દીધું. ઉંઘ નહોતી

આવી, એટલે શરીરને લંબાવી દઈને આરામ કરતો હતો; ત્યાં દાદીમા આવ્યાં. દાદીમાએ જોયું તો પૌત્રના પગ પેલા ધર્મગ્રંથને અડેલા હતા – માત્ર અડેલા હતા એમ નહીં; એના પર જ ગોઠવાયેલા હતા.

બસ, આવી જ બન્યું. જાણે મોટી હોનારત થઈ ગઈ ! દાદીમા પૌત્રને મોટા અવાજે લડવા લાગ્યાં. પૌત્રે સૉરી કહીને દીલગીરી વ્યક્ત કરી; પરન્તુ દાદીમાને મન તો જાણે આ મહાપાતક હતું ! રોષને કારણે તેમનો અવાજ ઉંચો થઈ ગયો હતો. ફૅમીલીનાં તમામ સભ્યો ત્યાં હાજર થઈ ગયાં હતાં. સૌના ચહેરા પર અણગમો અને ગભરાટ હતા. ગ્રંથ અને એ પણ પાછો પવીત્ર ધર્મગર્થ ! જ્યારે પગ તો અપવીત્ર ગણાય ! ધર્મગ્રંથને પગ લગાડાય જ નહીં. પગનો સ્પર્શ અજાણતાંયે ધર્મગ્રંથને ન થવો જોઈએ ! એમાં ધર્મગ્રંથનું ઈન્સલ્ટ કહેવાય, ધર્મનું અપમાન કહેવાય, સરસ્વતી (વીદ્યા)ની અવહેલના કહેવાય...

સૌ પેલા યુવાનને ઠપકારતાં હતાં : 'તને કંઈ ભાન નથી પડતું અને તારામાં કશા સંસ્કાર જ નથી. તું વંઠી ગયો છે, બગડી ગયો છે. બે ચોપડી ભણ્યો એમાં પોતાને બહુ વીદ્વાન સમજે છે. સંસ્કૃતી અને પરમ્પરાઓને તો તું ફાલતું અને નકામી અને હાસ્યાસ્પદ માને છે.'

પૌત્ર બે–ત્રણ વખત સૉરી બોલ્યો; છતાં સૌએ તેને વઢવાનું ચાલુ જ રાખ્યું. આખરે અકળાઈને તે બોલ્યો, 'મારો પગ તો એ ગ્રંથને અજાણતાં અડી ગયો છે; પણ તમે તો જાણીજોઈને ગ્રંથ અહીં મુક્યો હતો ને ! ગમે એવું તાકીદનું કામ આવી પડ્યું હોય તોય, 'પવીત્ર ગ્રંથ'ને ટેબલ પર કે કબાટમાં મુકવામાં કેટલો વીલમ્બ થવાનો હતો ? ભુલ મારી એકલાની નથી; તમારી પણ મોટી ભુલ છે. તમેય બેદરકારી બતાવી છે. મેં અજાણતાં એમ કર્યું છે;

તોય મારી ભુલ કબુલ કરું છું અને તમે તો તમારી ભુલ સ્વીકારવા પણ તૈયાર નથી ! એમાં મારી કોઈ ભુલ નથી એવું મને લાગે છે; છતાં ત્રણ વખત સૉરી કહી ચુક્યો છું. જો તમારી સંસ્કૃતી અને તમારી પરમ્પરાઓ આવી જડ હોય તો હું એને ધીક્કારું છું.'

પગને આપણે અપવીત્ર માન્યા છે. હાથ પવીત્ર ગણાય. ધર્મના પુસ્તકોને હાથથી પકડાય, પણ પગ ન અડાડાય. આવું કેમ ? પગ શું પારકા, ઉછીના, ઉધારના છે ? આપણે મન્દીરે કે દેરાસરે જવું હોય તો આપણા પગ જ ત્યાં લઈ જાય છે ને ? મન્દીરનાં કે તીર્થનાં પગથીયાં પગ જ ચડે છે ને ? પગના પુરુષાર્થને કારણે જ આંખને ઈશ્વરની મુર્તી કે છબીનાં દર્શન થાય છે. એ પગ અપવીત્ર કેમ ? અને જ્યાં–જ્યાં પગ જાય છે ત્યાં–ત્યાં હાથ, મોં, આંખ, કાન, વાળ – બધું જ જાય છે. જો પગ અપવીત્ર થઈ જતા હોય તો આ તમામ અવયવો પણ અપવીત્ર થતાં જ હોવાં જોઈએ ને ! તો પછી પગ પ્રત્યે કેમ ઓરમાયું વર્તન કરવાનું ?

પણ ધર્મની અને શ્રદ્ધાની બડી–બડી વાતો કરનારા માણસો આવી નાનકડી સચ્ચાઈને સમજી નથી શકતા.

પૌત્રે કંઈ ધર્મગ્રંથને લાત નથી મારી, એની ઉપેક્ષા નથી કરી, તો પછી એમાં ધર્મગ્રંથનું અપમાન શાનું ?

અને પૌત્રે જે કહી એ દાદીમાની ભુલ તરફ તો કોઈ ધ્યાન આપતું જ નથી ! ધર્મના નામે પરીવારમાં કલહ કરવાનો ? કોઈ સૉરી કહે તોય તેને ગુનેગાર માનવાનો ? ધર્મની શ્રદ્ધા એ શું આપણને ખુલ્લાં મનનાં થવાને બદલે આવાં સાંકડાં અને સડેલાં દીમાગનાં બનાવી મુક્યાં છે ? શું આપણને આવી

સંકુચીત વૃત્તીઓવાળા ધર્મની તલાશ છે ? અને જે કહેવાતો ધર્મ પારીવારીક વર્તમાન સમ્બન્ધોને કશાય કારણ વગર અભડાવી રહ્યો છે, એવો ધર્મ શું આપણો આવતો ભવ સુધારશે એવી આપણને શ્રદ્ધા છે – હૈયાધારણ છે ?

આપણી ભુલ નહીં સ્વીકારવાની અને સામેની વ્યક્તી સાચી હોય તોય તેનો જ દોષ કાઢવાનો – આ શું આપણને આપણો ધર્મ શીખવે છે ? ધર્મગ્રંથ પવીત્ર વસ્તુ છે. એમાં સારી–સારી વાતો છે, ઉમદા જીવનદર્શન છે, પુણ્યબોધ છે; તો પગ કંઈ અપવીત્ર નથી. એ ધર્મગ્રંથ ખરીદવા બજારમાં જવાનું હતું ત્યારે આપણા પગ જ આપણને બજાર સુધી લઈ ગયા હતા. કબાટમાં એ ધર્મગ્રંથને ઉંચો મુકવાનો હોય ત્યારે પગ પણ પુરો સહયોગ આપે જ છે. તો પણ ધર્મગ્રંથનું વાચન કરનારને પગ કેમ અપવીત્ર લાગે છે ? ખરું અજ્ઞાની કોણ ?

એ પૌત્ર પછી મારી પાસે આવ્યો હતો. તેણે આખી ઘટના કહ્યા પછી મને કેટલાક પ્રશ્નો પુછ્યા, ‘રોહીતભાઈ, સાચું કહો; મેં ધર્મગ્રંથનું અપમાન કર્યું હોય એવું તમને લાગે છે ? ઘણાં ફૅમીલી કીમતી ધર્મગ્રંથ વસાવે છે ખરાં; પણ એને કોઈ વાચતું નથી. શો–કેસના પીસરુપે ધર્મગ્રંથને ગોઠવી રાખે છે. એમાં ધર્મગ્રંથનું અપમાન નથી શું ? ઘણા લોકો વાર–તહેવારે ધર્મગ્રંથોની પુજા કરે ત્યારે એના પર અબીલ–ગુલાલ–ચોખા વગેરે નાખે છે. ધર્મગ્રંથને આ રીતે ગંદો કરવો એનું અપમાન નથી શું ? ક્યારેક કબાટમાં મુકેલા ધર્મગ્રંથ તરફ કોઈ નજર સુધ્ધાં કરતું નથી અને એને ઉધઈ લાગે છે, ભેજ લાગે છે, એનું પુઠું અને એનાં પાનાં વળી જાય – બરડ થઈ જાય એટલી હદે એની ઉપેક્ષા થાય છે; એમાં એનું અપમાન નથી શું ? એક વખત તો એક વીધર્મી પાડોશીએ એ ગ્રંથ વાંચવા માગેલો, ત્યારે ‘વીધર્મીના હાથમાં આપણો ધર્મગ્રંથ જાય તો ધર્મ અભડાય’, એમ સમજીને સૌએ તેને ના પાડેલી. કોઈની

જીજ્ઞાસાને આ રીતે જાકારો આપીને ધર્મગ્રંથને કબાટમાં કેદ કરી રાખવામાં એનું અપમાન ન કહેવાય શું ?'

મેં હજી એ પૌત્રના એકેય પ્રશ્નનો જવાબ નથી આપ્યો, વાયદો કર્યો છે. પછી નીરાન્તે ચર્ચા કરીશું, એમ કહીને તેને પાછો મોકલ્યો છે; પણ તે જરુર મારો જવાબ જાણવા આવશે. મારે તેને ત્યારે શો જવાબ આપવો ?

વાચકમીત્રો, મારે તમારું ગાઈડન્સ જોઈએ છે.

પ્લીઝ, મને કહેશો કે ધર્મગ્રંથનું અપમાન કોને કહેવાય ?

♦

અનુક્રમણીકા

## 24-2016-01-22

# ભુત–પ્રેત વીશેની ભ્રાન્તીઓ છોડીએ

આપણે ત્યાં એવી માન્યતા છે કે કોઈ વ્યક્તીની ઈચ્છા અધુરી રહી ગઈ હોય અને તેનું મૃત્યુ થાય તો તેનો જીવ અવગતીયો બને છે. તેનો આત્મા, પ્રેતાત્મા કે વન્તરરુપે ભટકતો રહે છે. અધુરી ઈચ્છા જ અવગતીનું કારણ હશે ? એ સીવાય બીજાં પણ કારણો હશે ખરાં ? સપોઝ, જંગલમાં કોઈ સીંહ, માદા હરણનો શીકાર કરે છે. એ માદા હરણે તાજા બચ્ચાને જન્મ આપેલો છે. તો એનો જીવ એના બચ્ચામાં રહી ગયો હોવાની સંભાવના સ્વીકારવી જોઈએ કે નહીં ? કતલખાને કપાતાં પ્રાણીઓની કોઈ ઈચ્છા અધુરી રહી નહીં જતી હોય ? ગુનેગારને ફાંસીની સજા કરતાં પહેલાં તેની આખરી ઈચ્છા પુછવામાં આવે છે, એ રીતે કસાઈ તો કોઈ પણ પ્રાણીની કતલ કરતાં પહેલાં એની ઈચ્છા પુછતો જ નથીને ? તો પછી એવા લાખો જીવો અવગતીયા થઈને ભુતપ્રેત કેમ બનતા નહીં હોય ?

કોઈને એમ કહેવાનું મન થાય કે પશુ–પંખીઓ વગેરે જીવોને કશી ઈચ્છા જ નથી હોતી. એમની પાસે આપણા જેવો જીવનવૈભવ નથી, ભાષા નથી, વીચાર નથી તેમ ઈચ્છા પણ ન જ હોય. તો તેને આપણે પુછવું પડે કે ભાઈ, જીવવાની ઈચ્છા તો દરેક જીવને હોય છે. સુખ પામવાની ઝંખનાય દરેક જીવને હોય છે. તડકામાંથી ઉઠીને ગધેડુંય છાંયડામાં જઈને બેસે છે. આહાર–પાણી માટે, સેક્સ–સંવનન વગેરે માટે પારાવર સંઘર્ષ વેઠતાં પશુ–પંખીઓને આપણે ક્યાં નથી જોયાં ? કેટલાંક પંખીઓ તો ખાસ મોસમ કે ઋતુમાં હજારો કીલોમીટરનો પ્રવાસ કરીને દુર–દુર પહોંચતાં હોય છે. પોતાને જીવવું છે એટલું જ નહીં; સુખપુર્વક જીવવું છે. આ બધું ઈચ્છા વગર પૉસીબલ

નથી. હા, એ જીવોને સક્સેસ–તરક્કી માટેની ભવ્ય ઝંખનાઓ નહીં હોય કે ઘડપણમાં પોતાનાં સંતાનો દ્વારા સેવા–ચાકરી મેળવવાનાં વળગણોય એમને નહીં હોય. શક્ય છે કે પોતાનાં પૌત્ર–પૌત્રીઓનાં મોઢાં જોઈને જવાની ઝંખનાઓ પણ તેમને નહીં હોય. પરંતુ જીવવાની અને સુખપુર્વક જીવવાની ઈચ્છાઓ–ઝંખનાઓ તો એમને હોય જ છે. એટલું જ નહીં, પોતાનાં સંતાનોને ઉછેરવાનો ઉમળકો તથા તલસાટ પણ એમને ભરપુર હોય જ છે. એ બધું અધુરું છુટી ગયું હોય અને કમોતે મરવાનું બન્યું હોય ત્યારે એ જીવો અવગતીયા કેમ નહીં થતા હોય ?

એક બીજી વાત પણ ભુતપ્રેતના અનુસંધાનમાં વીચારવી જરુરી છે. અત્યાર સુધીમાં જે જે લોકોને ભુતપ્રેત વળગ્યાં છે એ પણ; માત્ર અને માત્ર માણસને જ વળગ્યાં છે ! એનું શું રહસ્ય હશે ? ભુતપ્રેત બનવાના કૉપીરાઇટ્સ માત્ર માણસને જ મળેલા હોવા જોઈએ. કદી કોઈ ગાય–ભેંસનો પ્રેતાત્મા કોઈએ જોયો નથી. કદી કોઈ માખી–મચ્છરનું ભુત થયાનું જાણ્યું કે સાંભળ્યું નથી. ભુત–પ્રેત શા માટે પશુ–પંખીઓને વળગતાં–પજવતાં નહીં હોય ? વીચાર તો કરો કે હાથીને કોઈ ચુડેલ વળગે તો શું પરીણામ આવે ? પતંગીયાને કોઈ પ્રેતાત્મા પજવે તો એ શું કરે? વીંછીને કેમ કોઈ ભુત કદી વળગતું નહીં હોય ?

મને લાગે છે કે ભુતપ્રેત વગેરે આપણી મનઘડંત વાહીયાત કથાઓ જ છે. એ વીશેના ખ્યાલો અને જાતજાતના ભય આપણા અસમ્પ્રજ્ઞાત ચીત્તમાં સતત ભરાતા રહે છે એટલે કદાચ સાઈકોલૉજીનો એ પ્રભાવ હોઈ શકે. ભુત–પ્રેત વીશેની કેટકેટલી કલ્પનાઓ આપણે કરી રાખી છે ! એ અદૃશ્ય હોવાનુંય કહેવાય છે અને એ આકારો બદલી શકે છે એમ પણ કહેવાય છે. આવી અસંખ્ય ભ્રાંતીઓને કારણે આપણને વીવીધ સ્વરુપે અથવા અદૃશ્યરુપે

એવા પ્રેતાત્માઓ દેખાતા હોય છે. ઘણા લોકો એમ પણ કહે છે કે જ્યાં ભુતપ્રેત હોય ત્યાં ભડકા થાય, મોટા ભાગનાં ભુત આમલીના વૃક્ષ પર જ રહે છે. આપણી આવી એન્ડલેસ ભ્રાંતીઓનાં કુંડાળાં ખુદ આપણે જ પેદા કર્યાં છે અને ખુદ આપણે જ એની સાઈકોલૉજીક્લ ઉપાધીઓથી પીડાતા રહીએ છીએ. એમાં પાછા ભુવાઓ અને મન્ત્ર–તન્ત્રનાં જુઠાણાં પણ જોડતા રહીએ છીએ. એક ગેરસમજ કે અન્ધશ્રદ્ધા પેદા કરીએ, એટલે એની પાછળ આખી માયાવી–કાલ્પનીક દુનીયા પણ રચવી પડે. જો આવા વાહીયાત ખ્યાલો–ભ્રાંતીઓના ચક્કરમાંથી છુટી શકાય તો **નો પ્રૉબ્લેમ.**

♦

અનુક્રમણીકા

**25-2015-03-04**

# ...તો એ ધર્મના ખોળામાંથી તરત ઉભા થઈ જજો

એ કોઈ એક જ બાજુથી સત્યને જોવા–સમજવાનો પ્રયત્ન કરનારો છે. એ પોતાની આંખો પર અંગત માન્યતાઓ અને પુર્વગ્રહોની પટ્ટીઓ બાંધી દઈને, સ્વેચ્છાએ અન્ધાપો સ્વીકારનારો છે. બીજા ધર્મગ્રંથોમાં વધારે સારી અને વધારે સાચી વાત કહેલી હશે તોય એ નહીં જ સ્વીકારે. કોઈ પુછશે કે એમાં ખોટું શું છે ? પોતાના ધર્મને વફાદાર રહેવામાં શો વાંધો ?

વાંધો અહીં વફાદારી સામે છે જ નહીં. વફાદારી તો સ્વયમ્ ધર્મ છે. એની સામે શાનો વાંધો ? વાંધો તો પેલી જડતા સામે છે. બીજો કોઈ ધર્મગ્રંથ વાંચવાનો જ નહીં, એમાં રજુ થયેલાં સવાયાં સત્ય સ્વીકારવાનાં જ નહીં, પોતાના ધર્મ સીવાયના અન્ય તમામ ધર્મો ઉણા–અધુરા અને ખોટા છે એમ માનીને એની આભડછેટ પાળવી; આ બધી સંકુચીતતાઓ અને જડતાઓ સામે વાંધો છે.

ધર્મ આપણને ખુલ્લા મનના થવા દે એવો હોવો જોઈએને ! ધર્મ આપણા મસ્તીષ્કને બંધીયાર અને અવાવર બનાવનારો થોડો હોય ? અન્ય ધર્મો પ્રત્યે સદ્ભાવ રાખવામાં આપણા ધર્મ પ્રત્યેની વફાદારી ક્યાં ખતરામાં પડી જાય છે ? તમે બીજા ધર્મ પ્રત્યે સમભાવ ભલે ન રાખી શકો, સદ્ભાવ તો રાખી જ શકો ને ! બીજા ધર્મને ભલે તમે તમારા ધર્મની સમાન ન માનો; છતાં એ ધર્મ પ્રત્યે–એ ધર્મમાં, શ્રદ્ધા રાખનારાઓ પ્રત્યે સદ્ભાવ જરુર રાખો. અને જો તમારો ધર્મ તમને એટલું કરવાની છુટ ન આપતો હોય તો, તમે

તમારા એ તથાકથીત ધર્મના ખોળામાંથી તરત જ ઉભા થઈ જાવ એ તમારા હીતમાં છે.

ક્યારેક આના કરતાં સાવ વીપરીત પરીસ્થીતી જોવા મળે છે. કેટલાક તથાકથીત ભક્તો કોઈ એક સમ્પ્રદાય કે ઈશ્વરને માનવાને બદલે જ્યાંથી વધારે અને જલદી લાભ મળવાની સમ્ભાવના દેખાય ત્યાં કીર્તન કરવા કતારમાં ખડા રહી જાય છે. એમની શ્રદ્ધા ભારે લપસણી હોય છે. જ્યાં લાલચ સાકાર થતી હોય ત્યાં લપસી પડવા એ તત્પર રહે છે. ક્યારેક ચુંદડી ચઢાવશે તો ક્યારેક ચાદર ચઢાવશે, ક્યારેક શ્રીફળ વધેરશે તો ક્યારેક બલી ચઢાવશે. ક્યારેક માળા ફેરવશે તો ક્યારેક ડુંગર ચઢશે, ક્યારેક નદીમાં ડુબકી મારશે તો ક્યારેક બ્રહ્મચર્ય પાળશે, ક્યારેક ધુપ–દીવા કરશે તો ક્યારેક અભીષેક કરશે. કાંઈ પણ કરવા એ હરપલ તૈયાર રહે છે. બસ, એમ કરવાથી કંઈક લાભનાં એંધાણ વર્તાવાં જોઈએ. ક્યારેક સાંઈબાબા તો ક્યારેક સન્તોષી માતા, ક્યારેક હનુમાનજી તો ક્યારેક ઘંટાકર્ણ, ક્યારેક શંકર તો ક્યારેક બુદ્ધ ! ઘણા ભક્તો તો ઈષ્ટદેવ પાસે લાઈફ પાર્ટનર મેળવવા જતા હોય છે ! કોઈને નોકરી જોઈએ છે તો કોઈને તરક્કી જોઈએ છે. કોઈકને સન્તાન જોઈએ છે તો કોઈકને રોગમુક્તી જોઈએ છે. જ્યાંથી આ બધું મળી શકવાની સમ્ભાવના દેખાય ત્યાં જઈને એ આળોટવા મંડી પડે છે.

## આ પણ વાહીયાત અને વ્યર્થ પ્રયોગ છે.

કોઈ પણ પરમતત્ત્વ પાસે અંગત સ્વાર્થની ચીજ માગીએ તો એ એનું ઈન્સલ્ટ કર્યું કહેવાય. પરમ તત્ત્વ જો હોય અને આપણે તેને જેટલું મહાન માનીએ છીએ તેટલું મહાન એ તત્ત્વ હશે તો આપણા હજાર અપરાધો માફ કરીનેય, એ કૃપા કરશે અને જો એનું અસ્તીત્વ જ નહીં હોય તો લાખ વખત માથાં પટકવા છતાં કશું મળવાનું નથી.

જે ધર્મગ્રંથ આપણા પોતાના પર વીશ્વાસ કરવાનું શીખવાડે એ જ સાચો ધર્મગ્રંથ છે. તમને ઈશ્વર પર શ્રદ્ધા છે કે નહીં તે એટલું ઈમ્પોર્ટન્ટ નથી; પણ તમને ખુદ તમારા પર શ્રદ્ધા હોય એ ઈમ્પોર્ટન્ટ બાબત છે. ઈશ્વર કાલાવાલા કરનારને ચાહે કે કર્મવીરને ચાહે ? ઈશ્વર બાધાઓનાં વળગણોને પકડી રાખનારને વરદાન આપે કે પછી પોતાના માર્ગની બાધાઓ (અડચણો) દુર કરવાનું સામર્થ્ય ધરાવનારને વરદાન આપે ?

પોતાના ધર્મ પ્રત્યે મમભાવ જાળવી રાખીને, બીજાના ધર્મ પ્રત્યે સદ્ભાવ રાખી શકાય તો **નો પ્રૉબ્લેમ...!**

અનુક્રમણીકા

